# લઘુ અધ્યાત્મસાર

-ગ્રંથકાર

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજ

-અનુવાદ વિવેચન

વિદ્વદ્વર્ય પ.પૂ.આ.ભ. શ્રી અજિતયશાસૂરીશ્વરજી મ.સા.

# લઘુ અધ્યાત્મસાર

-ગ્રંથકાર
ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજ

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી આત્મ-કમલ-લબ્ધિ-વિક્રમસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

□ આશિર્વાદ :—
શ્રી લબ્ધિ-વિક્રમ ગુરૂપટ્ટરત્ન શ્રધ્ધેય
પ.પૂ.આ.ભ. શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.
તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી પદ્મયશસૂરીશ્વરજી મ.સા.

□ અનુવાદ :—
વિદ્વદ્વર્ય પ.પૂ.આ.ભ. શ્રી અજિતયશસૂરીશ્વરજી મ.સા.

□ પ્રકાશક :—
શ્રી લબ્ધિ-વિક્રમ શાસન સેવા ટ્રસ્ટ-મુંબઇ.

# અંતરના આશિષ

માઁ સરસ્વતી એ જેમને ગંગાકાંઠે
વરદાન આપ્યું છે એવા...
કાશીના સમસ્ત પંડિતોએ જેમને
ન્યાય વિશારદનું
બિરૂદ આપ્યું છે એવા...
જૈન પરંપરામાં જે
લઘુ હરિભદ્રસૂરિ તરીકે
ઓળખાયા છે એવા...
બહુશ્રુત પૂ. ઉપાધ્યાયજી મ.સા.
**શ્રીમાન્ યશોવિજયજી મ.સા.**ના
અધ્યાત્મની પરિભાષાના
પરિચાયક સમા
અધ્યાત્મસાર ગ્રંથ ઉપર ૪૦૦ વર્ષમાં
ઘણાં ગ્રંથો લખાયા-વિવેચનો લખાયા
અને આજે/ય આ ગ્રંથ-નિર્ગ્રંથ
પરંપરામાં શ્રદ્ધેયને ઉપાસ્ય છે.

બાલ દીક્ષિત ને કો'ક જન્માંતરીય શિક્ષિત

**આચાર્ય વિજય અજિતયશસૂરિજી ને**

સાવ નાના બાલમુનિ હતાં ત્યારથી

આ ગ્રંથનું આકર્ષણ રહ્યું છે.

ન્યાય કાવ્ય વ્યાકરણના બારમાસી અધ્યયનમાં ને

આગમિક ગ્રંથોના પઠન-પાઠન વચ્ચે'ય

આ ગ્રંથું દોહન ને રટન એમનું અખંડ રહેતું...

આ ગ્રંથને ધરી બનાવી એમણે

એને ખૂબ રટ્યો-ઘૂંટ્યો ને માણ્યો છે...

અધ્યાત્મસાર એમનો પ્રિયગ્રંથ રહ્યો છે...

૧૨૦૦ શ્લોક પ્રમાણ આ મહાગ્રંથમાંથી

મંથન કરી કરીને એમણે માખણશા

૩૦૦ શ્લોક તારવ્યા...

આ તારવણ બધાને ખૂબ ગમ્યું...

ઉપયોગી લાગ્યું...

કેમકે ૩૦૦ શ્લોકમાં ૧૨૦૦ શ્લોકની

ઝલક પુરેપુરી જળવાઇને વરતાઇ છે.

એટલે જ આ અધ્યાત્મસારનું નામ.

અધ્યાત્મસાર સાર રાખીયે તો'ય
ચાલી જ શકે...પણ...
પુરાતન અધ્યાત્મસાર નામનો આ મહાગ્રંથ
નૂતન લઘુ અધ્યાત્મસાર નામે
આજે પ્રકાશિત થઇ રહ્યો છે...
મુમુક્ષુઓ માટે...અભ્યાસીઓ માટે...મોક્ષાર્થીઓ માટે...
આ ગ્રંથ ગાગરમાં સાગરનો લાભ લઇ જશે...
પ્રાન્તે...આ અધ્યાત્મસાર
આગમ અનુસાર જીવન જીવવાના...
સંકેત સંકલ્પને સામર્થ્ય આપે એ જ
અપેક્ષા...
ને વિદ્વાન આચાર્ય શ્રી પોતાની વિશિષ્ટ મેધાનો,
ક્ષયોપશમનો લાભ...સંઘને આવા મહાગ્રંથોના
મંથનથી...નવા સર્જનથી...
સંપાદનથી...શીઘ્રતાથી
સદા આપે એ જ

આશિષ...
લિ...આ. યશોવર્મસૂરિ

## પુસ્તક લાભાર્થી

**ઉદારદિલ**

**શ્રીમાન ગુરૂભક્ત**

# જીગરભાઇ ભરતભાઇ શાહ

**પરિવાર**

**સરેલાવાડી–સુરત.**



# અંતરની વાત...

વિ.સં. ૨૦૫૯માં સંભવનાથ પ્રભુની શીતલછાયામાં કાર્ટર રોડ, બોરીવલી ચાતુર્માસ થયું...ચાતુર્માસ દરમીયાન પ્રવચનમાં શ્રદ્ધેય પ્રવચન પ્રભાવક **પૂ.આ.ભ. શ્રી યશોવર્મસૂરિ મ.સા.**ની તાત્વિક સાત્વિક અને રસાળ વાણી **પૂજ્યપાદ ઉપાધ્યાયજી યશોવિ. મ.સા.**ની સારગ્રાહી કલમથી શાસ્ત્રોના નિચોડ જેમાં ઠલવાયા છે...તેવા અધ્યાત્મસારગ્રંથ ઉપર વહી...

ઉપાધ્યાયજી મ.સા. ના એ ગ્રંથરત્નપર પ્રતિદિન ચિંતન મનન થતા શ્રમણ જીવનના અભ્યાસકાળમાં ઘુંટાતા આ ગ્રંથ રત્ન ઉપર અનુવાદ કરવાની ભાવના જાગી...

આમ તો...સંસ્કૃત ટીકા અને અનેક અનુવાદો. આ ગ્રંથના

થયા છે...પણ...શ્રમણ જીવનના અભ્યાસમાં...ઉપયોગી થાય ને...૧૨૦૦ જેટલા શ્લોકોથી વિશાળ કાય આ ગ્રંથ, સારના પણ સાર રૂપે...ઘુંટી શકાય તે માટે...૩૦૦ જેટલા શ્લોકમાં સમાય તેવા **લઘુ અધ્યાત્મ સાર**નો અનુવાદ કરવાનો...મનોરથ પાકો થયો...અને શાસનના કાર્યો, વિહાર, વાચનાદિની, વ્યસ્તતામાં સમય થોડો નીકળી ગયો...પણ **અધ્યાત્મસાર**ના સારભૂત પદાર્થો સતત અનુપ્રેક્ષાનો કબજો કરતા જ રહ્યા.

એક શુભ મંગલ પળે...અનુવાદનો પ્રારંભ થયો...ને જોગાનુજોગ...

**લબ્ધિવિક્રમ પટ્ટરત્ન**...શ્રદ્ધેય, સમતાનિધિ
પૂજ્યપાદ આચાર્ય ભગવંત
**શ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજા** તથા
**લબ્ધિવિક્રમ પટ્ટ પ્રદ્યોતક** તપસ્વીરત્ન, સંયમૈકનિષ્ઠ,
પૂજ્યપાદ ગુરૂભગવંત
**શ્રી પદ્મયશસૂરીશ્વરજી મહારાજાને**
સંયમ જીવનની અર્ધશતાબ્દીમાં પ્રવેશ થઇ રહ્યો છે.
ત્યારે...એ બન્ને ઉપકારી પૂજ્યોને
દીક્ષા જીવનના ૫૦માં વર્ષે આ ગ્રંથરત્ન સમર્પણ

કરવાનો અમૂલ્ય અવસર મને પ્રાપ્ત થયો છે...
બાલ્યકાળમાં સ્વાધ્યાય ને જ્ઞાનનો
અનેકવાર જેમની પાસે આનંદ પ્રાપ્ત થયો છે,
તેવા...જૈનોદ્ધાર જીર્ણોદ્ધારના પુરસ્કર્તા...
અનેક તીર્થોદ્ધારક...
વિદ્વત્ શિરોમણી **પૂ.આ.ભ. રાજ્યશસૂરીશ્વરજી મ. સાહેબે..**
મારા સ્વાધ્યાય માટે અધ્યાત્મસારમાંથી સારરૂપે...
**લઘુ અધ્યાત્મ સાર**ના શ્લોકોનું ચયન કર્યું હતુ...
એમના ઉપકારને પણ એ **પૂજ્યશ્રીના ૫૦માં સંયમ વર્ષની પૂર્ણાહૂતિએ** કૃતજ્ઞ ભાવે સ્મરૂં છું...
અનુપ્રેક્ષાના અમૃતકુંભથી થોડા વધુ શ્લોકોનું
એમાં...મે પણ સંચયન કર્યું...
અધ્યાત્મસારનો આ સ્વાધ્યાય...
દિન દિન નવા નવા ઉન્મેષો...
અનેકવિધ નયો...અને...અનેકવિધ સમાધાનો
આપવા માટે સક્ષમ છે...
આજના યુગમાં...ચાલતી અનેક, દાર્શનિક, અને...
માર્ગ સંબંધી કે માર્ગથી થોડી...ક દૂર ગયેલી

પરંપરાના સમાધાનો અને સત્યો...ના દિગ્દર્શન
આ ગ્રંથમાંથી આજે પણ મળે છે...
એટલી સમૃદ્ધ ને સબળ ઉપાધ્યાયજી મ. ની
આ કૃતિ છે. આ **લઘુ અધ્યાત્મ સાર** અનુવાદની...
સુંદર, વિદ્વત્તાપૂર્ણ અને રસાળ પ્રસ્તાવના આ **લઘુ**
**અધ્યાત્મ સારના દઢ** સ્વાધ્યાયી મારા વિદ્વાન્ શિષ્ય
**મુનિરાજ શ્રી સંસ્કારયશવિજયજી** એ લખી છે.
પ્રાંતે...આ ગ્રંથ એ **અધ્યાત્મનો સાર** છે... ને
સંયમનો સાર સ્વાધ્યાય છે...**સંયમના સાર સ્વાધ્યાય**
થી **અધ્યાત્મ સાર**ને ઘુંટનારને તેનો ય સાર
**સમતા** પ્રાપ્ત થાય છે...જે...એને...
સમવસરણ અને સિદ્ધશિલા સુધી દોરી જાય છે...
સર્વે જીવોને આ સર્વ પ્રાપ્ત થાય એજ ભાવનાથી
અણુપરમાણું શિવ બની જાઓ...
આખા વિશ્વનું મંગલ થાઓ...
સર્વે જીવો મોક્ષે જાઓ...
એ પ્રાર્થના સહ વિરમુ છું.

***ગુરૂવિક્રમકૃપાકાંક્ષી વિજય અજિતયશસૂરિ***

# પ્રાસ્તાવિકમ્... 

કર્મયોગ, જ્ઞાનયોગ અને ધ્યાનયોગના અનુક્રમે અભ્યાસ, અવલંબન અને આરોહણ દ્વારા મુક્તિનો સંયોગ કરાવી દેનાર અધ્યાત્મ યોગ એ ઉપરોક્ત સર્વમાં પ્રક્રિયારૂપે અને પરિપાકરૂપે વિસ્તરેલો છે...

આવા અધ્યાત્મયોગની પરિભાષાઓને અનુપમ શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિના તેજથી ઝળહળતી કરી મુમુક્ષુ જનના મુક્તિપથમાં પ્રકાશ પાથરનારા અધ્યાત્મયોગીશ્વર મહામહોપાધ્યાય **ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા**ની એક અમર કૃતિ એટલે જ **અધ્યાત્મસાર...**

અધ્યાત્મસાર...એને એક ગ્રંથનું નામ કહેવું કે એક આત્મસાધક નિર્ગ્રંથની સાધનાનું ધામ કહેવું...એતો એનું અનુભૂતિના લક્ષ્યથી અધ્યયન કરનારે જ સમજવું રહ્યું....

પરંતુ...એ નિઃશંક છે કે આ ગ્રંથ સાધક માત્રને અનુભૂતિના આકાશમાં વ્યવહારની અને નિશ્ચયની, જ્ઞાનની અને ક્રિયાની, તર્કની અને શ્રદ્ધાની, એમ બન્ને પાંખ પ્રદાન કરી મુક્ત ઉડ્ડયન કરાવે છે.

અધ્યાત્મ માહાત્મ્યાધિકારથી પ્રારંભી આત્માનુભવાધિકાર સુધી વિસ્તરેલી આ અધ્યાત્મ પરિભાષાઓએ અધ્યાત્મવિશ્વના એકે ય ખુંણાને પ્રાયઃ સ્પર્શવાનો કે વિમર્શવાનો બાકી નથી રાખ્યો...

આ ગ્રંથમાં પ્રથમ **અધ્યાત્મમહાત્મ્યાધિકારમાં** અધ્યાત્મના શિખરપર આરૂઢ થયેલા ભગવાન શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીને સુંદર કલ્પના અને ઉપમાઓથી સ્તવ્યા છે. ભૌતિક સુખને બિંદુની અને અધ્યાત્મ સુખને સિંધુની ઉપમા આપી અધ્યાત્મ સુખના બે મુખે ગુણગાન ગાતા આ મહાપુરૂષે આ અધ્યાત્મસાર ગ્રંથના પદાર્થોને અધ્યયન કરવા યોગ્ય, ચિંતન કરવા યોગ્ય, અનુષ્ઠાન કરવા યોગ્ય અને અંતે સુયોગ્ય આત્માઓને પ્રદાન કરવા યોગ્ય જણાવી ગ્રંથતરફનું અદકેરૂં આકર્ષણ સાધકના અંતરમાં નિહિત કર્યું છે.

પ્રથમાધિકાર બાદ બીજો અધિકાર છે **અધ્યાત્મસ્વરૂપાધિકાર.** અધ્યાત્મનું વર્ણન કરવું એટલે સાગરને ગાગરમાં સમાવવો પણ તે છતાંય અધ્યાત્મના દુર્ગમ લોકને માત્ર ૨૭ શ્લોકમાં સમાવી લેવાનું અજોડ કાર્ય શ્રી ઉપાધ્યાયજી ભગવંતે આ અધિકારમાં કર્યું છે. અધ્યાત્મની વ્યાખ્યા,

નિશ્ચયનયથી અને વ્યવહારનયથી અધ્યાત્મયોગના અધિકારીનું વર્ણન, જ્ઞાન અને ક્રિયારૂપ અધ્યાત્મયોગનું દ્વૈવિધ્ય ઇત્યાદિ અનેક પદાર્થો આ અધિકારમાં અત્યંત સુંદર રીતે વર્ણવ્યા છે.

ત્રીજા **દંભત્યાગાધિકારમાં** મુક્તિમાર્ગમાં દંભદોષ કેવો બાધક છે તે વિવિધ ઉપમાઓથી જણાવ્યું છે. મૂલોત્તર ગુણ પાલનમાં અસમર્થ સાધુને અશઠ ભાવે જીવન જીવવાનું માર્ગદર્શન, જિનેશ્વર દેવોની આજ્ઞામાં રહેલો અનેકાન્ત અને દંભલેશની ભયાનકતા સમજાવવા શ્રી મલ્લીનાથ પ્રભુનું દૃષ્ટાંત વિગેરે બોધક પદાર્થો સુંદર રીતે સમજાવી દંભ ત્યાગનો સુંદર ઉપદેશ આપ્યો છે.

શિખરિણી છંદમાં રચાયેલો ચતુર્થ **ભવસ્વરૂપાધિકાર** સુંદર ઉપમા, કલ્પના અને રચનાના ત્રિવિધ સૌંદર્યથી શોભે છે. ભવની ભયાનકતાને અનેક રીતે જણાવતા મહોપાધ્યાયજીએ આવા ભયપ્રચૂર સંસારમાં આત્મસ્વરૂપનું અનુસંધાન જ જીવને અભયદાની બને છે એમ કહ્યું છે.

એ પછી પંચમ અધિકાર **વૈરાગ્ય સંભવાધિકાર** નામનો છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ક્ષયોપશમવાળા સાધકને વૈરાગ્યની ભિન્ન ભિન્ન ભૂમિકાઓ કેવી રીતે સંભવે છે, નિકાચિત ભોગના ઉદયમાં પણ કાંતા દૃષ્ટિ સંપન્ન સાધકનો

ધર્મયોગ કઇ રીતે અખંડ પણે ઝળહળતો વર્તે છે, ઇત્યાદિ પદાર્થો એક નવીન તત્ત્વદૃષ્ટિ પ્રદાન કરે છે. માત્ર બાહ્યથી જ ઇન્દ્રિયોનું દમન કરી વિષય ત્યાગ કરનારા વૈરાગ્યવિહીન ત્યાગીઓના ત્યાગની અનર્થકારિતા વિગેરેનું સ્પષ્ટ ફરમાન આંતર વૈરાગ્ય સન્મુખ બનવા સાધકને પ્રેરણા આપે છે.

છટ્ઠો અધિકાર એટલે **વૈરાગ્યભેદાધિકાર.** દુઃખ ગર્ભિત, મોહ ગર્ભિત અને જ્ઞાનગર્ભિત એમ વૈરાગ્યના ત્રણ ભેદોના વિશદ વર્ણન દ્વારા આ અધિકારમાં પૂજ્યપાદ્ ઉપાધ્યાય યશોવિજયજી એક સચોટ મનોવૈજ્ઞાનિક રૂપે ભાસે છે.

**વૈરાગ્ય વિષયાધિકાર** નામના સાતમા અધિકારમાં પાતંજલ મતમાં કહેલા અપર અને પર એમ દ્વિવિધ વૈરાગ્યનું જૈન દૃષ્ટિથી વર્ણન કરાયું છે.

આઠમાં **મમતાત્યાગાધિકાર** માં વૈરાગ્યને સ્થિર કરનાર નિર્મમભાવ ઉપર સુંદર પ્રકાશ પાથર્યો છે.

એ પછીના **સમતાધિકારના** માત્ર ઓગણીશ જ શ્લોકમાં મહોપાધ્યાયજીએ સમત્વ યોગનું અદ્ભૂત વર્ણન અને કીર્તન કર્યું છે. આ શ્લોકોનું પરિશીલન કર્યા બાદ સમતાને જ સર્વશ્રેષ્ઠ ગુણ તરીકે અને મોક્ષપ્રાપક કારણ તરીકે જાણ્યા પછી સાધકના ચિત્તમાં સમતાનુ અનોખુ આકર્ષણ થાય છે.

દશમા **સદનુષ્ઠાનાધિકારમાં** વિષ, ગરાદિ પાંચ અનુષ્ઠાનો વર્ણવ્યા છે. ચરમાવર્તી જીવોનું તદ્ધેતુ અનુષ્ઠાન, અનુષ્ઠાનના આદરાદિ પાંચ લક્ષણ, શમ, સંવેગાદિનું વર્ણન, અને ઇચ્છાદિયોગ રહિતને કાયોત્સર્ગાદિ સૂત્રોનાં દાનની અનર્થકારિતા વિગેરે પદાર્થો સુંદર છે.

**મનઃશુદ્ધિ** નામના અગિયારમાં અધિકારમાં મનઃ શુદ્ધિ માટેની સુંદર પ્રેરણા કરાઇ છે.

બારમાં **સમ્યકત્વાધિકારમાં** તાત્વીક મનશુદ્ધિ માટે સમ્યગ્દર્શનની અનિવાર્યતા, આત્માને એકાન્તે નિત્ય માનનારા કે એકાન્તે અનિત્ય માનનારા એવા દર્શનોને હિંસાદિ દોષ ન માનવાની આપત્તિની તર્કપુરસ્સર ચર્ચા કરાઇ છે. આ આખોય અધિકાર મિથ્યામતોની સમાલોચના અને સમ્યગ્દર્શન અને તેના ભેદોની વિવેચનાથી ભરપુર છે.

**મિથ્યાત્વત્યાગ** નામના તેરમાં અધિકારમાં મિથ્યાત્વનો ત્યાગ જ શુધ્ધ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ છે. દાર્શનિક પદાર્થોની રૂચીવાળા વિદ્વાનો અને જિજ્ઞાસુઓ માટે આ અધિકાર મનનીય છે.

ચૌદમો અધિકાર **અસદ્ગ્રહ ત્યાગાધિકાર** અંતરમાં રહેતા અભિનિવેશના દાવાનળનું શમન કરવા જલધોધનુ કામ કરે

છે. વ્રતપાલનાદિમાં નિષ્ઠ આત્મા પણ જો ખોટા આગ્રહથી યુક્ત હોય તો એની એ નૈષ્ઠિકતા પણ કલ્યાણ કરવા સમર્થ નથી બનતી વિગેરે જબરદસ્ત નિરૂપણ આ અધિકારમાં છે.

પંદરમો **યોગાધિકાર** કર્મયોગ અને જ્ઞાનયોગનું સુપેરે વર્ણન કરી, સમત્વારોહણ કરનાર સાધકની આત્મસ્થિતિનું વર્ણન કરે છે. આ અધિકાર પણ સાધકજનને પ્રેરણા પીયૂષનુ પાન કરાવે છે.

યોગાધિકાર પછી સોળમો **ધ્યાનાધિકાર** ભાવના, ચિંતા અને અનુપ્રેક્ષા એમ ત્રિવિધ ધ્યાનને વર્ણવે છે. આર્ત, રૌદ્ર ધર્મ અને શુકલ એમ ચાર ધ્યાનોનું પણ અહીં વિસ્તારથી વર્ણન કર્યું છે.

ધ્યાનયોગનું સાધકના જીવનમાં કેવું મહત્વ છે એ ઉપાધ્યાયજી ભગવંતે **ધ્યાન સ્તુતિ અધિકારના** માધ્યમે કરેલી ધ્યાનની સ્તુતિ દ્વારા જ જણાય છે.

૧૮માં **આત્મનિશ્ચયાધિકારથી** છઠ્ઠા પ્રબંધનો પ્રારંભ થાય છે. આત્મતત્વને લગતા અનેકાનેક પદાર્થોનું આ અધિકારમાં વિશદ અને તલસ્પર્શી વર્ણન છે. વ્યવહારનય- નિશ્ચયનય, દ્રવ્યલિંગ-ભાવલિંગ વિગેરે ઘણા વિષયોને ૧૯૬ ગાથામાં મહોપાધ્યાયજીએ આ અધિકારમાં આવરી લીધા છે.

સર્વજ્ઞ શાસનના આવા અપૂર્વ પદાર્થોની રસલ્હાણ કરીને ધન્યતા અનુભવનારા, સ્યાદ્વાદ સુધાસ્રોતમાં નિમજ્જન કરી પરમતૃપ્ત બનનારા બનાવનારા મહામહોપાધ્યાયજીએ ઓગણીશમાં **જિનમત સ્તુતિ** અધિકારમાં જિનમતની સ્તુતિ કરી છે. સ્યાદ્વાદ રૂપી કલ્પતરૂની અહીં અનેકાનેક ઉપમાઓથી સ્તવના કરી છે, તો ષટ્દર્શનની ઉદ્ગમ ભૂમિ વિવિધ નયોનું એક સાથેનું પરસ્પર અવિરોધી સૌંદર્ય ધરાવતા જૈન દર્શનની જ અહીં એક માત્ર ઉપાદેયતા પણ દર્શાવી છે.

વીસમાં **અનુભવસ્વરૂપાધિકારમાં** ચિત્તની ક્ષિપ્ત વિક્ષિપ્તાદિ પાંચ અવસ્થાઓનું, નિરાલંબનયોગનું, બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્મા એમ અવસ્થાત્રયનું સુંદર વર્ણન-વ્યાખ્યા કર્યા છે. સૌથી વિશેષ તે આ અધિકારમાં છેલ્લા આઠેક શ્લોકમાં પૂજ્ય ઉપાધ્યાયજી ભગવંત તરફથી સાધકને મળેલી Short & Sweet But Super Hit હિતશિક્ષાઓ છે.

અંતિમ અધિકાર...મહામહોપાધ્યાય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી મહારાજાની આ દુર્ગમ ગ્રંથસર્જન યાત્રાનો અંતિમ પડાવ એટલે **સજ્જનસ્તુતિ અધિકાર** સજ્જન જનની સ્તુતિ અને દુર્જન મનની મનઃસ્થિતિનું અહિં સ્પષ્ટ

વર્ણન કરી અધ્યાત્મ રૂચિ સંપન્ન આત્માઓને આ ગ્રંથ આત્માનંદદાયી બનો એવી ભવ્ય ભાવના સાથે તેઓ શ્રીમદે આ મહાગ્રંથનો ઉપસંહાર કર્યો છે.

**–ગ્રંથકાર મહર્ષિ શ્રી મહોપાધ્યાયજી**

શ્રી તીર્થંકર ભગવંતોની વાણી સાક્ષાત્ આગમોમાં ગુંથાયેલી છે. અધ્યાત્મરસથી છલોછલ આ અધ્યાત્મસાર ગ્રંથ ભલે આગમ ગ્રંથ નથી પણ પ્રભુની વાણીના એક એક રહસ્યોને સમજાવતો જિનવચનનો પરમાર્થ બોધક આ ગ્રંથ મહોપાધ્યાયજીની એક અમરકૃતિ છે. ને માટે જ પ્રત્યેક સાધક કે જિજ્ઞાસુ માટે આ ગ્રંથનું અવગાહન અનિવાર્ય છે. ઐતિહાસિક દૃષ્ટિએ આશરે ૩૫૦ વર્ષ પૂર્વે થયેલા **મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા** જગદ્ગુરૂ હીરસૂરીશ્વર મહારાજાના ગચ્છગગનમાં સૂર્ય સમાન હતા. જગદ્ગુરૂ પૂજ્યશ્રીના ૨૦૦૦ જેટલા વિરાટ શ્રમણ વૃંદમાં અનેક વિદ્વાન મહાત્માઓ હતા, પરંતુ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સૌમાં અજોડ કક્ષાના હતા. એમ કહી શકાય કે આટલું અદ્ભૂત શાસ્ત્રજ્ઞાન ધરાવનાર અને તેની અભિવ્યક્તિ કરનાર તેમના પછી કોઇ થયું નથી. આજે પૂર્વાચાર્યો રચિત ઉપલબ્ધ ગ્રંથ સંખ્યામાં સૌથી વધારે લગભગ ૩૫૦ જેટલા એમના ગ્રંથો ઉપલબ્ધ હશે.

તે કાળના કાશીના ધુરંધર વિદ્વાન પંડિતોએ મળીને તેમને ન્યાયવિશારદનું બિરૂદ આપ્યું હતું.

તેઓશ્રીની કૃતિઓમાં તેમણે અમુક ગ્રંથો નામથી તો અમુક ગ્રંથો શ્લોક સમૂહોના પ્રકરણોની સંખ્યાસૂચક નામદ્વારા જુદા પાડ્યા. દા.ત. અંતમાં 'રહસ્ય' શબ્દ આવે તેવા **નયરહસ્ય, ઉપદેશરહસ્ય, પ્રમારહસ્ય, ભાષારહસ્ય** વિગેરે.

તો અમુકમાં નામના અંતે '**સાર**' શબ્દ આવે તેવા **જ્ઞાનસાર, અધ્યાત્મસાર** આદિ...'**પરીક્ષા**' શબ્દ અંતમાં આવે તેવા **આધ્યાત્મિકમતપરીક્ષા, અધ્યાત્મમતપરીક્ષા, ધર્મપરીક્ષા** ઇત્યાદિ...તો શ્લોક સંખ્યા સૂચક **ષોડશક, વિંશિકા** વિગેરે.

યદ્યપિ અધ્યાત્મસાર ગ્રંથના પ્રત્યેક અધિકાર અને તેના પ્રત્યેક શ્લોકો જિજ્ઞાસુ અને મુમુક્ષુ માટે ચિંતનીય અને મનનીય છે...છતાં પણ **સાત્ત્વિક ચેતના અને તાત્ત્વિક પ્રજ્ઞાના સ્વામી** ભવોદધિતારક પૂજ્યપાદ્ ગુરૂભગવંત આચાર્ય **ભગવંત શ્રી અજિતયશસૂરીશ્વરજી મહારાજાએ** અનુવાદિત કરેલા આ સંગૃહીત શ્લોકો પણ મહોપાધ્યાયજીની આ વિરાટ કૃતિને પુષ્પોની સુગંધને અત્તરમાં સંગૃહીત કરાયા તૂલ્ય છે, જેથી નિઃશંક અમૂલ્ય છે.

અને આમ પણ અનંત એવા અધ્યાત્મયોગને પણ જો સમર્થ તત્વજ્ઞ પૂજ્યપાદ ઉપાધ્યાયજી ભગવંત અધ્યાત્મસારના માધ્યમે અભિવ્યક્તિના તીરે ખેંચી લાવ્યા છે. તો એનો'ય સાર પૂજ્યપાદ ગુરૂ મહારાજે અહીં પ્રસ્તુત કર્યો છે.

પૂજ્યપાદ ગુરૂભગવંતશ્રીને ખૂબ પ્રિય એવો આ ગ્રંથ તેઓશ્રીએ વાચનાના માધ્યમે તો ખૂબ ઊંડાણથી પ્રકાશ્યો જ હતો, પરંતુ તાત્ત્વિક ને દાર્શનિક શ્લોકોને પણ અત્યંત સરળ શૈલીથી અનુવાદિત કરી તેઓશ્રી જ્યારે તત્વજિજ્ઞાસુ વર્ગ સમક્ષ આ ગ્રંથ પ્રગટ કરી રહ્યા છે ત્યારે શંખેશ્વર દાદા અને પૂજ્ય ગુરૂદેવોને એક જ પ્રાર્થના કરૂં છું કે આવા અનેક ગ્રંથોનું રહસ્ય પૂજ્યશ્રી પોતાના મોહનીયના ક્ષયોપશમ યુક્ત જ્ઞાનાવરણીયના The Best ક્ષયોપશમ બળે હજી પણ ભાવીમાં પ્રગટ કરતા જ રહે...અને વિકટ અધ્યાત્મ પથમાં આવતા આત્માર્થી જનના સંકટ હરે...જિનાજ્ઞા વિરૂદ્ધ કે પૂજ્યશ્રીના આશય વિરૂદ્ધ કંઇપણ લખાયુ હોય તો મિચ્છામિદુક્કડમ્...

**ગુરૂપાદપદ્મરેણુ સંસ્કારયશ વિજય...**

## અધ્યાત્મ માહાત્મ્યાધિકાર-૧


| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| ૪ | ૨ | ૧ |
| ૬ | ૩ | ૧ |
| ૭ | ૪ | ૨ |
| ૯ | ૫ | ૨ |
| ૧૪ | ૬ | ૨ |
| ૨૧ | ૭ | ૩ |
| ૨૩ | ૮ | ૩ |
| ૨૪ | ૯ | ૪ |


## અધ્યાત્મસ્વરુપાધિકાર-૨


| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૨ | ૧૦ | ૫ |
| ૩ | ૧૧ | ૫ |
| ૪ | ૧૨ | ૫ |
| ૫ | ૧૩ | ૬ |
| ૭ | ૧૪ | ૬ |
| ૧૨ | ૧૫ | ૭ |
| ૧૩ | ૧૬ | ૭ |
| ૧૪ | ૧૭ | ૮ |
| ૧૫ | ૧૮ | ૮ |

| | | |
|---|---|---|
| ૧૭ | ૧૯ | ૯ |
| ૨૭ | ૨૦ | ૯ |
| ૨૯ | ૨૧ | ૧૦ |

## દંભત્યાગઅધિકાર-૩

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૨૨ | ૧૧ |
| ૬ | ૨૩ | ૧૧ |
| ૮ | ૨૪ | ૧૧ |
| ૧૨ | ૨૫ | ૧૨ |
| ૧૩ | ૨૬ | ૧૨ |
| ૧૮ | ૨૭ | ૧૩ |
| ૧૯ | ૨૮ | ૧૩ |
| ૨૦ | ૨૯ | ૧૩ |

## ભવસ્વરુપ ચિન્તાધિકાર-૪

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૩૦ | ૧૫ |
| ૨ | ૩૧ | ૧૬ |
| ૨૨ | ૩૨ | ૧૬ |
| ૨૬ | ૩૩ | ૧૭ |
| ૨૭ | ૩૪ | ૧૮ |

## વૈરાગ્યસંભવાધિકાર-૫


| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૩૫ | ૧૯ |
| ૨ | ૩૬ | ૧૯ |
| ૩ | ૩૭ | ૨૦ |
| ૬ | ૩૮ | ૨૦ |
| ૯ | ૩૯ | ૨૦ |
| ૧૪ | ૪૦ | ૨૧ |
| ૧૫ | ૪૧ | ૨૨ |
| ૨૦ | ૪૨ | ૨૨ |
| ૨૨ | ૪૩ | ૨૩ |
| ૨૩ | ૪૪ | ૨૪ |
| ૨૭ | ૪૫ | ૨૪ |
| ૨૮ | ૪૬ | ૨૪ |
| ૨૯ | ૪૭ | ૨૫ |
| ૩૦ | ૪૮ | ૨૬ |
| ૩૧ | ૪૯ | ૨૬ |
| ૩૬ | ૫૦ | ૨૭ |


## વૈરાગ્યભેદાધિકાર-૬


| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૫૧ | ૨૯ |
| ૨ | ૫૨ | ૨૯ |
| ૭ | ૫૩ | ૩૦ |

| | | |
|---|---|---|
| ૮ | ૫૪ | ૩૦ |
| ૯ | ૫૫ | ૩૧ |
| ૧૨ | ૫૬ | ૩૧ |
| ૧૩ | ૫૭ | ૩૧ |
| ૧૪ | ૫૮ | ૩૨ |
| ૧૫ | ૫૯ | ૩૨ |
| ૧૬ | ૬૦ | ૩૩ |
| ૩૫ | ૬૧ | ૩૩ |
| ૩૬ | ૬૨ | ૩૩ |
| ૩૭ | ૬૩ | ૩૪ |
| ૩૮ | ૬૪ | ૩૪ |
| ૩૯ | ૬૫ | ૩૫ |
| ૪૦ | ૬૬ | ૩૫ |
| ૪૧ | ૬૭ | ૩૬ |
| ૪૨ | ૬૮ | ૩૬ |
| ૪૩ | ૬૯ | ૩૬ |
| ૪૪ | ૭૦ | ૩૭ |


## વૈરાગ્યવિષયાધિકાર-૭


| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૭૧ | ૩૮ |
| ૨ | ૭૨ | ૩૮ |
| ૨૨ | ૭૩ | ૩૯ |
| ૨૫ | ૭૪ | ૩૯ |
| ૨૬ | ૭૫ | ૪૦ |

## મમતાત્યાગાધિકાર–૮

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૭૬ | ૪૧ |
| ૨ | ૭૭ | ૪૧ |
| ૨૧ | ૭૮ | ૪૧ |
| ૨૨ | ૭૯ | ૪૨ |
| ૨૩ | ૮૦ | ૪૨ |
| ૨૬ | ૮૧ | ૪૩ |
| ૨૭ | ૮૨ | ૪૩ |

## સમતાધિકાર–૯

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૮૩ | ૪૫ |
| ૨ | ૮૪ | ૪૫ |
| ૩ | ૮૫ | ૪૬ |
| ૫ | ૮૬ | ૪૬ |
| ૧૦ | ૮૭ | ૪૭ |
| ૧૧ | ૮૮ | ૪૭ |
| ૧૩ | ૮૯ | ૪૮ |
| ૧૬ | ૯૦ | ૪૮ |
| ૨૩ | ૯૧ | ૪૯ |
| ૨૭ | ૯૨ | ૪૯ |
| ૨૯ | ૯૩ | ૪૯ |

## સદનુષ્ઠાનાધિકાર-૧૦

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૯૪ | ૫૦ |
| ૨ | ૯૫ | ૫૦ |
| ૩ | ૯૬ | ૫૦ |
| ૫ | ૯૭ | ૫૧ |
| ૭ | ૯૮ | ૫૧ |
| ૮ | ૯૯ | ૫૨ |
| ૧૬ | ૧૦૦ | ૫૨ |
| ૧૭ | ૧૦૧ | ૫૩ |
| ૨૦ | ૧૦૨ | ૫૩ |
| ૨૬ | ૧૦૩ | ૫૪ |
| ૨૭ | ૧૦૪ | ૫૪ |
| ૨૮ | ૧૦૫ | ૫૫ |
| ૨૯ | ૧૦૬ | ૫૫ |

## મન:શુદ્ધિ અધિકાર-૧૧

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૧૦૭ | ૫૭ |
| ૧૪ | ૧૦૮ | ૫૭ |
| ૧૫ | ૧૦૯ | ૫૮ |
| ૧૭ | ૧૧૦ | ૫૮ |
| ૧૮ | ૧૧૧ | ૫૯ |
| ૨૨ | ૧૧૨ | ૫૯ |

## સમ્યક્ત્વાધિકાર-૧૨

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૧૧૩ | ૬૦ |
| ૨ | ૧૧૪ | ૬૦ |
| ૯ | ૧૧૫ | ૬૧ |
| ૨૪ | ૧૧૬ | ૬૧ |
| ૨૭ | ૧૧૭ | ૬૨ |
| ૨૮ | ૧૧૮ | ૬૨ |
| ૩૭ | ૧૧૯ | ૬૩ |
| ૩૮ | ૧૨૦ | ૬૩ |
| ૩૯ | ૧૨૧ | ૬૩ |
| ૪૪ | ૧૨૨ | ૬૪ |
| ૪૬ | ૧૨૩ | ૬૫ |
| ૫૬ | ૧૨૪ | ૬૫ |
| ૫૭ | ૧૨૫ | ૬૬ |
| ૫૮ | ૧૨૬ | ૬૬ |

## મિથ્યાત્વત્યાગાધિકાર-૧૩

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૧૨૭ | ૬૭ |
| ૨ | ૧૨૮ | ૬૭ |
| ૩ | ૧૨૯ | ૬૭ |
| ૯ | ૧૩૦ | ૬૮ |
| ૧૦ | ૧૩૧ | ૬૯ |

| | | |
|---|---|---|
| १६ | १३२ | ६९ |
| २६ | १३३ | ७० |
| २७ | १३४ | ७२ |
| २८ | १३५ | ७३ |
| २९ | १३६ | ७५ |
| ३१ | १३७ | ७६ |
| ३३ | १३८ | ७७ |
| ३८ | १३९ | ७८ |
| ४५ | १४१ | ७९ |
| ५६ | १४२ | ८० |
| ५९ | १४३ | ८० |
| ६० | १४४ | ८१ |
| ६१ | १४५ | ८१ |
| ६२ | १४६ | ८२ |
| ६३ | १४७ | ८२ |
| ६७ | १४८ | ८४ |
| ६८ | १४९ | ८५ |
| ६९ | १५० | ८६ |
| ७० | १५१ | ८६ |
| ७१ | १५२ | ८७ |
| ७२ | १५३ | ८९ |
| ७३ | १५४ | ९० |
| ७६ | १५५ | ९० |
| ७८ | १५६ | ९१ |
| ८२ | १५७ | ९२ |

| | | |
|---|---|---|
| ૮૩ | ૧૫૮ | ૯૨ |
| ૮૮ | ૧૫૯ | ૯૩ |
| ૮૯ | ૧૬૦ | ૯૩ |

## અસદ્ગ્રહત્યાગ અધિકાર-૧૪

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧૬૦ | ૧ | ૯૫ |
| ૧૬૧ | ૭ | ૯૫ |
| ૮ | ૧૬૧ | ૯૬ |
| ૧૨ | ૧૬૨ | ૯૬ |
| ૧૮ | ૧૬૩ | ૯૭ |
| ૨૨ | ૧૬૪ | ૯૭ |

## યોગાધિકાર-૧૫

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૧૬૫ | ૯૮ |
| ૨ | ૧૬૬ | ૯૮ |
| ૩ | ૧૬૭ | ૯૯ |
| ૪ | ૧૬૮ | ૯૯ |
| ૫ | ૧૬૯ | ૧૦૦ |
| ૭ | ૧૭૦ | ૧૦૦ |
| ૧૭ | ૧૭૧ | ૧૦૦ |
| ૧૯ | ૧૭૨ | ૧૦૧ |
| ૨૦ | ૧૭૩ | ૧૦૧ |
| ૨૪ | ૧૭૪ | ૧૦૨ |

| | | |
|---|---|---|
| ૨૬ | ૧૭૫ | ૧૦૨ |
| ૬૩ | ૧૭૬ | ૧૦૩ |
| ૬૬ | ૧૭૭ | ૧૦૩ |
| ૭૬ | ૧૭૮ | ૧૦૩ |
| ૭૯ | ૧૭૯ | ૧૦૪ |
| ૮૩ | ૧૮૦ | ૧૦૪ |

## ધ્યાનાધિકાર-૧૬

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૧૮૧ | ૧૦૬ |
| ૩ | ૧૮૨ | ૧૦૬ |
| ૭ | ૧૮૩ | ૧૦૭ |
| ૮ | ૧૮૪ | ૧૦૭ |
| ૯ | ૧૮૫ | ૧૦૭ |
| ૧૫ | ૧૮૬ | ૧૦૮ |
| ૧૬ | ૧૮૭ | ૧૦૮ |
| ૧૯ | ૧૮૮ | ૧૦૯ |
| ૨૦ | ૧૮૯ | ૧૦૯ |
| ૨૫ | ૧૯૦ | ૧૧૦ |
| ૩૦ | ૧૯૧ | ૧૧૧ |
| ૩૧ | ૧૯૨ | ૧૧૨ |
| ૩૫ | ૧૯૩ | ૧૧૨ |
| ૬૨ | ૧૯૪ | ૧૧૩ |
| ૧૦ | ૧૯૫ | ૧૧૩ |
| ૭૧ | ૧૯૬ | ૧૧૩ |

| | | |
|---|---|---|
| ૮૩ | ૧૯૭ | ૧૧૪ |
| ૮૪ | ૧૯૮ | ૧૧૪ |
| ૮૫ | ૧૯૯ | ૧૧૪ |
| ૮૬ | ૨૦૦ | ૧૧૫ |

## ધ્યાનસ્તુતિ, અધિકાર-૧૭

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૨૦૧ | ૧૧૬ |

## આત્મનિશ્ચયાધિકાર-૧૮

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૨૦૨ | ૧૧૭ |
| ૩ | ૨૦૩ | ૧૧૭ |
| ૫ | ૨૦૪ | ૧૧૮ |
| ૬ | ૨૦૫ | ૧૧૯ |
| ૭ | ૨૦૬ | ૧૨૦ |
| ૯ | ૨૦૭ | ૧૨૦ |
| ૧૦ | ૨૦૮ | ૧૨૧ |
| ૧૧ | ૨૦૯ | ૧૨૧ |
| ૧૩ | ૨૧૦ | ૧૨૨ |
| ૧૪ | ૨૧૧ | ૧૨૨ |
| ૧૫ | ૨૧૨ | ૧૨૩ |
| ૧૭ | ૨૧૩ | ૧૨૩ |
| ૧૯ | ૨૧૪ | ૧૨૪ |
| ૨૦ | ૨૧૫ | ૧૨૫ |

| | | |
|---|---|---|
| २२ | २१६ | १२५ |
| २५ | २१७ | १२६ |
| २८ | २१८ | १२६ |
| ३१ | २१९ | १२७ |
| ३२ | २२० | १२८ |
| ३३ | २२१ | १२८ |
| ३७ | २२२ | १२९ |
| ४२ | २२३ | १३० |
| ४६ | २२४ | १३१ |
| ५४ | २२७ | १३२ |
| ५७ | २२८ | १३३ |
| ६२ | २२९ | १३४ |
| ६४ | २३० | १३४ |
| ७३ | २३१ | १३६ |
| ७९ | २३२ | १३६ |
| ८० | २३३ | १३७ |
| ८१ | २३४ | १३९ |
| ८३ | २३५ | १४० |
| ८७ | २३६ | १४१ |
| ८८ | २३७ | १४१ |
| ८९ | २३८ | १४२ |
| ९१ | २३९ | १४२ |
| ९४ | २४० | १४३ |
| ९७ | १४१ | १४४ |
| ९८ | २४२ | १४४ |

| | | |
|---|---|---|
| ૧૦૪ | ૨૪૩ | ૧૪૫ |
| ૧૧૦ | ૨૪૪ | ૧૪૬ |
| ૧૧૫ | ૨૪૫ | ૧૪૬ |
| ૧૧૬ | ૨૪૬ | ૧૪૭ |
| ૧૧૮ | ૨૪૭ | ૧૪૮ |
| ૧૩૦ | ૨૪૮ | ૧૪૯ |
| ૧૩૧ | ૨૪૯ | ૧૪૯ |
| ૧૩૯ | ૨૫૦ | ૧૫૧ |
| ૧૪૪ | ૨૫૧ | ૧૫૧ |
| ૧૪૮ | ૨૫૨ | ૧૫૨ |
| ૧૫૦ | ૨૫૩ | ૧૫૩ |
| ૧૫૨ | ૨૫૪ | ૧૫૪ |
| ૧૫૩ | ૨૫૫ | ૧૫૫ |
| ૧૫૫ | ૨૫૬ | ૧૫૬ |
| ૧૫૯ | ૨૫૭ | ૧૫૬ |
| ૧૬૦ | ૨૫૮ | ૧૫૭ |
| ૧૬૫ | ૨૫૯ | ૧૫૭ |
| ૧૬૬ | ૨૬૦ | ૧૫૮ |
| ૧૬૮ | ૨૬૧ | ૧૫૮ |
| ૧૭૧ | ૨૬૨ | ૧૫૯ |
| ૧૭૨ | ૨૬૩ | ૧૫૯ |
| ૧૭૩ | ૨૬૪ | ૧૫૯ |
| ૧૭૮ | ૨૬૫ | ૧૬૦ |
| ૧૮૩ | ૨૬૬ | ૧૬૦ |
| ૧૮૮ | ૨૬૭ | ૧૬૧ |

| | | |
|---|---|---|
| ૧૮૯ | ૨૬૮ | ૧૬૧ |
| ૧૯૦ | ૨૬૯ | ૧૬૨ |
| ૧૯૨ | ૨૭૦ | ૧૬૨ |
| ૧૯૩ | ૨૭૧ | ૧૬૩ |
| ૧૯૫ | ૨૭૨ | ૧૬૪ |
| ૧૯૬ | ૨૭૩ | ૧૬૪ |

## જિનમતસ્તુતિ અધિકાર-૧૯

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૨ | ૨૭૪ | ૧૬૫ |
| ૬ | ૨૭૫ | ૧૬૬ |
| ૯ | ૨૭૬ | ૧૬૭ |
| ૧૦ | ૨૭૭ | ૧૬૮ |
| ૧૧ | ૨૭૮ | ૧૬૯ |
| ૧૪ | ૨૭૯ | ૧૭૧ |

## આત્માનુભવાધિકાર-૨૦

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૩ | ૨૮૦ | ૧૭૨ |
| ૪ | ૨૮૧ | ૧૭૨ |
| ૫ | ૨૮૨ | ૧૭૨ |
| ૬ | ૨૮૩ | ૧૭૩ |
| ૭ | ૨૮૪ | ૧૭૩ |
| ૮ | ૨૮૫ | ૧૭૪ |

| | | |
|---|---|---|
| ૧૩ | ૨૮૬ | ૧૭૪ |
| ૧૪ | ૨૮૭ | ૧૭૪ |
| ૧૬ | ૨૮૮ | ૧૭૫ |
| ૧૮ | ૨૮૯ | ૧૭૫ |
| ૨૦ | ૨૯૦ | ૧૭૬ |
| ૨૧ | ૨૯૧ | ૧૭૬ |
| ૨૨ | ૨૯૨ | ૧૭૭ |
| ૨૩ | ૨૯૩ | ૧૭૮ |
| ૨૪ | ૨૯૪ | ૧૭૮ |
| ૨૮ | ૨૯૫ | ૧૭૯ |
| ૨૯ | ૨૯૬ | ૧૭૯ |
| ૩૦ | ૨૯૭ | ૧૮૦ |
| ૩૧ | ૨૯૮ | ૧૮૦ |
| ૩૨ | ૨૯૯ | ૧૮૧ |
| ૩૩ | ૩૦૦ | ૧૮૧ |
| ૩૪ | ૩૦૧ | ૧૮૨ |
| ૩૮ | ૩૦૨ | ૧૮૨ |
| ૩૯ | ૩૦૩ | ૧૮૩ |
| ૪૦ | ૩૦૪ | ૧૮૩ |
| ૪૧ | ૩૦૫ | ૧૮૪ |
| ૪૨ | ૩૦૬ | ૧૮૪ |
| ૪૩ | ૩૦૭ | ૧૮૪ |
| ૪૪ | ૩૦૮ | ૧૮૫ |
| ૪૫ | ૩૦૯ | ૧૮૫ |

## સજ્જનસ્તુત્યધિકાર-૨૧

| મૂલ શ્લોક | શ્લોક ક્રમાંક | પાના નં. |
|---|---|---|
| ૧ | ૩૧૦ | ૧૮૬ |
| ૧૪ | ૩૧૧ | ૧૮૭ |
| ૧૬ | ૩૧૨ | ૧૮૮ |

# અધ્યાત્મ માહાત્મ્યાધિકાર-૧

ऐन्द्रश्रेणिनतः श्रीमान्-नन्दतान्नाभिनंदनः
उद्दधार युगादौ यो, जगदज्ञानपंङ्कतः ॥१॥-१

**અર્થ** : આ યુગની આદિમાં જેઓએ જગતને અજ્ઞાનના કાદવમાંથી ઉધ્ધર્યુ છે...તે...કૈવલ્યલક્ષ્મીવાળા, ને ઇન્દ્રોની શ્રેણિથી નમાયેલા, એવા નાભિનંદન ઋષભદેવ ભગવાન અમને આનંદ આપો...

जीयात् फणिफणप्रान्त-सङ्क्रान्ततनुरेकदा,
उद्धर्तुमिव विश्वानि, श्रीपार्श्वो बहुरुपभाक् ॥२॥-४

**અર્થ** : સર્પની ફણાઓને છેડે (મણિઓમાં) પ્રતિબિંબિત દેહ દ્વારા, જાણે અનેક વિશ્વને એક સાથે જ ઉધ્ધરવા હોય તેમ, બહુ રુપ ધારણ કરનારા પાર્શ્વપ્રભુ જય પામો...

एतानन्यानपि जिनान्-नमस्कृत्य गुरुन्नपि,
अध्यात्मसार मधुना, प्रकटीकर्तु मुत्सहे ॥३॥-६

**અર્થ** : આ પૂર્વોક્ત જિનેશ્વરોને તથા બીજા પણ જિનેશ્વરોને

તેમજ ગુરૂવરોને નમીને, હવે અધ્યાત્મસારને (અધ્યાત્મના સારભૂત પદાર્થોને) હું પ્રકટ કરવા ઉત્સાહિત બનું છું.

**शास्त्रात् परिचितां सम्यक्-सम्प्रदायाच्च धीमताम्,**
**इहानुभवयोगाच्च, प्रक्रियां कामपि ब्रूवे ।।४।।-७**

**અર્થ :** શાસ્ત્રથી સુપરિચિત કરેલી, ગીતાર્થ ગુરૂપરંપરાથી સારી રીતે પ્રાપ્ત કરાયેલી, તથા મારા અનુભવ યોગથી ઘડાયેલી એવી કોઇક (અધ્યાત્મ સંબંધી) પ્રક્રિયા હું અહિં કહું છું...

**कान्ताधरसुधास्वादाद्यूनां यज्जायते सुखम्,**
**बिन्दुः पार्श्वे तदध्यात्मशास्त्रास्वादसुखोदधेः ।।५।।-९**

**અર્થ :** પ્રિયતમાના અધર (ઓષ્ઠ) અમૃતના આસ્વાદથી યુવાનોને જે સુખ અનુભવાય છે, તે સુખ તો અધ્યાત્મ શાસ્ત્રના આસ્વાદ રુપ સુખના સાગર પાસે બિંદુતુલ્ય છે. (તુચ્છ, અલ્પ છે).

**येषा मध्यात्मशास्त्रार्थतत्त्वं परिणतं हृदि,**
**कषायविषयावेशक्लेश स्तेषां न कर्हिचित् ।।६।।-१४**

**અર્થ :** જેઓના હૃદયમાં અધ્યાત્મ શાસ્ત્રના તત્ત્વજ્ઞાન પરિણમી ગયા છે, તેઓનેં કષાય અને વિષયના આવેશથી ઉત્પન્ન થતો કલેશ ક્યારેય નથી થતો...

**रसो भोगावधिः कामे, सद्भक्ष्ये भोजनावधिः**
**अध्यात्मशास्त्रसेवायां, रसो निरवधिः पुनः ॥७॥-२१**

**અર્થ :** ભોગ ભોગવવા સુધી જ કામવાસનામાં રસ ટકે છે, અને ભોજન સુધી જ સારા સ્વાદિષ્ટ પદાર્થોનો રસ ટકે છે, જ્યારે અધ્યાત્મ શાસ્ત્રની સેવામાં સીમાતીત / અખૂટ રસ હોય છે...

**धनिनां पुत्रदारादि यथा संसारवृद्धये,**
**तथा पांडित्यदृप्तानां शास्त्रमध्यात्मवर्जितम् ॥८॥-२३**

**અર્થ :** પૈસાદારને પુત્ર પરિવાર વગેરે જેમ સંસારની વૃદ્ધિ માટે થાય છે...તેમ પંડિતાઇના અભિમાનથી છકેલાઓને અધ્યાત્મભાવ વિનાનું શાસ્ત્ર (જ્ઞાન) સંસાર વૃદ્ધિનું કારણ બને છે...

**अध्येतव्यं तदध्यात्मशास्त्रं भाव्यं पुनः पुनः,**
**अनुष्ठेय स्तदर्थश्च, देयो योग्यस्य कस्यचित् ॥९॥-२४**

**અર્થ :** તેથી કરીને અધ્યાત્મ શાસ્ત્રને ભણવું જોઇએ, વારંવાર એનું ચિંતન મનન કરી આત્માને ભાવિત કરવો જોઇએ, તેમજ અધ્યાત્મ શાસ્ત્રના પદાર્થોને આચરણમાં મુકવા જોઇએ ને કોઇક યોગ્ય જીવને અધ્યાત્મ શાસ્ત્રનું પદાર્થ જ્ઞાન આપવું જોઇએ.

# અધ્યાત્મસ્વરુપાધિકાર-૨

**गतमोहाधिकाराणा-मात्मान मधिकृत्य या,**
**प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥१०॥-२**

**અર્થ :** જેના પરથી મોહની હુકુમત ચાલી ગઇ છે, તેવા આત્માની, આત્માને અનુલક્ષીને જે શુદ્ધ ક્રિયા થાય છે...તેને શ્રી જિનેશ્વર દેવોએ અધ્યાત્મ કહ્યું છે.

**सामायिकं यथासर्वचारित्रेष्वनुवृत्तिमत्,**
**अध्यात्मं सर्वयोगेषु, तथा-नुगत-मिष्यते ॥११॥-३**

**અર્થ :** જેમ છેદોપસ્થાપનીયથી યથાખ્યાત સુધીના સર્વ ચારિત્રમાં સામાયિક સમાયેલું છે...તેમ સર્વ પ્રકારના (મોક્ષસાધક) યોગોમાં અધ્યાત્મ ભાવ વ્યાપેલો છે...

**अपुनर्बंधकाद्यावद् गुणस्थानं चतुर्दशम्,**
**क्रमशुद्धिमती तावत् क्रियाध्यात्ममयी मता ॥१२॥-४**

**અર્થ :** પ્રથમ ગુણસ્થાનકની અપુનર્બંધક અવસ્થાથી માંડીને ૧૪માં ગુણ સ્થાનક સુધીની ઉત્તરોત્તર વિશુદ્ધિવાળી ધર્મક્રિયા

એ અધ્યાત્મમય છે એમ જ્ઞાનીઓએ માન્યું છે...

**आहारोपधि पूजर्द्धि:, गौरवप्रतिबंधत:,**
**भवाभिनन्दी यां कुर्यात्, क्रियां साध्यात्मवैरिणी।।१३।।-५**

**અર્થ :** આહારની લાલસાથી, વસ્ત્ર પાત્રાદિની મૂર્છાથી, માનપાનની કામનાથી આમર્ષોષધિ વગેરે ઋદ્ધિની આકાંક્ષાથી, રસગારવ વગેરે ત્રણ ગારવની (રસ-ઋદ્ધિને શાતા) આશંસાથી ભવાભિનંદી...(વિષયાદિનોતીવ્ર આસક્ત) જીવ જે ક્રિયાને (ધર્મક્રિયાને) કરે છે. તે ક્રિયા અધ્યાત્મની શત્રુ છે.../વૈરિણી છે.

**शांतो दान्त: सदा गुप्तो, मोक्षार्थी विश्ववत्सल:,**
**निर्दंभां यां क्रियां कुर्यात्, साऽध्यात्मगुणवृद्धये ।।१४।।-७**

**અર્થ :** (ક્રોધાદિથી) શાંત, દાન્ત (ઇન્દ્રિયોથી અપરાજિત), મન વચન અને કાયાના યોગની રક્ષાકરનારો, મોક્ષનો અર્થી, જગત્ પ્રત્યે વાત્સલ્યવાળો, જીવ...જે નિર્દંભ ક્રિયા કરે, તે અધ્યાત્મગુણની વૃદ્ધિ કરનારી બને છે...

**ज्ञानं शुद्धं क्रिया शुद्धेत्यंशौ द्वाविह संङ्गतौ,**
**चक्रे महारथस्येव, पक्षाविव पतत्त्रिणः ॥१५॥-१२**

**અર્થ :** જેમ મહારથને બે ચક્ર અને પક્ષીને જેમ બે પાંખ હોય છે...તેમ શુદ્ધજ્ઞાન અંશ અને શુદ્ધ ક્રિયાઅંશ એ બન્ને અધ્યાત્મમાં સંગત થાય છે. (અર્થાત્ જ્ઞાન અને ક્રિયા બેથી અધ્યાત્મ બને છે.)

**तत् पञ्चमगुणस्थानादारभ्यैवैतदिच्छति,**
**निश्चयो, व्यवहारस्तु पूर्व मप्युपचारतः ॥१६॥-१३**

**અર્થ :** નિશ્ચયનય દેશવિરતિ નામના પાંચમા ગુણસ્થાનકથી જ અધ્યાત્મભાવ માને છે, જ્યારે વ્યવહારનય તો પ્રથમ ગુણસ્થાનકની અપુનર્બંધક અવસ્થામાં અને ચોથા ગુણસ્થાનકની અવિરત સમ્યગદૃષ્ટિ અવસ્થામાં પણ ઉપચારથી અધ્યાત્મભાવ માને છે.

(અપુનર્બંધક ને સમ્યગ્ દૃષ્ટિ અવસ્થા એ બન્ને નૈશ્ચયિક / વાસ્તવિક અધ્યાત્મ ભાવના કારણ બનતા હોવાથી એ પણ અધ્યાત્મ ભાવ રુપ મનાય છે. (કારણમાં કાર્યના ઉપચારથી.)

चतुर्थेऽपि गुणस्थाने शुश्रूषाद्या क्रियोचिता,
अप्राप्तस्वर्णभूषाणां रजताभूषणं यथा ॥१७॥-१४

**અર્થ :** જેની પાસે સોનાના દાગીના નથી તે ચાંદીના દાગીના દ્વારા પણ-દાગીનાવાળો ગણાય છે. તેમ વિરતિ જેવા ઉચ્ચ અધ્યાત્મથી રહિત જીવને ચોથા ગુણસ્થાનકે પણ રહેલી ધર્મશાસ્ત્ર શ્રવણ, દેવગુરુ સેવા વગેરે ક્રિયાઓ પણ (અધ્યાત્મ રુપે) ઉચિત છે. (વ્યવહાર નયનો મત)

अपुनर्बंधकस्यापि, या क्रिया शमसंयुता,
चित्रा दर्शनभेदेन, धर्मविघ्नक्षयाय सा ॥१८॥-१५

**અર્થ :** અપુનર્બંધક અવસ્થા (૧લા ગુણસ્થાનક) વાળાની પણ શમ સંવેગ યુક્ત જે શુભક્રિયાઓ છે. કે જે શુભક્રિયાના પણ વિવિધ દર્શનોના ભેદથી અનેક ભેદો પડે છે...તો...અપુનર્બંધકની આવી એ શુભક્રિયા પણ...વાસ્તવિક અધ્યાત્મધર્મ (વિરતિ આદિ)ના વિઘ્નોનો ક્ષય કરનારી બને છે...અર્થાત્ અપુનર્બંધક અવસ્થાની અન્યદર્શનની પણ શુભ

ક્રિયા વિરતિધર્મની પ્રાપ્તિ વચ્ચેના વિઘ્નો તોડી વિરતિ પ્રાપ્ત કરાવનારી બને છે.

**अतो मार्गप्रवेशाय, व्रतं मिथ्यादृशामपि,**
**द्रव्यसम्यक्त्व-मारोप्य ददते धीरबुद्धयः ॥१९॥१७**

**અર્થ :** મોક્ષાભિલાષના શુભાશયથી અશુદ્ધ ક્રિયા પણ શુદ્ધ ક્રિયા બની શકે છે. આથી જ ધીર બુદ્ધિમાન્ પુરુષો મિથ્યાદૃષ્ટિ જીવને પણ દ્રવ્ય સમ્યકત્વનું આરોપણ કરી (ઉચ્ચરાવી) અણુવ્રત, મહાવ્રતનું દાન કરે છે. જેથી મિથ્યાદૃષ્ટિ જીવ પણ આમ કરી મોક્ષમાર્ગમાં પ્રવેશ કરી શકે...

**गुर्वाज्ञापारतन्त्र्येण द्रव्यदीक्षाग्रहादपि,**
**वीर्योल्लासक्रमात् प्राप्ता, बहवः परमं पदम् ॥२०॥२७**

**અર્થ :** દ્રવ્યદીક્ષા ગ્રહણ કરીને પણ...ગુરુ આજ્ઞાની આધીનતા દ્વારા ક્રમે કરી અપૂર્વ અપૂર્વ વીર્યોલ્લાસ જાગતા અનેકોએ પરમપદને પ્રાપ્ત કર્યુ છે...

अतो ज्ञानक्रिया रुप मध्यात्मं व्यवतिष्ठते,
एतत् प्रवर्द्धमानं स्यान्निर्दंभाचारशालिनाम् ॥२१॥२९

**અર્થ :** આથી જ્ઞાન અને ક્રિયા રુપ અધ્યાત્મ સિદ્ધ થાય છે...અને તે અધ્યાત્મ, નિર્દંભ આચરણ વાળાઓને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય છે...

વ્યવહાર નયથી કાંઇક શુભક્રિયા અને સદાશય રુપ કાંઇક જ્ઞાનનો અંશ અપુનર્બંધક અવસ્થામાં પણ છે તેથી ત્યાંથી માંડીને અધ્યાત્મ ભાવ માનવો.

## દંભત્યાગઅધિકાર-૩

दम्भो मुक्तिलता वह्नि र्दम्भो राहुः क्रियाविधौ,
दौर्भाग्यकारणं दम्भो दँम्भोऽध्यात्मसुखार्गला ॥२२॥-१

**અર્થ :** દંભ એ મુક્તિરુપ વેલડીને બાળી નાંખવા અગ્નિ સમાન છે. તો ક્રિયારુપી ચંદ્રને ગ્રસી જનારો રાહુ છે. તેમજ દંભ એ દુર્ભાગ્યનું કારણ છે...તો અધ્યાત્મસુખ માટે અર્ગલા પણ...આ દંભ જ છે.

सुत्यजं रसलाम्पट्यं सुत्यजं देहभूषणम्,
सुत्यजाः काममोगाद्याः दुस्त्यजं दम्भसेवनम् ॥२३॥-६

**અર્થ :** રસની લોલુપતા, દેહની વિભૂષા, અને કામ ભોગના સેવન આદિ સહેલાઇથી છૂટી જઇ શકે છે. પણ દંભનું આસેવન છોડી દેવું મહા કઠીન છે.

असतीनां यथा शीलं अशीलस्यैव वृद्धये,
दम्भेनाव्रतवृद्ध्यर्थं, व्रतं वेषभृतां तथा ॥२४॥-८

**અર્થ :** અસતીઓનું શીલ પાલન (પરાકર્ષણના આશયથી)

પણ અશીલની વૃદ્ધિ માટે થાય છે. તેવી જ રીતે વેષધારીઓનું દંભ દ્વારા થતું વ્રતપાલન પણ અવ્રતની (આશ્રવની) જ વૃદ્ધિ માટે થાય છે. પાપની વૃદ્ધિ માટે જ થાય છે.

**अत एव न यो धर्तुं, मूलोत्तरगुणानलम्,**
**युक्ता सुश्राद्धता तस्य, न तु दम्भेन जीवनम् ॥२५॥-१२**

**અર્થ :** આથી જ મૂલગુણો (ચરણ સિત્તરી) ઉતરગુણો (કરણસિત્તરી) ને ધારણ કરવા માટે જે જીવો સમર્થ નથી તેઓ માટે સુશ્રાવકપણું ઉચિત છે...પણ દાંભિક રીતે સાધુ જીવન (વ્રતભંગ યુક્ત સાધુ જીવન) ઉચિત નથી...

**परिहर्तुं न यो लिङ्ग मप्यलं दृढरागवान्,**
**संविग्नपाक्षिकः स स्यान्निर्दंभः साधुसेवकः ॥२६॥-१३**

**અર્થ :** સાધુવેષ પ્રત્યે દઢરાગ ધરાવનારો કદાચ સાધુવેષ છોડી દેવા સમર્થ ન હોય તો તેણે સંવિગ્ન પાક્ષિક બનવું જોઇએ ને નિર્દંભપણે સુવિહિત સાધુના સેવક બનવું જોઇએ (આંતરીક રીતે વ્રતપાલનથી રહિત ને બાહ્ય રીતે **શુદ્ધ સાધુ જીવનનો ડોળ નહી કરવો જોઇએ.**)

**आत्मोत्कर्षात् ततो दम्भी, परेषां चापवादतः,**
**बध्नाति कठिनं कर्म्म बाधकं योगजन्मनः ॥२७॥-१८**

**અર્થ :** આત્મ-શ્લાઘા અને પરનિંદા દ્વારા, દંભી, એવા કઠણ કર્મનો બંધ કરે છે કે જે કર્મો ભવાંતરમાં મોક્ષ પ્રાપ્તિ કરાવી શકે તેવા (યોગ જન્મની) જન્મની પ્રાપ્તિ પણ અટકાવી દે છે.


**आत्मार्थिना ततस्त्याज्यो दम्भोऽनर्थनिबन्धनम्,**
**शुद्धिः स्याद् ऋजुभूतस्ये-त्यागमे प्रतिपादितम्॥२८॥-१९**

**અર્થ :** તેથી કરીને આત્માર્થીએ અનર્થોના મૂળરુપ દંભને છોડી દેવો જોઇએ. કેમકે "જે સરલ (નિર્દંભી) છે. તેની જ શુદ્ધિ થાય છે...' એમં આગમોમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે...

**जिनै र्नाऽनुमतं किंचिन्निषिद्धं वा न सर्वथा,**
**कार्ये भाव्य मदम्भेनेत्येषाऽऽज्ञा पारमेश्वरी॥२९॥-२०**

**અર્થ :** જિનેશ્વરદેવોએ કોઇપણ બાબતનું એકાંતે વિધાન

નથી કર્યું. (રજા નથી આપી) ને કોઇપણ બાબત પણ એકાંત નિષેધ નથી કર્યો. સર્વકાર્યનો પ્રસંગે નિર્દંભ બનવું. (આશયથી) એ જ માત્ર પરમેશ્વર પરમાત્માની આજ્ઞા છે.



# ભવસ્વરુપ ચિન્તાધિકાર-૪

## છંદ : શિખરિણી

**तदेवं निर्दम्भाचरणपटुना चेतसि भव,**
**स्वरुपं संचिन्त्यं क्षणमपि समाधाय सुधिया,**
**इयं चिन्ताऽध्यात्मप्रसरसरसी नीरलहरी,**
**सतां वैराग्यास्था प्रियपवनपीना सुखकृते ॥३०॥-१**

**અર્થ :** નિર્દંભ આચરણમાં પટુ એવા બુદ્ધિમાને ક્ષણવાર મનને શાંત કરી સમાધિમય બનાવી ભવના સ્વરુપનું ચિંતન કરવું જોઇએ.

આ ભવના સ્વરુપની ચિંતા, એ અધ્યાત્મના

વિસ્તાર પામેલા સરોવરની જલ લહેરો સમી છે..અને...

વૈરાગ્યભાવ પ્રત્યેના શ્રદ્ધારુપ પ્રિયપવનથી પરિપુષ્ટ થયેલી એ ભવસ્વરુપ ચિંતા રુપ જલલહરીઓ સજ્જનોના સુખ માટે થાય છે.

इतः कामौर्वाग्नि र्ज्वलति परितो दुःसह इव
पतन्ति ग्रावाणो विषयगिरिकूटा-द्विघटिताः
इतः क्रोधावर्तो विकृतितटिनीसंङ्गमकृतः
समुद्रे संसारे तदिह न भयं कस्य भवति ? ।।३१।।-२

**અર્થ :** ચારે બાજુથી દુઃસહ એવો કામ(રાગ) રુપી વડવાનલ જેની એકબાજુ પ્રજળી રહ્યો છે...તો આ બાજુ વિષયરુપી પર્વતના શિખરોપરથી ટૂટી પડેલા પથ્થરો ગબડી રહ્યા છે...તો આ બાજુ (વિગઇ) વિકાર રુપી નદીઓના સંગમ થતા પેદા થયેલા ક્રોધના વમળો ઘુમરી લઇ રહ્યા છે...ઓહ ! તેવા આ સંસાર સમુદ્રમાં કોને ભય ન લાગે ?

प्रभाते सञ्जाते भवति वितथा स्वापकलना,
द्विचन्द्रज्ञानं वा तिमिरविरहे निर्म्मलदृशाम्,
तथा मिथ्यारुपः स्फुरति विदिते तत्त्वविषये,
भवोऽयं साधूना-मुपरतविकल्पस्थिरधियाम् ।।३२।।-२२

**અર્થ :** સવાર થતાંની સાથે સપનાની હારમાળા મિથ્યા થઇ જાય છે. અને મોતીયા કે તિમિરનો દોષ જતા નિર્મળ

આંખવાળાને બે ચન્દ્રનું જ્ઞાન મિથ્યા થઇ જાય છે. (અર્થાત્ ડબલ દેખાતું બંધ થઇ જાય છે) તેવી જ રીતે તત્વજ્ઞાન પ્રાપ્ત થતા જેમના વિકલ્પો ટળી ગયા છે ને તેથી જેમની બુદ્ધિ સ્થિર થઇ ગઇ છે તેવા સાધુઓને આ સમગ્ર સંસાર મિથ્યા લાગે છે.

**पराधीनं शर्म्म क्षयि विषयकाङ्क्षौघमलिनं,**
**भवे भीतेः स्थानं तदपिकुमति स्तत्र रमते,**
**बुधास्तु स्वाधीने, ऽक्षयिणि करणौत्सुक्यरहिते,**
**निलीनास्तिष्ठन्ति प्रगलितभयाऽऽध्यात्मिकसुखे ॥३३॥-२६**

**અર્થ :** સંસારનું સુખ પરાધીન[1] છે, વિનશ્વર[2] છે ને વિષયેચ્છાથી મલિન[3] અને ભયનું સ્થાન[4] છે...તો પણ કુમતિ વ્યક્તિ તેમાં રમે છે અને આનંદ પામે છે.

જ્યારે બુદ્ધિમાન્ (જ્ઞાનીઓ) જનો તો સ્વાધીન[1], શાશ્વત[2], ઇન્દ્રિયની ઉત્સુકતા રહિત[3] ને સર્વ ભયોથી મુક્ત[4] એવા આધ્યાત્મિક સુખમાં જ લીન રહે છે.

तदेतद्भाषन्ते जगदभयदानं खलु भव,
स्वरुपानुध्यानं शमसुखनिदानं कृतधियः
स्थिरीभूते यस्मिन् विधुकिरणकर्पूरविमला,
यशः श्रीः प्रौढा स्याज्जिनसमयतत्त्वस्थितिविदाम्।।३४।।-२७

**અર્થ** : તેથી જ કરીને બુદ્ધિમાન્ પુરુષો એમ કહે છે કે, 'આ ભવસ્વરુપનું ચિંતન જગતને અભયદાન દેનારું છે, અને શમસુખ આપનારું છે...

જેમના ચિત્તમાં આ ચિંતન સ્થિર થાય છે ત્યારે, જિનેશ્વર દેવોના સિદ્ધાન્તના રહસ્યને જાણનારા તેઓની ચંદ્રકિરણ અને કર્પૂર જેવી ઉજ્જવળ યશલક્ષ્મી વિશાલ બને છે.



# વૈરાગ્યસંભવાધિકાર-૫

**भवस्वरुपविज्ञानाद्, द्वेषान्नैर्गुण्यदृष्टिजात्,**
**तदिच्छोच्छेदरुपं द्राग्, वैराग्यमुपजायते ॥३५॥-१**

**અર્થ :** ભવસ્વરુપના જ્ઞાનથી, સંસાર નિર્ગુણ છે તેવી દૃષ્ટિમાંથી જન્મેલી સંસાર પ્રત્યેની નફરત=અરુચિ=દ્વેષથી... સંસારના ભોગની ઇચ્છાના નાશ સ્વરુપ વૈરાગ્ય જલ્દી ઉત્પન્ન થાય છે. (૧ ભવસ્વરુપ વિજ્ઞાન ૨ ભવમાં નૈર્ગુણ્ય દૃષ્ટિ ૩ ભવપ્રત્યેની અરુચિ ૪ ભવના ભોગની ઇચ્છાનો નાશ = વૈરાગ્ય...)

**सिद्ध्या विषयसौख्यस्य, वैराग्यं वर्णयन्ति ये,**
**मतं न युज्यते तेषां, यावदर्थाऽप्रसिद्धितः ॥३६॥-२**

**અર્થ :** ઇષ્ટ વિષય સુખની પ્રાપ્તિથી જેઓ વૈરાગ્યનું વર્ણન કરે છે, અર્થાત્ ભોગતૃપ્તિથી ભોગ વૈરાગ્ય જેઓ માને છે, તેઓનો મત યોગ્ય નથી. કેમકે જીવને અગણિત વિષયો ઇષ્ટ છે, તે બધાજ વિષયોની પ્રાપ્તિ જીવને થાય એ વાત

અપ્રસિદ્ધ છે. અશક્ય છે. માટે...ક્યારેય સંપૂર્ણ ભોગતૃપ્તિ થતી જ નથી માટે તેમના મતે વૈરાગ્ય થવો જ શક્ય નહી બને...

अप्राप्तत्वभ्रमादुच्चै रवाप्तेष्वप्यनन्तशः,
काम़भोगेषु मूढानां समीहा नोपशाम्यति ॥३७॥-३

**અર્થ :** અનંતા ભવોમાં અનંતીવાર પ્રાપ્ત થઇ ચુકેલા એવા પણ તે કામ ભોગોને વિષે "મને આ કામભોગનું સુખ ક્યારેય મળ્યુ નથી" એવા પ્રકારના અપ્રાપ્તત્વના ભ્રમથી મોહમૂઢ જીવોની ઇચ્છા કામભોગવિષે શાંત થતી નથી.

अकृत्वा विषयत्यागं यो वैराग्यं दिधीर्षति,
अपथ्य मपरित्यज्य स रोगोच्छेद मिच्छति ॥३८॥-६

**અર્થ :** વિષય પરિત્યાગ કર્યા વિના જે વૈરાગ્ય ધારણ કરવા ઇચ્છે છે...તે અપથ્યને છોડ્યા વિના રોગના ઉચ્છેદને ઇચ્છે છે.

भवहेतुषु तद् द्वेषाद्-विषयेष्वप्रवृत्तितः,
वैराग्यं स्यान्निराबाधं भवनैर्गुण्यदर्शनात् ॥३९॥-९

**અર્થ** : ભવમાં નિર્ગુણતાના દર્શન થવાથી, ભવના કારણભૂત સ્ત્રી, ધન, આદિ પદાર્થો પ્રત્યેના અણગમા દ્વારા અને તે વિષયોમાં...(મન, વચ, કાયાથી) અપ્રવૃત્તિ દ્વારા વૈરાગ્ય અખંડ અને બાધા રહિત બને...

**भवेच्छा यस्य विच्छिन्नाः, प्रवृत्तिः कर्मभावजाः,**
**रतिस्तस्य विरक्तस्य, सर्वत्र शुभवेद्यतः ॥४०॥-१४**

**અર્થ** : ભવની ઇચ્છા જેની નાશ પામી ગઇ છે. એવા વિશિષ્ટ દશાવાળા સમ્યગદૃષ્ટિ વિરક્ત આત્માઓની વિષયોમાં જે કોઇ પ્રવૃત્તિ થાય છે..તે નિકાચિત કર્મના પ્રભાવથી જનિત છે. ને માટે જ વિરક્ત સમ્યગદૃષ્ટિ આત્માનો વિષયોમાં જ્યાં જ્યાં રતિભાવ છે તેમાં સર્વત્ર શુભ વેદનીય = શાતા વેદનીય કર્મનો ઉદય જ મુખ્ય કારણ છે.

(વિરક્ત સમ્યગદૃષ્ટિના રતિ ભાવમાં રતિ મોહનીયકર્મનો ઉદય હોવા છતાં રસ મંદ છે. માટે પ્રધાનપણે તેઓ શાતાવેદનીય માણે છે રતિ મોહનીય નહી, કેમકે એમનો વિશિષ્ટ વિવેક જાગૃત હોય છે.)

(ભોગમાં શાતાવેદનીયની રતિ હોય છે, રતિ મોહનીય નહી) આથી જ આવા આક્ષેપક જ્ઞાનના બળથી...કાન્તાનામની યોગદૃષ્ટિમાં વર્તતા વિશિષ્ટ સમ્યગદૃષ્ટિ જીવોની ભોગના સાન્નિધ્યમાં...પણ...શુદ્ધિ હણાતી નથી, આથી જ આ બાબતને સમર્થન કરતું શ્રી હરિભદ્રસૂરિજીનું વચન છે...કે...

**अतश्चाक्षेपकज्ञानात्, कान्तायां भोगसन्निधौ,**
**न शुद्धिप्रक्षयो यस्माद् धारिभद्रमिदं वचः ॥૪૧॥-૧૫**

**અર્થ :** આક્ષેપક જ્ઞાન એટલે...રાગદશામાં રમતા ચિત્તને રાગભાવથી પાછું ખેંચી લેતું વિષયો પ્રત્યેનું વિવેકજ્ઞાન...

આથી જ આવા આ આક્ષેપક જ્ઞાનના બળથી ભોગના સાન્નિધ્યમાં પણ વિશિષ્ટ સમ્યગદૃષ્ટિ જીવોની કાન્તા નામની યોગદૃષ્ટિમાં શુદ્ધિ હણાતી નથી. (કેમકે તેમનું તન ભોગમાં ને મન શ્રુતધર્મમાં લીન છે) શ્રી હરિભદ્રસૂરિજી મ.સા.નું આ વચન છે.

**धर्मशक्तिं न हन्त्यत्र भोगयोगो बलीयसीम्,**
***हन्ति दीपापहो वायु र्ज्वलन्तं न दवानलम् ॥૪૨॥-૨૦***

**અર્થ :** બળવાન (મોટી) ધર્મની શક્તિને ભોગનો યોગ = વિષયોની પ્રવૃત્તિ પણ...હણી શકતી નથી...જે વાયુ દીવડાને બુઝવી નાંખે છે તે વાયુ ભડકે બળતા દાવનલને ઠારી નથી શકતો અર્થાત્-વિશિષ્ટ અવસ્થા (કાંતાદ્રષ્ટિ) વાળા અવિરત સમ્યગદૃષ્ટિના ધર્મભાવને વિષયોની પ્રવૃત્તિ હણી નથી શકતી પણ... સામાન્ય સમ્યગ્દર્શન અવસ્થાવાળાની ધર્મભાવના ભોગની પ્રવૃત્તિથી નષ્ટ થઇ જાય છે.

**बहुदोषनिरोधार्थ मनिवृत्तिरपि क्वचित्,**
**निवृत्तिरिव नो दुष्टा, योगानुभवशालिनाम् ।।४३।।-२२**

**અર્થ :** યોગાનુભવવાળા યોગના સ્વામીઓને ક્યારેક ઘણાદોષોથી અટકવા માટે. વિષયોની અનિવૃત્તિ એટલે કે વિષયોની પ્રવૃત્તિ પણ વિષયોની નિવૃત્તિની જેમ દોષ પ્રદ નથી બનતી અર્થાત્ વિષય પ્રવૃત્તિમાં પણ, એમનો વિષય પ્રત્યેના વૈરાગ્ય ટકી રહે છે...અર્થાત્ વૈરાગ્ય ઝળહળતો હોય તો વિષય પ્રવૃત્તિ પણ તે યોગીઓ માટે દોષ પાત્ર નથી બનતી...

यस्मिन्निषेव्यमाणेऽपि यस्याशुद्धिः कदाचन,
तेनैव तस्य शुद्धिः स्यात्, कदाचिदिति हि श्रुतिः॥४४॥-२३

**અર્થ :** જે એક ભોગના સેવનથી એક આત્માને કર્મની અશુદ્ધિ લાગે છે. ક્યારેક તેજ આત્માને વિશિષ્ટ-અવસ્થામાં તે ભોગ સેવનથી શુદ્ધિ પ્રાપ્ત થાય છે એવી શ્રુતિ છે.

विषयेभ्यः प्रशान्ताना-मश्रान्तं विमुखीकृतैः
करणै श्चारु वैराग्य-मेष राजपथः किल ॥४५॥-२७

**અર્થ :** થાક્યા વિના, વિષયોથી વાળી દીધેલ ઇન્દ્રિયો દ્વારા વિષય જન્ય ચિત્ત વિકારો જેમના શાંત થઇ ગયા છે, તેઓનો વૈરાગ્ય સુંદર છે અને વૈરાગ્ય પ્રાપ્તિનો આ જ રાજ માર્ગ છે.

स्वयं निवर्त्तमानैस्तै-रनुदीर्णैरयन्त्रितैः
तृप्तै र्ज्ञानवतां तत् स्यादसावेकपदी मता ॥४६॥-२८

**અર્થ :** જે કોઇ વિશિષ્ટ જ્ઞાનીઓએ વિષયો પ્રત્યેથી ઇન્દ્રિયોને નિયંત્રિત નથી કરી, તેમજ ઇન્દ્રિયોને વિષયોથી પાછી ખેંચવાની કોઇ ઉદીરણા પણ નથી કરી પરંતુ વિષયોની

પ્રવૃત્તિથી તૃપ્ત થઇ સ્વયં જ વિષયોથી પાછી ફરી ગયેલી ઇન્દ્રિયો દ્વારા જે વૈરાગ્ય પ્રાપ્ત થાય છે એ વૈરાગ્ય પ્રાપ્તિનો કેડી માર્ગ છે...અર્થાત્ વિષયોથી ઇન્દ્રિયોને ખેંચી લઇ વિકાર રહિત પ્રશાંત વૈરાગ્યભાવ પ્રાપ્ત કરવો તે રાજ માર્ગ છે. જ્યારે (જ્ઞાનના બળથી કે પૂર્વકૃત શુભ અભ્યાસથી) વિષયોમાં પ્રવૃત્તિ થયા પછી સહજ શાંત થયેલ ઇન્દ્રિયો દ્વારા થતો વૈરાગ્ય એ કેડી માર્ગ છે..

સહુને સામાન્યથી આચરણીય રાજમાર્ગ છે. કવચિત્ કોઇક અમુક સંયોગમાં વિશિષ્ટ વ્યક્તિ માટે આચરવા યોગ્ય કેડી માર્ગ છે.

**बलेन प्रेर्यमाणानि, करणानि वनेभवत्,**
**न जातु वशतां यांति प्रत्युतानर्थवृद्धये. ।।४७।।-२९**

**અર્થ :** બળાત્કારે મન મારીને ઇન્દ્રિયોને દબાવવાથી તે વશમાં નથી આવતી પરંતુ જંગલી હાથીની જેમ બળાત્કારે દબાવેલી ઇન્દ્રિયો ઉલ્ટાનું...નુકશાન પહોંચાડનારી, અનર્થ કરનારી બને છે.

**पश्यन्ति लज्जया नीचै, र्दुर्ध्यानं च प्रयुञ्जते,**
**आत्मानं धार्मिकाभासाः क्षिपन्ति नरकावटे...॥४८॥-३०**

**અર્થ :** સાચી સમજણ વિના ઇન્દ્રિયો પર કોરો બળાત્કાર કરનારા આત્માઓ...ધાર્મિકતાનો ડોળ જ કરતા હોય છે...તેઓ જાણે કે...લજ્જાથી નીચે જોઇને ચાલે છે...પરંતુ મનમાં ભોગના અભિલાષ રુપ દુર્ધ્યાન ભભૂક્તું હોય છે...ને તેથી પોતાની જાતને આવા ! (ધાર્મિક લાગતા જીવો) નરકના કુવામાં નાંખે છે...

**वञ्चनं करणानां तद्विरक्तः कर्तुमर्हति,**
**सद्भावविनियोगेन, सदा स्वान्यविभागवित् ॥४९॥-३१**

**અર્થ :** સદા સ્વ અને પરના વિભાગનો જાણકાર એવો વિરક્ત જ સત્ પદાર્થોમાં જિનવાણી જિનબિંબાદિમાં... ઇન્દ્રિયોનો વિનિયોગ કરવા દ્વારા ઇન્દ્રિયોની ઠગાઇ કરવા યોગ્ય બને છે (એટલે વિષયોથી છોડાવવા યોગ્ય બને છે) અથવા અનિત્યતા આદિ શુભભાવનાઓ દ્વારા સદા સ્વપરના વિભાગનો જાણકાર વિરક્ત "વિષયો તો પરાયા છે" આત્મા

સ્વ છે. પરમાત્મા પોતીકા છે...જિનવાણી પોતીકી છે. એમ ઇન્દ્રિયોને ફોસલાવવા સમર્થ બને છે...ઇન્દ્રિયોનો જય કરવા સમર્થ બને છે.

**औदासीन्यफले ज्ञाने, परिपाक मुपेयुषि,**
**चतुर्थेऽपि गुणस्थाने, तद्वैराग्यं व्यवस्थितम् ॥५०॥-३६**

**અર્થ :** સ્વ પરના વિવેકનું જ્ઞાન ઔદાસીન્યના ફળને દેનારું છે. આવું વિવેકજ્ઞાન જ્યારે પરિપકવ બને છે ત્યારે...ચોથા ગુણ સ્થાનકે પણ જીવને વૈરાગ્ય ઘટી શકે છે...અવિરતિ અવસ્થામાં પણ વિવેક યુક્ત સમ્યગ્દર્શન વાળાને વિષય સુખ ઉપર મન ઉઠી જાય છે...ને તેથી ચોથા ગુણસ્થાનકે મહાન્ આત્માઓને ભોગાવલી કર્મના જોરે ભોગનો યોગ હોવા છતા ઔદાસીન્યના બળે વિષયનો વૈરાગ્ય સંભવે છે એ વાત પાકી થાય છે...

આમ આ પ્રસ્તુત અધિકારમાં શ્લોક નં. ૨(૩૬) પૂર્ણ વિષયો ભોગવીને વૈરાગ્યની સિદ્ધિની વાત જણાવી છે...તેમજ શ્લોક નં. ૨૯/૩૦ (૪૬) (૪૭)માં મનને બળાત્કારે કચડીને

દાંભિક વૈરાગ્ય સિદ્ધિની વાત જણાવી છે. તે બન્ને પ્રકારના વૈરાગ્ય હેય છે. તો શ્લોક નં. ૪૯ (૩૧) વિષયોની ફેરબદલી દ્વારા વૈરાગ્યની સિદ્ધિની વાત જણાવી છે અને શ્લોક નં. ૨૮ (૪૫) વિશિષ્ટ જ્ઞાનની દશા માત્રથી વૈરાગ્યની વાત જણાવી છે તે બન્ને ઉપાદેય છે.

# વૈરાગ્યભેદાધિકાર-૬

**तद् वैराग्यं स्मृतं दुःख-मोह-ज्ञानान्वयात् त्रिधा,**
**तत्राद्यं विषयाऽप्राप्तेः संसारोद्वेगलक्षणंम्– ॥५१॥-१**

**અર્થ :** તે વૈરાગ્ય દુઃખગર્ભિત મોહગર્ભિત અને જ્ઞાન ગર્ભિત એમ ત્રણ નામથી ત્રણ પ્રકારે છે. તેમાં વિષયોની પ્રાપ્તિ ન થતા સંસાર પ્રત્યે જે કંટાળો અને અભાવ જન્મે છે. એ દુઃખ ગર્ભિત નામનો વૈરાગ્યનો પ્રાપ્ત ભેદ છે.

**अत्राङ्गमनसोः खेदो, ज्ञान माप्यायकं न यत्,**
**निजाभीप्सितलाभे च, विनिपातोऽपि जायते ॥५१॥-२**

**અર્થ :** દુઃખ ગર્ભિત વૈરાગ્યમાં...દુઃખથી / ત્રાસથી કરેલ સંસાર ત્યાગમાં...લોચ...વિહાર અને ગુરુ પારતન્ત્ર્ય વગેરેમાં પડતા દેહ અને મનના કષ્ટોમાં, તેને આનંદ નહી પણ ખેદની અનુભૂતિ જ થાય છે...તેમજ શાસ્ત્રજ્ઞાન પણ એના મનને તૃપ્ત નથી કરી શકતું...વળી પોતાનું મનગમતું (સુખ) મળી જતા તેનું સાધુપણાથી ને વૈરાગ્યથી પતન પણ પૂર્ણ શક્ય છે.

**गृहेऽन्नमात्रदौर्लभ्यं, लभ्यन्ते मोदका व्रते,**
**वैराग्यस्यायमर्थो हि, दुःखगर्भस्य लक्षणम् ॥५२॥-७**

**અર્થ :** ઘરે તો અનાજના પણ ફાંફા છે, જ્યારે વ્રતમાં / સાધુપણામાં તો લાડુઓ મળે છે. જેના મનમાં વૈરાગ્યનો આવો અર્થ છે. તે દુઃખ ગર્ભનું લક્ષણ છે.

દુઃખ ગર્ભિત વૈરાગી "મુંડ મુંડાયે તીન ગુન મીટે શિરકીખાજ, ખાનેકો લડ્ડુ મીલે લોક કહે મહારાજ" આના માટે સાધુપણાને સારુ માને છે, અપનાવે છે.

**कुशास्त्राभ्याससंभूतं, भवनैर्गुण्यदर्शनात्,**
**मोहगर्भं तु वैराग्यं, मतं बालतपस्विनाम् ॥५४॥-८**

**અર્થ :** કુશાસ્ત્રના અભ્યાસથી ઉત્પન્ન થયેલ ભવ પ્રત્યેની નિર્ગુણતાના દર્શનથી ઉત્પન્ન થયેલ બાલ (અજ્ઞાન) તપસ્વીઓનો વૈરાગ્ય-મોહગર્ભ વૈરાગ્ય મનાય છે.

બૌદ્ધ સાંખ્ય વગેરે એકાંતઅનિત્યવાદી એકાંત નિત્યવાદી શાસ્ત્રો એ કુશાસ્ત્ર છે. તેથી તેનાથી ઉત્પન્ન થયેલ જ્ઞાન એ

વસ્તુતઃ અજ્ઞાન કે વિપરીત જ્ઞાન છે...ને તેથી ભવનિર્ગુણતાના દર્શન દ્વારા વૈરાગ્ય પામે તે છતાં ય બુદ્ધિ અજ્ઞાનથી મોહ પામેલી હોવાથી એ વૈરાગ્ય પણ મોહગર્ભિત કહેવાય.

**सिद्धांत मुपजीव्यापि, ये विरुद्धार्थभाषिण:,**
**तेषामप्येतदेवेष्टं, कुर्वता मपि दुष्करम् ॥५५॥-९**

**અર્થ :** "હું જે કહું છું તેજ જિનેશ્વરોનો સિદ્ધાંત છે." એ રીતે જિનસિદ્ધાંતનું નામ લઇને પણ જિનેશ્વરોના સિદ્ધાન્તોથી, પોતાની કપોલ કલ્પિત વાત દ્વારા વિરુદ્ધ અર્થનું પ્રતિપાદન જેઓ કરે છે, તેવા આભિનિવેશિક મિથ્યાત્વી (જમાલિ આદિ નિહ્નવો) ઓનો વૈરાગ્ય પણ મોહગર્ભિત વૈરાગ્ય છે...પછી ભલેને તેઓ દુષ્કરમાં દુષ્કર વ્રત સંયમ ને તપ કેમ ન કરતા હોય ?

**कुशास्त्रार्थेषु दक्षत्वं, शास्त्रार्थेषु विपर्यय:**
**स्वच्छन्दता कुतर्कश्च, गुणवत् संस्तवोज्झनम्॥५६॥-१२**
**आत्मोत्कर्ष: परद्रोह:, कलहो दम्भजीवनम्,**
**आश्रवाच्छादनं शक्त्युल्लंङ्घनेन क्रियादर: ॥५७॥-१३**

गुणानुरागवैधुर्य-मुपकारस्य विस्मृतिः,
अनुबन्धाद्यचिन्ता च, प्रणिधानस्य विच्युतिः॥५८॥-१४
श्रद्धामृदुत्व मौद्धत्य-मधैर्य्यमविवेकिता,
वैराग्यस्य द्वितीयस्य, स्मृतेयं लक्षणावली॥५९॥-१५

**અર્થ :** મોહ ગર્ભિત વૈરાગ્ય ને ઓળખવાના કેટલાક લક્ષણો છે...જેમકે મોહગર્ભિત વૈરાગ્ય વાળો જીવ ૧ કુશાસ્ત્રના પદાર્થો ભણાવવામાં પ્રવીણ હોય છે, ૨ સત્ શાસ્ત્રોના અર્થમાં ઉલ્ટા બોધવાળો હોય છે. ૩ સ્વચ્છંદી, ૪ કુતર્ક કરનારો, ૫ ગુણીયલ જીવોના પરિચયને છોડનારો ૬, પોતાના ગાણા ગાનારો, ૭ પરનો દ્રોહ કરનારો ૮ કલહથી ભરેલો, ૯ દાંભિક જીવન જીવનારો, ૧૦, પોતાના પાપોને છુપાડનારો, ૧૧ પોતાની શક્તિથી અધિક ક્રિયા કરનારો, ૧૨ ગુણાનુરાગથી હીન, ૧૩ ભાવિ અનર્થની પરંપરાને અનુબંધોની ચિંતા વિનાનો, ૧૪ ધર્મ યોગોમાં ચિત્તની એકાગ્રતા ગુમાવનારો, ૧૫ નાના નિમિત્તમાં પણ પડી જાય તેવી પોચકી શ્રદ્ધા ધરાવનારો, ૧૬ ઉદ્ધત, ૧૭ અધીર, ૧૮ અવિવેકી આમ, ૧૮/૧૮ લક્ષણો એ

મોહ ગર્ભ વૈરાગ્યના સમજવા.

**ज्ञानगर्भं तु वैराग्यं सम्यक्तत्त्वपरिच्छिदः,**
**स्याद्वादिनः शिवोपाय स्पर्शिनस्तत्त्वदर्शिनः ॥६०॥-१६**

**અર્થ :** તત્ત્વનો યથાવસ્થિત બોધ ધરાવનાર સ્યાદ્‌વાદશૈલીના જ્ઞાતા, મોક્ષના ઉપાયભૂત, રત્નત્રયીને સ્પર્શનારા તત્વદૃષ્ટિવાળા જીવને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હોય છે.

**उत्सर्गे वापवादे वा व्यवहारेऽथ निश्चये,**
**ज्ञाने कर्म्मणि वाऽयं चेन्न तदा ज्ञानगर्भता ॥६१॥-३५**

**અર્થ :** ઉત્સર્ગમાં કે અપવાદમાં વ્યવહાર કે નિશ્ચયમાં જ્ઞાન કે ક્રિયામાં...જો એકાંત વાદ સેવે, 'અર્થાત્ ઉત્સર્ગ માર્ગી જ કે અપવાદ માર્ગી જ વગેરે બને તો તે જ્ઞાનગર્ભતા નથી.'

**स्वागमेऽन्यागमार्थानां, शतस्येव परार्ध्यके,**
**नावतारबुधत्वं चेन्न तदा ज्ञानगर्भता. ॥६२॥-३६**

**અર્થ :** જેમ એક પરાર્ધ્યમાં સોનો સમાવેશ થઇ જ જાય

છે તેમ અન્ય આગમના પદાર્થોને જિનાગમમાં સમાવી દેવાનું જો કૌશલ્ય તમારી પાસે નથી તો વૈરાગ્યની જ્ઞાન ગર્ભતા નથી.

**नयेषु स्वार्थसत्येषु मोघेषु परचालने,**
**माध्यस्थ्यं यदि नाऽऽयातं न तदा ज्ञानगर्भता ॥६३॥-३७**

**અર્થ :** પોતાના અર્થ પ્રતિપાદનમાં સત્ય લાગતા દરેક નયો પરનયની ચાલનામાં...નિષ્ફળ ને નિરર્થક છે...તે દરેક વાદી પ્રતિવાદીના નયોમાં જો માધ્યસ્થ્ય ભાવ પ્રગટ નથી થયો તો હજી વૈરાગ્યની જ્ઞાનગર્ભતા નથી થઇ.

**आज्ञयाऽऽगमिकार्थानां, यौक्तिकानां च युक्तितः,**
**न स्थाने योजकत्वं चेन्न तदा ज्ञानगर्भता ॥६४॥-३८**

**અર્થ :** (કેવલ) આગમિક પદાર્થોમાં પરમાત્માની આજ્ઞારુપ આગમવાદ અને યુક્તિથી સિદ્ધ થતા અર્થોમાં યુક્તિવાદ / હેતુવાદનું સંયોજન કરવું જોઇએ એને બદલે આગમિક પદાર્થોમાં યુક્તિની ચર્ચા કરે, અને યુક્તિ સિદ્ધ પદાર્થોમાં આગમિક વાત રાખે તો એવાના વૈરાગ્યમાં જ્ઞાન ગર્ભતા

નથી (જીવમાં ચૈતન્યની સિદ્ધિ એ યુક્તિ સિદ્ધ પદાર્થ છે, તે સ્થાને ચૈતન્યની સિદ્ધિની યુક્તિઓનું યોજન કરવું, તેમજ નિગોદમાં અનંત જીવો છે તે આગમસિદ્ધ પદાર્થ છે ત્યાં યુક્તિ ન મળે તોય આગમ વચનનું યોજન કરવું અને તે પદાર્થ પ્રમાણ ગણાવો, આથી વિપરીત કરવામાં જ્ઞાન ગર્ભતા નથી.)

**गीतार्थस्यैव वैराग्यं ज्ञानगर्भं ततः स्थितम्,**
**उपचारादगीतस्या प्यभीष्टं तस्य निश्रया ॥६५॥-३९**

**અર્થ :** ઉપરોક્ત કથનોથી તો જ્ઞાન ગર્ભ વૈરાગ્ય એ ગીતાર્થને જ સંભવે છે...કેમકે સ્વપર સમય જ્ઞાતા ગીતાર્થ જ બની શકે છે...તેમ સાબિત થયું...તે છતાં...તે ગીતાર્થની નિશ્રા અને તેમની આજ્ઞાધીનતાથી અગીતાર્થને પણ જ્ઞાનગર્ભ વૈરાગ્ય માન્યો છે.

**सूक्ष्मेक्षिका च माध्यस्थ्यं सर्वत्र हितचिन्तनम्,**
**क्रियायामादरो भूयान्, धर्मे लोकस्य योजनम् ॥६६॥-४०**

**चेष्टा परस्य वृत्तान्ते, मूकान्ध बधिरोपमा,**
**उत्साहः स्वगुणाभ्यासे, दुःस्थस्येव धनार्जने ॥६७॥-४१**

**मदनोन्मादवमनं, मदसम्मर्दमर्दनम्,**
**असूयातन्तुविच्छेदः, समतामृतमज्जनम्॥६८॥-४२**

**स्वभावान्नैव चलनं, चिदानन्दमयात् सदा,**
**वैराग्यस्य तृतीयस्य, स्मृतेयं लक्षणावली॥६९॥-४३**

**અર્થ :** જ્ઞાનગર્ભ વૈરાગ્યના નીચે બતાવેલા ૧૨ લક્ષણો હોય છે. (૧) સૂક્ષ્મદષ્ટિ (૨) માધ્યસ્થ્ય (૩) ક્રિયામાં મોટો આદર (૪) સર્વત્ર હિતચિન્તન હિતભાવના (૫) જનતાને ધર્મમાં જોડવાની પ્રવૃત્તિ (૬) પારકાની વાતો માટે બહેરા આંધળાને મૂંગા સમા (૭) નિર્ધનને જેમ ધન મેળવવાનો ભારે ઉત્સાહ હોય છે તેમ આત્મગુણોના અભ્યાસમાં ભારે ઉત્સાહ (૮) કામના ઉન્માદનું વમન (૯) અહંકારનું મર્દન (૧૦) ઇર્ષ્યાના સૂક્ષ્મ તંતુઓનો પણ છેદ અને (૧૧) સદા સમતાના અમૃતમાં લીનતા (૧૨) જ્ઞાનાનંદ રુપ સ્વભાવમાં સ્થિરતા. આ જ્ઞાનગર્ભિત વૈરાગીના લક્ષણ છે.

ज्ञानगर्भ-मिहादेयं, द्वयोस्तु स्वोपमर्दतः,
उपयोगः कदाचित् स्यान् निजाध्यात्मप्रसादतः ।।७०।।४४

**અર્થ :** આ ત્રણે'ય પ્રકારના વૈરાગ્યમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ આદેય બને છે. ક્યારેક પોતાના અધ્યાત્મ ભાવની કૃપાએ દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય જ્ઞાનગર્ભિત બની જાય છે તો તે બન્નેનો પણ ઉપયોગ થઇ શકે....

# વૈરાગ્યવિષયાધિકાર-૭

**विषयेषु गुणेषु च द्विधा, भुवि वैराग्यमिदं प्रवर्तते,**
**अपरं प्रथमं प्रकीर्तितं परमध्यात्मबुधै र्द्वितीयकम् ॥७१॥-१**

**અર્થ :** ઇન્દ્રિયના વિષયો પ્રત્યે તથા લબ્ધિ વગેરે ગુણો પ્રત્યે વૈરાગ્ય આ જગતમાં પ્રવર્તે છે. એટલે કે વિષય વૈરાગ્ય અને ગુણ વૈરાગ્ય એમ વૈરાગ્યના વિષયાશ્રિત બે ભેદ પડે છે તે બન્ને ભેદમાં અધ્યાત્મ વિશારદો એ...પ્રથમ ભેદને અપર (જઘન્ય) અને દ્વિતીય ભેદને પર (શ્રેષ્ઠ) માન્યો છે.

**विषया उपलम्भगोचरा, अपि चानुश्रविका विकारिणः,**
**न भवन्ति विरक्तचेतसां विषधारेव सुधासु मज्जताम् ॥७२॥ २**

**અર્થ :** પ્રત્યક્ષ અનુભવાતા વિષયો હોય...કે...શાસ્ત્રકથિત દૈવીવિષયો (આનુશ્રવિક વિષયો) હોય...પરંતુ એ બન્ને પ્રકારના વિષયો વૈરાગ્ય વાસિત ચિત્તવાળાને વિકાર ઉત્પન્ન કરતા નથી જેમ અમૃતમાં ડુબેલાને વિષની ધારા વિનાશ કરી શકતી નથી તેમ.

इति शुद्धमति स्थिरीकृताऽपरवैराग्य रसस्य योगिनः,
स्वगुणेषु वितृष्णतावहं, परवैराग्यमपि प्रवर्त्तते॥७३॥-२२

**અર્થ :** આમ વિષયોની વિનાશિતા આદિની ભાવના દ્વારા શુદ્ધ મતિ જેઓની બની છે...ને શુદ્ધમતિથી જેઓએ વિષય વૈરાગ્યના રસને સ્થિર કર્યો છે. એવા યોગીઓને પોતાના તપોબળથી પ્રાપ્ત થયેલ વિવિધ લબ્ધિ રુપ ગુણોને વિષે પણ અનાસક્ત ભાવને વહન કરનારો પર વૈરાગ્ય = ગુણ વૈરાગ્ય (પણ) પ્રવર્તે છે.

हृदये न शिवेऽपि लुब्धता, सदनुष्ठान मसंगमङ्गति,
पुरुषस्य दशेऽय मिष्यते, सहजानन्दतरङ्गसङ्गता॥७४॥-२५

**અર્થ :** ગુણ વૈરાગ્યમાં પ્રગતિમાન એવા તે યોગીઓનું સદનુષ્ઠાન (વચનાનુષ્ઠાન) અસંગાનુષ્ઠાનમાં પરિણમે છે. ત્યારે...તેઓના હૃદયમાં મુક્તિ સુખ પ્રત્યેની પણ કામના રહેતી નથી મોક્ષમાર્ગી વૈરાગી પુરુષની સહજાનંદના તરંગોથી યુક્ત એવી આવી દશા જ ઇચ્છાય છે.

इति यस्य महामते र्भवेदिह वैराग्यविलासभृन्मनः,
उपयन्ति वरितु मुच्चकै स्तमुदारप्रकृतिं यशः श्रियः ॥૭૫॥-૨૬

**અર્થ :** જે મહામતિમાન્ મુનિનું મન આ લોકમાં વૈરાગ્યના વિલાસોથી ભરપૂર હોય છે...તેવા ઉદાર સ્વભાવવાળા મહાત્માઓને વરવા માટે યશ રુપી લક્ષ્મી સામે ચડીને આવે છે.

# મમતાત્યાગાધિકાર-૮

**निर्ममस्यैव वैराग्यं, स्थिरत्वमवगाहते,**
**परित्यजेत् ततः प्राज्ञो, ममता मत्यनर्थदाम् ।।७६।।-१**

**અર્થ :** જે મમતા વિનાનો બને છે, તેનો જ વૈરાગ્ય સ્થિરતાને પામે છે... તેથી પ્રાજ્ઞ વ્યક્તિએ અતિ અનર્થ આપનારી મમતાનો પરિત્યાગ કરવો ઘટે..

**विषयैः किं परित्यक्तै-र्जागर्ति ममता यदि,**
**त्यागात् कञ्चुकमात्रस्य, भुजङ्गो नहि निर्विषः।।७७।।-२**

**અર્થ :** શરીર પરની કાંચળી માત્ર ઉતારી દેવાથી વિષધર વિષરહિત નથી બનતો...નિર્વિષ થવા વિષ ત્યાગ જરૂરી છે. તેમ...મમતા જ્યાં સુધી અંતરમાં જાગતી બેઠી છે...ત્યાં સુધી વિષયોના ત્યાગનું મહત્વ નથી વિષય ત્યાગને...વૈરાગ્યને...મમતાના નાશથી જ મહત્ત્વ મળે છે.

**भिन्नाः प्रत्येक मात्मानो, विभिन्नाः पुद्गला अपि,**
**शून्यसंसर्ग इत्येवं यः पश्यति स पश्यति ।।७८।।-२१**

**અર્થ :** (જ્યાં જ્યાં તું મમત્વ કરે છે ત્યાં ત્યાં સર્વત્ર) દરેક આત્માઓ જુદા છે...અને દરેકના પુદગલો પણ તદ્દન જુદા જુદા જ છે. સંબંધ માત્ર શૂન્ય છે આવું જે જુએ છે તેજ સાચુ દર્શન કરે છે...

**अहन्ताममते स्वत्वस्वीयत्वभ्रमहेतुके,**
**भेदज्ञानात् पलायेते, रज्जुज्ञानादिवाहिमी:॥७९॥-२२**

**અર્થ :** અંતરમાં પાંગરેલી અહં વૃત્તિથી સ્વત્વ (હું પણાનો) નો ને મમતાની વૃત્તિથી સ્વીયત્વનો (મારાપણાનો) જીવને ભ્રમ પેદા થાય છે. દેહ અને આત્માનું જો ભેદજ્ઞાન સાંપડે તો, દેહાદિ પર્યાયોમાં સ્વત્વ અને સ્વજનાદિ પર્યાયોમાં સ્વીયત્વનો ભ્રમ, આ દોરી છે એવા વાસ્તવિક જ્ઞાનથી સર્પભ્રમની જેમ ભાગી જાય છે.

જો ખબર પડે કે તુ જેને સર્પ માને છે તે સર્પ નથી પણ દોરડી છે...ને સર્પનો ડર ભાગી જાય છે તેમ.

**किमेतदिति जिज्ञासा, तत्त्वान्त:ज्ञानसंमुखी,**
**व्यासङ्गमेव नोत्थातुं, दत्ते क्व ममतास्थिति: ॥८०॥-२३**

**અર્થ :** જડ ચેતનમય આ જગત્ શું છે ? એવી તત્ત્વજિજ્ઞાસા કે જે તત્ત્વની બાબતે...અન્તર્જ્ઞાનની સંમુખ કરનારી છે. જિજ્ઞાસુને અન્તર્મુખ બનાવનારી છે.

આવી તત્ત્વ જિજ્ઞાસા આછા પાતળા રાગભાવને'ય ઉઠવા નથી દેતી તો તો મમતાની સ્થિતિ તો ક્યાં રહી ?

અર્થાત્ મમતા તો તત્ત્વ જિજ્ઞાસાના સદભાવમાં ક્યાંથી જાગે ?

**धृतो योगो' न, ममता हता' न, समताऽऽदृता,**
**न च जिज्ञासितं तत्त्वं, गतं जन्म निरर्थकम् ।।८१।।-२६**

**અર્થ :** જો સર્વ વિરતિનો યોગ ધારણ કર્યો, મમતાને ન હણી...સમતાને ન આદરી...તત્ત્વની જિજ્ઞાસા ન ધરી...

તો જન્મ આખો'ય નિરર્થક ગયો...

**जिज्ञासा च विवेकश्च ममतानाशकावुभौ,**
**अत स्ताभ्यां निगृह्णीयादेनामध्यात्मवैरिणीम् ।।८२।।-२७**

**અર્થ :** તત્ત્વની જિજ્ઞાસા અને દેહ અને આત્માનો વિવેક...આ બન્ને...ય મમતાના નાશક છે...ને તેથી તત્વજિજ્ઞાસા અને વિવેક દ્વારા અધ્યાત્મની વૈરિણી એવી મમતાનો નિગ્રહ કરવો જોઇએ.

# સમતાધિકાર-૯

**त्यक्तायां ममतायां च, समता प्रथते स्वतः**
**स्फटिके गलितोपाधौ, यथा निर्मलता गुणः ॥८३॥-१**

**અર્થ :** મમતા જેવી છુટે છે. તેવી સમતા સ્વયં પ્રગટે છે. જેમ સ્ફટિકની આજુબાજુની ઉપાધિ=(પાસે રહી સ્ફટિકમાં પાસે પ્રતિબિંબિત થનારી ચીજો) ટળે છે ને સ્ફટિકની નિર્મલતારુપ ગુણ સ્વયં પ્રગટે છે.

**प्रियाऽप्रियत्वयोर्यार्थै-र्व्यवहारस्य कल्पना,**
**निश्चयात् तद्व्युदासेन स्तैमित्यं समतोच्यते ॥८४॥-२**

**અર્થ :** અનુકૂળ પ્રતિકૂળ વસ્તુદ્વારા વ્યવહારનય પ્રમાણે જે પ્રિય અપ્રિયપણાની કલ્પના (સારાખરાબપણાની કલ્પના) થાય છે. તેને નિશ્ચયનયની દૃષ્ટિથી હટાવી દેવાથી ચિત્તમાં એક પ્રકારનો શાંત, સ્થિરભાવ ઉત્પન્ન થાય છે...તેને જ સમતા કહેવાય છે.

**तेष्वेव द्विषतः पुंस स्तेष्वेवार्थेषु रज्यतः,**
**निश्चयात्किञ्चिदिष्टं वाऽनिष्टं वा नैव विद्यते ॥८५॥-३**

**અર્થ :** તેના તે જ (પ્રતિકુળ) પદાર્થોમાં દ્વેષ કરતો પુરુષ, તેના તેજ પદાર્થમાં (ક્ષણાંતરે) જ રાગ કરતો દેખાય છે...ને તેથી જ નિશ્ચય દૃષ્ટિથી કશું'ય ઇષ્ટ કે અનિષ્ટ હોતુ નથી.

**विकल्पकल्पितं तस्माद्-द्वय मेतन्न तात्त्विकम्,**
**विकल्पोपरमे तस्य, द्वित्वादिवदुपक्षयः ॥८६॥-५**

**અર્થ :** કોઇપણ પદાર્થમાં રાગ કે રોષનો ભાવ એ અનુકુળતા કે પ્રતિકુળતા વગેરેના વિકલ્પથી જન્મેલ છે વાસ્તવિક નથી...વિકલ્પ ઉડી જતા રાગદ્વેષ પણ ઉડી જાય છે. આ એક અને આ એક (એમ બે) એવી અપેક્ષા બુદ્ધિના વિકલ્પથી મેજપર પડેલ બે પુસ્તકોમાં દ્વિત્વ (બે પણાની) બુદ્ધિ જન્મે છે આપણને આ એક અને એક બે એમ કહેવાની અપેક્ષા બુદ્ધિનો વિકલ્પ શમી ગયો હોય છે ત્યારે...બે પુસ્તક મેજપર હોવા છતાં એકત્વ કે પુસ્તકત્વનો બોધ રહે છે અને દ્વિત્વનો બોધ જતો રહે છે...

અર્થાત્ તાત્વિક રીતે રાગ કે દ્વેષ પાત્ર કોઇ પદાર્થ નથી પણ આપણા વિકલ્પોના આધારે પદાર્થ રાગ પાત્ર કે રોષ પાત્ર બને છે.

**समतापरिपाके स्याद्विषयग्रहशून्यता,**
**यया विशदयोगानां, वासीचन्दनतुल्यता ॥८७॥-१०**

**અર્થ :** સમતા ભાવ પરિપકવ થયે છતે વિષયોમાં ઇષ્ટાનિષ્ટત્વની બુદ્ધિ શમી જાય છે ને વિષયનો ગ્રહ / વિષયની પક્કડ રહેતી નથી અનુકુળ કે પ્રતિકુળ વિષયો સમાન બની જાય છે. આ સમતાના કારણે જ વિશદ / વિશુદ્ધ યોગીઓને વાંસલામાં કે ચંદનમાં સમાનતા લાગે છે વાંસલા દ્વારા તેમને છોલી નાંખો કે ચંદનના શીતલ લેપ લગાવો વિશદયોગીઓને કોઇ ફરક પડતો નથી સમતા દ્વારા બધું જ સમાન લાગે છે...

**किं स्तुमः समतां साधो, या स्वार्थप्रगुणीकृता,**
**वैराणि नित्यवैराणा मपि हन्त्युपतस्थुषाम् ॥८८॥-११**

**અર્થ :** સ્વ=આત્માના અર્થે ઘુંટાયેલી સાધુની તે સમતાને અમે શું સ્તવીએ... ? એ સમતા ધરનારની નિકટમાં વસતા નિત્ય

વૈરી પ્રાણી ઉંદર / બિલાડી મોર / સર્પ વગેરેના તે વૈરોને પણ...સમતા, હણી નાંખે છે...દૂર કરી દે છે, શમાવી દે છે.

(સ્વ માટે થયેલી સમતાની સાધના પરના વૈરનો નાશ કરી દેવા સમર્થ છે.)

**दूरे स्वर्गसुखं मुक्तिपदवी सा दवीयसी,**
**मनःसंनिहितं दृष्टं, स्पष्टं तु समतासुखम् ।।८९।।-१३**

**અર્થ :** સ્વર્ગનું સુખ તો દૂર છે, ને મુક્તિ પદવીનું સુખ અતિદૂર છે. જ્યારે આપણા મનની અત્યન્ત નિકટ જો કોઇ દેખાતુ હોય તો તે છે પ્રત્યક્ષ સ્પષ્ટ એવું આ સમતાનું સુખ...

**आश्रित्य समता मेकां, निर्वृता भरतादयः,**
**नहि कष्ट मनुष्टान-मभूत्तेषां तु किञ्चन ।।९०।।-१६**

**અર્થ :** એક સમતાના આશ્રયે ભરત વગેરે જીવો ભવથી તરી ગયા...નિર્વાણ પામી ગયા...તેઓને કાંઇપણ કષ્ટકારી અનુષ્ઠાનની જરુર ન પડી...આ બધો સમતા ધર્મનો પ્રભાવ છે..

अन्यलिङ्गादिसिद्धाना-माधारः समतैव हि,
रत्नत्रयफलप्राप्ते-र्यया स्याद् भावजैनता ॥९१॥-२३

**અર્થ :** રત્નત્રયીનું ફળ જે મોક્ષ, એને અન્યલિંગીઓ આ સમતા દ્વારા જ પામે છે...જેથી આ સમતાથી જ અન્ય લિંગીઓમાં ભાવ જૈનત્વ આવે છે. આમ...અન્યલિંગ વગેરે સિદ્ધોનો આધાર આ સમતાના ભાવ જ છે...

उपायः समतैवैका, मुक्तेरन्यः क्रियाभरः
तत्तत् पुरुषभेदन, तस्या एव प्रसिद्धये ॥९२॥-२७

**અર્થ :** તે તે પુરુષના ભેદથી તે તે જુદી ક્રિયાઓનો કલાપ એ એક સમતાને સિદ્ધ કરવા માટે જ બતાવાયો છે, માટે મુક્તિનો ઉપાય એક માત્ર સમતા જ છે. એવું કથન વધું પડતું નથી

परस्मात् परमेषा य-न्निगूढं तत्त्वमात्मनः,
तदध्यात्मप्रसादेन, कार्योऽस्यामेव निर्भरः ॥९३॥-२९

**અર્થ :** પરથી પણ પર (રત્નત્રયીના સારરૂપ) આ સમતા એ આત્માનું ગૂઢમાં ગૂઢ તત્ત્વ છે...ને માટે...અધ્યાત્મ ભાવની કૃપા દ્વારા આ સમતાને વિષે જ પૂર્ણ પ્રયત્ન કરવો...

# સદનુષ્ઠાનાધિકાર-૧૦

परिशुद्धमनुष्ठानं, जायते समतान्वयात्,
कतकक्षोदसङ्क्रान्तेः कलुषं सलिलं यथा ॥९४॥-१

**અર્થ** : સમતા સંગથી ધર્મનું અનુષ્ઠાન પરિશુદ્ધ બને છે...જેમ કતકના ચૂર્ણથી ડહોળું પાણી નિર્મળ બને છે તેમ...

विषं गरोऽननुष्ठानं, तद्धेतु रमृतं परम् ।
गुरुसेवाद्यनुष्ठान-मिति पञ्चविधं जगुः ॥९५॥-२

**અર્થ** : ગુરુસેવા વગેરે વિવિધ ધર્માનુષ્ઠાનના...આશય વગેરેના આધારે ૧ વિષ ૨ ગર ૩ અનનુષ્ઠાન ૪ તદ્ધેતુ ૫ અમૃત એમ પાંચ પ્રકાર જણાવવામાં આવ્યા છે...

आहारोपधिपूजर्द्धि-प्रभृत्याशन्सया कृतम्,
शीघ्रं सच्चित्तहन्तृत्वाद्विषानुष्ठानमुच्यते ॥९६॥-३

**અર્થ** : આહાર, ઉપધિની આશંસા કે પૂજા ઋદ્ધિ વગેરે ઇહલૌકિક આશંસા (ઇચ્છા) થી જે ધર્મનું અનુષ્ઠાન કરાય

છે તે ધર્માનુષ્ઠાન જીવના શુભ અને સુંદર ચિત્તને શીઘ્ર હણનાર હોવાથી વિષાનુષ્ઠાન કહેવાય છે...

**दिव्यभोगाभिलाषेण, कालान्तरपरीक्षयात्,**
**स्वादृष्टफलसंपूर्ते, गरानुष्ठान मुच्यते ॥९७॥-५**

**અર્થ :** દિવ્યભોગની પારલૌકિક અભિલાષા દ્વારા સેવાતું ગુરુ સેવાદિ ધર્માનુષ્ઠાન પોતાના દ્વારા સર્જાયેલ શુભ પુણ્યના ફળ રુપે દેવતાઇ ભોગની પૂર્તિથી...દેવતાઇ ભોગાદિના સમયમાં જીવના શુભચિત્તનો વિનાશ કરનાર બને છે...માટે એને ગરાનુષ્ઠાન કહેવાય છે...૧. વિષાનુષ્ઠાનમાં ઇહલૌકિક વિષયાકાંક્ષા તાત્કાલિક શુભ ચિત્તને હણે છે, જ્યારે પારલૌકિક વિષયાકાંક્ષા દેવતાઇ ભોગાદિના કાળમાં સચ્ચિત્તને હણે છે...માટે...તે ગરાનુષ્ઠાન છે.

**निषेधायाऽनयोरेव, विचित्रानर्थदायिनोः,**
**सर्वत्रैवाऽनिदानत्वं, जिनेन्द्रैः प्रतिपादितम् ॥९८॥-७**

**અર્થ :** ચિત્ર વિચિત્ર અનર્થોને આપનારા આ બે અનુષ્ઠાનોનો નિષેધ કરવા માટે જ જિનેશ્વર દેવોએ

ધર્માનુષ્ઠાનમાં સર્વત્ર અનિદાનતા (અનિયાણું=નિરાશંસભાવ) રાખવાનું પ્રતિપાદન કર્યું છે...

**प्रणिधानाद्यभावेन, कर्म्मानध्यवसायिनः**
**संमूर्छिमप्रवृत्त्याभ-मननुष्ठान मुच्यते ॥९९॥-८**

**અર્થ :** ધર્માનુષ્ઠાનને યોગ્ય અધ્યવસાયથી રહિત જીવનું પ્રણિધાન=(ચિત્ત એકાગ્રતા) તે ચિત્તએકાગ્રતા વગેરે ભાવ અને ઉપયોગ વિનાનું જે ધર્માનુષ્ઠાન છે...તે સંમૂર્છિમ જીવની પ્રવૃત્તિ સમાન છે, માટે તેવું ધર્માનુષ્ઠાન એ...૩જા નંબરનું અનનુષ્ઠાન છે...

**अकामनिर्जराङ्गत्वं, कायकलेशादिहोदितम्,**
**सकामनिर्जरा तु स्यात्, सोपयोगप्रवृत्तितः ॥१००॥-१६**

**અર્થ :** અનનુષ્ઠાનમાં થતાં કાયકલેશથી એ અકામ નિર્જરાનું અંગ બને છે...પણ સકામ નિર્જરાનું અંગ બની શકતું નથી કેમકે સકામ નિર્જરા તો મોક્ષના આશય પૂર્વકની ઉપયોગ યુક્ત પ્રવૃત્તિ અનુષ્ઠાન દ્વારા જ થાય છે.

सदनुष्ठानरागेण, तद्धेतु र्मार्गगामिनाम्,
एतच्च चरमावर्तेऽनाभोगादे र्विना भवेत् ।।१०१।।-१७

**અર્થ :** મુક્તિમાર્ગગામી જીવોનું સદનુષ્ઠાનના રાગ દ્વારા અનાભોગ સહસાકાર વગેરે દોષોથી રહિત એવું ધર્માનુષ્ઠાન એ ચોથું....તદ્ધેતુ અનુષ્ઠાન કહેવાય છે...આ તદ્ધેતુઅનુષ્ઠાન ચરમાવર્તમાં આવેલ જીવને જ સંભવે છે.

चतुर्थं चरमावर्ते, तस्माद्धर्म्मानुरागतः,
अनुष्ठानं विनिर्दिष्टं, बीजादिक्रमसंङ्गतम्।।१०२।।-२०

**અર્થ :** તેથી કરીને ધર્મ (સત્ક્રિયા)ના અનુરાગથી ઉત્પન્ન થતું...આ ચોથુ તદ્ધેતુ અનુષ્ઠાન ચરમાવર્તકાળમાં જ હોય છે. આ અનુષ્ઠાન બીજ અંકુર સ્કંધ પત્ર પુષ્પ અને ફળ આદિના ક્રમથી યુક્ત છે...અર્થાત્ તેમાં થતી વિવિધ પ્રકારના ભાવથી યુક્ત ક્રિયા આ અનુષ્ઠાનમાં બીજ વગેરે બને છે.

જેમકે...શુદ્ધાનુષ્ઠાન કરનાર જીવો પ્રત્યે બહુમાન પ્રશંસા અને શુદ્ધાનુષ્ઠાન કરવાની ભાવના એ બીજ છે. નિર્મલ

ભાવપૂર્વક તે ઇચ્છા વારંવાર થવી અંકુર છે. શુદ્ધાનુષ્ઠાન ના ઉપાયો શોધવા તે સ્કંધ છે. વિવિધ પ્રવૃત્તિ દ્વારા તે ઉપાયો પ્રાપ્ત કરવા તે પત્ર છે. તે ઉપાયો પ્રાપ્ત થવા તે પુષ્પ છે. શુદ્ધ શુભ ભાવોની પ્રાપ્તિ તે ફળ છે.

**जैनी माज्ञां पुरस्कृत्य, प्रवृत्तं चित्तशुद्धितः,**
**संवेगगर्भ मत्यन्त-ममृतं तद्विदो विदुः ॥१०३॥-२६**

**અર્થ :** જે અનુષ્ઠાનમાં ભગવાનની આજ્ઞાને આગળ કરાતી હોય ચિત્ત (આશય)ની શુદ્ધિ પૂર્વક જેની પ્રવૃત્તિ થતી હોય અને જેની અંતર્ગત અત્યન્ત મોક્ષ રુચિ (સંવેગ) ભાવ રહ્યો હોય એને તેના જાણકારો અમૃતાનુષ્ઠાન કરે છે...

**शास्त्रार्थालोचनं सम्यक् प्रणिधानं च कर्मणि,**
**कालाद्यङ्गाऽविपर्यासोऽमृतानुष्ठानलक्षणम् ॥१०४॥-२७**

**અર્થ :** જે અનુષ્ઠાનમાં શાસ્ત્રીય પદાર્થોની ભરપૂર અનુપ્રેક્ષા હોય ક્રિયામાં મન વચન કાયાની એકાગ્રતા હોય. અનુષ્ઠાનનો વિહિતકાલ તથા વિનય વગેરે ક્રિયાના અંગોની અવિપરીતતા હોય તે અમૃતાનુષ્ઠાનના લક્ષણો છે.

द्वयं हि सदनुष्ठानं, त्रयमात्रासदेव च,
तत्राऽपि चरमं श्रेष्टं, मोहोग्रविषनाशनात् ॥१०५॥-२८

**અર્થ :** પાંચ અનુષ્ઠાનમાં પાછળના બે (તદ્ધેતુ/અમૃત) અનુષ્ઠાન એ સદનુષ્ઠાન છે. અને પ્રથમના ત્રણ (વિષ-ગરલને અનનુષ્ઠાન) એ અસદ્ અનુષ્ઠાન જ છે. તેમાં પણ મોહના ઉગ્ર ઝેરને હણી નાંખતું ચરમ અનુષ્ઠાન અમૃતાનુષ્ઠાન એ સર્વ શ્રેષ્ઠ છે....

आदरः करणे प्रीति-रविघ्नः सम्पदागमः,
जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्टानलक्षणम् ॥१०६॥-२९

**અર્થ :** તદ્ધેતુ અને અમૃત અનુષ્ઠાન રુપ બે સદનુષ્ઠાનને ઓળખાવનાર સદનુષ્ઠાન કર્મના ૬ લક્ષણો છે...

૧. **આદર :** મોક્ષ અને મોક્ષપ્રાપક અનુષ્ઠાન પ્રત્યેનું બહુમાન. અનુષ્ઠાન કરવાનો પ્રેમ.

૨. **અવિઘ્ન :** અનુષ્ઠાનમાં આવતા વિઘ્ન ઉપર જય પ્રાપ્ત કરવો.

**૩. સમ્પદાગમ :** અલૌલ્ય, અક્રૂરપણું આદિ યોગ સંપત્તિનું આગમન.

**૪. જિજ્ઞાસા :** મોક્ષ-મોક્ષ પ્રાપક ક્રિયાના સ્વરુપને જાણવાની ઇચ્છા.

**૫. તજ્જ્ઞસેવા :** મોક્ષ રુચિ ને મોક્ષ પ્રાપક ક્રિયાના જ્ઞાતા મહાત્માની સેવા અને કૃપા મેળવવી.

આના દ્વારા જીવ સદનુષ્ઠાનમાં છે. તે જણાય છે...

# મન:શુદ્ધિ અધિકાર-૧૧

उचित माचरणं शुभ मिच्छतां,
प्रथमतो मनसः खलु शोधनम्,
गदवतां ह्यकृते मलशोधने,
कमुपयोग मुपैतु रसायनम्।।१०७।।-१

**અર્થ :** શુભ / કલ્યાણને કરનારા આચરણના ઇચ્છુકે સહુ પ્રથમ મનની શુદ્ધિ કરવી ઉચિત છે...(પેટની) મલશુદ્ધિ કર્યા વિના રોગીને ક્યું રસાયણ ઉપયોગી બની શકે ?, (કોઇ નહીં) શુભ અનુષ્ઠાન રસાયણ સમાન છે ને મનશુદ્ધિ એ મલશુદ્ધિ સમાન છે.

अनुभवामृतकुण्डमनुत्तर-
व्रतमराल-विलासपयोजिनी,
सकलकर्मकलंङ्कविनाशिनी,
मनस एव हि शुद्धिरुदाहृता ।।१०८।।-१४

**અર્થ :** અનુભવનો અમૃતકુણ્ડ કહો કે,...શ્રેષ્ઠ વ્રતોરુપી હંસોને ખેલવા કમલિની સમાન કહો, તો તે સકલ કર્મના કલંકનો વિનાશ કરનારી એક મનની શુદ્ધિ જ છે.

प्रथमतो व्यवहारनयस्थितो
ऽशुभविकल्पनिवृत्तिपरो भवेत्,
शुभविकल्पमयव्रतसेवया,
हरति कण्टक एव हि कण्टकम् ॥१०९॥-१५

**અર્થ :** જેમ કાંટો કાંટાને કાઢે છે. તેમ શુભ વિકલ્પ અશુભ વિકલ્પને હરે છે...માટે વ્યવહાર નયમાં રહેલા જીવે સહુ પ્રથમ શુભ વિકલ્પ રુપ વ્રત સેવા દ્વારા (મહાવ્રતોની ભાવના આદિ દ્વારા) અશુભ વિકલ્પની નિવૃત્તિમાં તત્પર બનવું...

च्युतमसद् विषयव्यवसायतो,
लगति यत्र मनोऽधिकसौष्ठवात्
प्रतिकृतिः पदमात्मवदेव वा,
तदवलम्बनमत्र शुभं मतम् ॥११०॥-१७

**અર્થ :** અસત્ વિષયોના વ્યાપારથી હટી ગયેલું આપણું મન જ્યાં સહેલાઇથી લાગે છે, એવી જિનપ્રતિમા અથવા એવું આત્માથી સંલગ્ન શાસ્ત્રનું પદ તે અહિંઆં શુભ આલંબન મનાયું છે.

(અહિંઆં પિંડસ્થ વગેરે ધ્યાનના આલંબનો પણ શુભ આલંબનમાં સમજી લેવા)

तदनु काचननिश्चयकल्पना,
विगलित व्यवहारपदावधिः,
न किमपीति विवेचन संमुखी,
भवति सर्वनिवृत्तिसमाधये ॥१११॥-१८

**અર્થ :** જેમાંથી વ્યવહાર માર્ગના સ્થાનોની મર્યાદા પણ ઓગળી ગઇ છે, તેવી કોઇ અપૂર્વ કોટિની નિશ્ચયકલ્પના, અશુભ વિકલ્પોથી શુભ વિકલ્પોમાં સ્થિર થયા પછી પ્રગટે છે. તે નિશ્ચય કલ્પના...''બાહ્ય તમામ વૃત્તિઓ કાંઇ નથી''...એમ કરી શુદ્ધ આત્માના વિવેચન તરફ સન્મુખ બને છે. અને તેજ કલ્પના દ્વારા સર્વ વૃત્તિઓની નિવૃત્તિ દ્વારા ઉત્પન્ન થતી સમાધિ (નિર્વિકલ્પ દશા) પ્રાપ્ત થાય છે.

गलितदुष्टविकल्पपरम्परं,
धृतविशुद्धि-मनो भवतीदृशम्,
धृति मुपेत्य ततश्च महामतिः,
समधिगच्छति शुभ्रयशःश्रियम् ॥११२॥-२२

**અર્થ :** અશુભ વિકલ્પની પરંપરાથી રહિત અને વિશુદ્ધિવાળું મન જ અંતે સ્થિર નિર્વિકલ્પ એવું બને છે...ને ત્યારબાદ મહામતિમાન્ મહાત્મા ધૃતિભાવને પામી ઉજ્જવળ યશ લક્ષ્મીને વરે છે.

# સમ્યક્ત્વાધિકાર-૧૨

શુભવિકલ્પ કે નિર્વિકલ્પતામય મનની અવસ્થા પણ પરમાત્મ કથિત નિત્યાનિત્ય વગેરે ભેદથી શુદ્ધ આત્માદિના સ્વીકારની શ્રદ્ધા હોય તો જ સાચી મનઃશુદ્ધિ રૂપ બને છે. માટે પરમાત્માના કથિત તત્ત્વના બોધ રુપ સમ્યકૂત્વના અધિકારની રચના ઉપાધ્યાયજી મ.સા. કરી રહ્યા છે...

**मनःशुद्धिश्च सम्यक्त्वे, सत्येव परमार्थतः,**
**तद्विना मोहगर्भा सा, प्रत्यपायानुबंधिनी ॥११३॥-१**

**અર્થ :** સમ્યકત્વ હોતે છતે જ પરમાર્થથી (નિશ્ચયનયે) મનની શુદ્ધિ હોય છે...સમ્યકત્વ વિનાની મનઃશુદ્ધિ (શુભ વિકલ્પ કે નિર્વિકલ્પતારુપ) મોહ (અજ્ઞાન) ગર્ભિત હોવાથી ઉલ્ટી અનર્થની પરંપરા આપનારી બને છે.

**तत्त्वश्रद्धानमेतच्च गदितं जिनशासने,**
**सर्वे जीवा न हन्तव्याः, सूत्रतत्त्वमितीष्यते ॥११४॥-२**

**અર્થ :** તત્વ પ્રત્યેની શ્રદ્ધાને જિનશાસનમાં સમ્યકત્વ કહ્યું

છે. અને સર્વે જીવો હણવા યોગ્ય નથી, એવા જ્ઞાનને, સૂત્રમાં તત્ત્વ શ્રદ્ધાન રૂપ કહ્યું છે...(જીવ એ તત્ત્વ છે, તેને મારવો ન જોઇએ એવી જીવ પ્રત્યેની લાગણી) એ શ્રદ્ધા છે.

**इहैव प्रोच्यते शुद्धाऽहिंसा वा तत्त्व मित्यतः,**
**सम्यक्त्वं दर्शितं सूत्र-प्रामाण्योपगमात्मकम् ॥११५॥-९**

**અર્થ :** અથવા આ જિનસૂત્રમાં જ શુદ્ધ અહિંસા પ્રતિપાદિત કરાઇ છે આથી આ જિનસૂત્રો જ તત્વ છે. આમ સૂત્રના પ્રામાણ્યના સ્વીકાર સ્વરુપ પણ સમ્યકૃત્વ શાસ્ત્રોમાં દેખાડાયું છે.

**तत्रात्मा नित्य एवेति येषामेकान्तदर्शनम्,**
**हिंसादयः कथं तेषां, कथमप्यात्मनोऽव्ययात् ॥११६॥-२४**

**અર્થ :** શુધ્ધ અહિંસા ના સંભવ અંગે વિચારણા કરતા. "આત્મા નિત્ય જ છે." (કોઇપણ સ્વરુપે તેનો નાશ નથી થતો) એવું જેઓનું એકાંત દર્શન છે, તેઓના મતમાં હિંસા ઘટી જ નથી શકતી કેમકે આત્મા તો અવ્યય-અવિનાશી જ છે તેને કોઇપણ જીવની હિંસા લાગી શકે નહી. તો અહિંસા ધર્મના પાલનની શી જરૂર ?

न च हिंसापदं नाशपर्यायं कथमप्यहो,
जीवस्यैकान्तनित्यत्वेऽनुभवाबाधकं भवेत् ? ॥११७॥-२७

**અર્થ :** વળી હિંસા પદ એ (જીવના) નાશનું પર્યાય વાચક પદ છે. એટલે એ કોઇપણ હિસાબે એકાન્ત નિત્ય જીવમાં ઘટી ન શકે, ઉત્પન્ન થઇ ન શકે. તેમ છતાં એકાન્ત નિત્ય જીવનો નાશ પર્યાય માનો...(હિંસા માનો). તો અનુભવ વિરોધ પેદા કેમ ન થાય ? કારણ કે એકાન્ત નિત્યનો નાશ અસંભવ છે.

अनित्यैकान्तपक्षेऽपि, हिंसादीनामसम्भवः,
नाशहेतोरयोगेन, क्षणिकत्वस्य साधनात् ॥११८॥-२८

**અર્થ :** આત્માને એકાન્ત અનિત્ય-ક્ષણિક માનનારના (બૌદ્ધ દર્શન) પક્ષમાં પણ હિંસા પદાર્થ અસંભવિત છે. કેમકે એકાન્ત અનિત્ય વાદી પક્ષ...નાશના કોઇપણ કારણ ના યોગ વગર સ્વતન્ત્ર જ પદાર્થોનું ક્ષણિકત્વ સિદ્ધ કરે છે અર્થાત્ પદાર્થ સ્વયં બીજી ક્ષણે નાશ પામી જાય છે...નાશક ની જરુર નથી, તો પછી હિંસક અને હિંસા જેવું કશું ઘટી શકશે નહી...

घटन्ते न विनाऽहिंसां, सत्यादीन्यपि तत्त्वतः,
एतस्या वृत्तिभूतानि, तानि यद् भगवान् जगौ ॥११९॥-३७

**અર્થ :** અહિંસા વિના તાત્વિક રીતે સત્યાદિ પણ ઘટી શકતા નથી કેમકે અહિંસા વ્રતની વાડરુપે જ સત્યાદિ છે એમ ભગવાને કહ્યું છે...

मौनीन्द्रे च प्रवचने,
युज्यते सर्वमेव हि,
नित्यानित्ये स्फुटं,
देहाद्भिन्नाभिन्ने तथाऽऽत्मनि ॥१२०॥-३८

**અર્થ :** જિનેશ્વરદેવોના શાસનમાં જ અહિંસાદિ સર્વ ઘટી શકે છે કેમકે આ શાસનમાં અનેકાંતવાદથી આત્માને નિત્યાનિત્ય તથા દેહથી કથંચિત્ ભિન્ન અને અભિન્ન રુપે સ્વીકારાયો છે...(એકાંતવાદી આ દર્શન નથી)

आत्मा द्रव्यार्थतो नित्यः, पर्यायार्थाद्विनश्वरः,
हिनस्ति हन्यते तत्तत्फलान्यप्यधिगच्छति ॥१२१॥-३९

**અર્થ :** દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આત્મા નિત્ય છે...તો પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એ વિનશ્વર પણ છે. આમ ભિન્ન ભિન્ન અપેક્ષાએ આત્મા નિત્ય અને અનિત્ય છે. માટે...એ હણે પણ છે અને હણાય પણ છે...ને હણવા ને હણાવાના તે તે ફળોને પણ પામે છે. આમ હિંસા અહિંસા આદિ જિનશાસનમાં જ ઘટી શકે છે...

**इत्थं सदुपदेशादे-स्तन्निवृत्तिरपि स्फुटा,**
**सोपक्रमस्य पापस्य, नाशात् स्वाशयवृद्धितः ।।१२२।।-४४**

**અર્થ :** આમ જિનશાસનમાં...હિંસા આત્માને પરિણામી માનીને ઘટી શકે છે. તેવી રીતે એ હિંસા રુપ પાપની નિવૃત્તિ = અહિંસાની પણ ૩ હેતુથી સ્પષ્ટ રીતે સિદ્ધિ થઇ શકે છે...તે ત્રણ હેતુમાં પ્રથમ છે...સદ્દુપદેશ...

૧. **સદ્દુપદેશ**-હિંસાના સ્વરુપ ફળ વગેરેનું કથન ને સૂક્ષ્મ સ્થૂલ વગેરે. અહિંસાના ભેદોનો ઉપદેશ એના દ્વારા અહિંસાનો ભાવ ઉત્પન્ન થાય છે...

૨. **સોપક્રમ પાપનો નાશ** = અપર્વતનીય ચારિત્ર મોહનીય

(જે હિંસા કરવા પ્રેરે છે...) તેનો નાશ અર્થાત્ શુભ પરિણામ દ્વારા હિંસાના ભાવનો નાશ કરવાથી અહિંસા ઉત્પન્ન થાય છે.

૩. **સ્વાશય વૃદ્ધિ** = શુભ આશય = કોઇ જીવને મારે દુઃખ ન પહોંચાડવું... આવા દયાના પરિણામ એ શુભાશય છે. તે દયાના ભાવની વૃદ્ધિથી અહિંસારુપ ધર્મ ઉત્પન્ન થાય છે.

**अहिंसासंभव श्चेत्थं, दृश्यतेऽत्रैव शासने,**
**अनुबंधादिसंशुद्धि-रप्यत्रैवाऽस्ति वास्तवी ॥१२३॥-४६**

**અર્થ** : આમ અહિંસાનો સંભવ આ જ જિનશાસનમાં સ્યાદ્‌વાદ દૃષ્ટિએ દેખાય છે...તેમજ અહિંસાની અનુબંધ વગેરેની સંશુધ્ધિ પણ આજ જિનશાસનમાં વાસ્તવિક બને છે.

(સમકિતી, દેશ વિરતિધર, સર્વ વિરતિધરની દેખીતી હિંસાદિની પ્રવૃત્તિમાં પણ / કરવી પડતી હિંસાદિ પ્રવૃત્તિમાં પણ જીવ હિંસાનો દુષ્ટાશય ન હોવાથી હિંસાનો પણ ખરાબ અનુબંધ પડતો નથી એજ અનુબંધની સંશુદ્ધિ છે.)

**इद्दग् भंङ्गशतोपेता-ऽहिंसा यत्रोपवर्ण्यते,**
**सर्वांशपरिशुद्धं तत्, प्रमाणं जिनशासनम् ॥१२४॥-५६**

**અર્થ :** આમ સેંકડો ભેદોથી પરિશુદ્ધિ અહિંસા જ્યાં વર્ણવાય છે...તે સર્વ અંશથી પરિશુદ્ધ એવું જિનશાસન જ પ્રમાણભૂત છે.

**अर्थोऽयमपरोऽनर्थ, इति निर्धारणं ह्रदि,**
**आस्तिक्यं परमं चिह्नं, सम्यक्त्वस्य जगु र्जिना:।।१२५।।-५७**

**અર્થ :** શુધ્ધ અહિંસા એજ તત્ત્વ છે...એવી શ્રધ્ધા એ સમ્યકત્વ છે...અને એ સમ્યકત્વનું પરમ લક્ષણ...આસ્તિક્ય છે...

પરમાત્માના વચનો એજ અર્થ છે, પરમાર્થ છે, બાકીનું સર્વ અનર્થ રુપ છે...આવું નિર્ધારણ...આવો નિશ્ચય હૃદયમાં રાખવો તે આસ્તિક્ય છે...

**शमसंवेगनिर्वेदानुकम्पाभिः परिष्कृतम्,**
**दधता मेत दच्छिन्नं, सम्यक्त्वं स्थिरतां व्रजेत्।।१२६।।-५८**

**અર્થ :** શમ સંવેગ નિર્વેદ અને અનુકંપા વગેરેથી અલંકૃત નિર્મળ એવા સમ્યકત્વને સતત ધારણ કરવાથી જ એ સમકિત સ્થિર થાય છે...સ્થિરતા ને પામે છે.

**मिथ्यात्वत्यागतः शुद्धं सम्यक्त्वं जायतेऽङ्गिनाम्,**
**अतस्तत् परिहाराय, यतितव्यं महात्मना ॥१२७॥-१**

**અર્થ :** શુધ્ધ સમ્યકત્વની પ્રાપ્તિ...જીવોને મિથ્યાત્વના ત્યાગથી જ થાય છે...માટે તે મિથ્યાત્વનો ત્યાગ કરવા મહાત્માઓએ પ્રયત્ન કરવો જોઇએ.

**नास्ति, नित्यो न, कर्ता च, न भोक्तात्मा, न निर्वृतः,**
**तदुपायश्च ने त्याहु, र्मिथ्यात्वस्य पदानि षट् ॥१२८॥-२**

**અર્થ :** આત્મા નથી (૧) આત્મા નિત્ય નથી (૨) આત્મા કર્માદિનો કર્તા નથી (૩) આત્મા કર્માદિનો ભોક્તા નથી (૪) આત્માની (સર્વકર્મથી) મુક્તિ નથી (૫) તેમજ મુક્તિના ઉપાયો નથી (૬) આમ આ ૬ પદો મિથ્યાત્વના છે.

**एतै र्यस्माद् भवे च्छुद्धव्यवहारविलंघनम्,**
**अयमेव च मिथ्यात्वध्वंसी सदुपदेशतः ॥१२९॥-३**

**અર્થ :** દાનાદિના તથા ઉપદેશાદિના શુદ્ધ વ્યવહારોનું ઉલ્લંઘન-આત્મા નથી, એ નિત્ય નથી, વગેરે ૬ પદો દ્વારા

જ થાય છે...તો...આત્મા છે...નિત્ય છે...વગેરે પ્રતિપક્ષી ૬ સત્પદો દ્વારા મિથ્યાત્વનો ધ્વંસ પણ આજ પ્રતિપક્ષી ષટ્ પદ પ્રરુપણાથી થાય છે...

**प्राधान्याद् व्यवहारस्य ततस्तच्छेदकारिणाम्,**
**मिथ्यात्वरुपतैतेषां पदानां परिकीर्तिता ॥१३०॥-९**

**અર્થ :** શુભ શુદ્ધ ધર્મ વ્યવહારનું પ્રાધાન્ય હોવાથી તે વ્યવહારનો વિચ્છેદ કરનારા "આત્મા નથી" વગેરે ષટ્પદોની મિથ્યાત્વ રુપતા પ્રરુપાઇ છે.

## ''આત્માનથી''એ પ્રથમ પદનો પૂર્વ પક્ષ ઉત્તર પક્ષ

**नास्त्येवात्मेति चार्वाकः, प्रत्यक्षानुपलम्भतः,**
**अहन्ताव्यपदेशस्य, शरीरेणोपपत्तितः ॥१३१॥-१०**

**અર્થ :** ચાર્વાક દર્શન આત્માનુ પ્રત્યક્ષ ન થતુ હોવાથી આત્મા નથી એવો સિદ્ધાંત બાંધે છે.

'અહં' 'અહં' ની જે પ્રતીતિ થાય છે. તે પ્રતીતિ શરીરમાં જ થાય છે...અહં...એટલે દેખાતું આ શરીર એનાથી ભિન્ન એવો કોઇ આત્મા નથી...

**तदेतद् दर्शनं मिथ्या, जीवः प्रत्यक्ष एव यत्,**
**गुणानां संशयादीनां प्रत्यक्षाणामभेदतः ॥१३२॥-१६**

**અર્થ :** ''આત્મા નથી...પ્રત્યક્ષ ન હોવાથી'' આવી વાત કરનારું...આ ચાર્વાક દર્શન એ મિથ્યાદર્શન છે. કેમકે જીવ એ પ્રત્યક્ષ જ છે. ભલે રુપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દથી એ પર હોય પણ...દરેકના સંશયાત્મક જ્ઞાન અને નિશ્ચયાત્મક જ્ઞાન રુપ ગુણ પ્રત્યક્ષ થાય છે...એ જ્ઞાન ગુણ અને ગુણી આત્મા

બન્ને કથંચિદ્ અભેદ જ છે. ગુણના પ્રત્યક્ષથી ગુણીનો પ્રત્યક્ષ માનવો જ જોઇએ.

**सिद्धिः स्थाण्वादिवद् व्यक्ता संशयादेव चात्मनः**
**असौ खरविषाणादौ व्यस्तार्थविषयः पुनः ॥१३३॥-२६**

**અર્થ :** જગત્ નો એક નિયમ એવો છે કે જેનો તમને સંશય થાય તે વસ્તુ અસ્તિત્વ ધરાવતી જ હોય...જેનું અસ્તિત્વ ન હોય તેનો સંશય થતો જ નથી.

જેમકે ઠુંઠુ (સ્થાણુ) જોઇ (અલ્પપ્રકાશમાં) કોઇને આ ઠુંઠું છે ? કે માણસ છે ? તેવો સંશય થયો તો આ શંકા એ જ પ્રગટ સાબીત કર્યું કે ઠુંઠુને માણસ ક્યાંક ને ક્યાંક અસ્તિત્વ ધરાવે છે...બન્ને અસત્ નથી.

એજ રીતે આત્મા છે કે નહી ? આવો સંશય / શંકા...એ પણ આત્માનું ક્યાંક ને ક્યાંક અસ્તિત્વ જ સ્પષ્ટ પણે સાબીત કરે છે. કેમકે અસત્ પદાર્થ સંબંધી અસ્તિત્વાદિની શંકા શક્ય નથી.

આ સંદર્ભમાં કોઇ એવું કહે કે 'ખરવિષાણ'' (ગધેડાનું શીંગડું) છે કે નહી ? આવો સંશય શું ખરવિષાણનું અસ્તિત્વ સાબીત કરશે ? ગધેડાનું શૃંગ અસત્ છે. છતા આવો સંશય તો થાય છે ?

એ બાબતમાં ચિંતન કરતા એવું સમજાય છે કે ખરવિષાણ (ગર્દભશૃંગ) છે કે નહી આવા સંશયનો વિષય ગધેડાના શિંગડા સ્વરુપ અસત્ પદાર્થ નથી ?...કેમકે જે છે જ નહી તેનો સંશય / શંકા પણ થતી નથી.

પરંતુ ખરવિષાણ છે કે નહી ? આવા સંશયમાં ખરેખર તો...વિષાણની સંબંધિતા...જે ગાયના મસ્તક પર પ્રસિદ્ધ છે (સત્ છે) તેવી સંબંધિતા ખરના મસ્તક પર છેકે નહીં ? એ વાત સમાઇ છે.

આ વિષાણ સંબંધિતા એ ''ખરવિષાણ'' રુપ બન્ને સમસ્ત પદના અર્થથી ભિન્ન...વ્યસ્ત (સમાસમાં ન રહેલો) પદનો અર્થ છે...ને તેવો વ્યસ્ત પદાર્થ...ખર, વિષાણ છે કે નહીં ? એ સંશય નો...વિષય છે...

(અથવા ખર = ગર્દભ પણ સત્ છે. ને વિષાણ=શિંગડુ પણ સત્ છે તેથી વ્યસ્ત = છુટા છુટા ખર અને વિષાણ એ વ્યસ્તપદો સંશયનો વિષય બને છે. નહીંકે અસત્ એવું સમસ્ત ખરવિષાણ પદ વિષય બને છે.)

પરંતુ સમસ્ત (સમાસ કરાયેલો) એવો અસત્ એવો ખર વિષાણ રુપ પદાર્થ સંશયનો વિષય નથી.

આમ...ઠુંઠાના અસ્તિત્વની સિદ્ધિ જેમ ઠુંઠાના સંશયથી જ પ્રગટ થાય છે. તેમ આત્માના સંશયથી આત્માના અસ્તિત્વની સિદ્ધિ પ્રગટ થાય છે.

ખરવિષાણ જેવા સમસ્ત પદના સ્થાને સંશયનો વિષય સમસ્ત પદાર્થ નહી વ્યસ્ત પદાર્થ બને છે.

**अजीव इति शब्दश्च, जीवसत्तानियंत्रितः,**
**असतो न निषेधो यत्, संयोगादि निषेधनात् ॥१३४॥-२७**

**અર્થ :** અજીવ શબ્દ પણ જીવના અસ્તિત્વ સાથે સંકળાયેલો છે (અજીવ=અસ્તિત્વ ધરાવતો જે જીવ છે તે આ જડ પદાર્થ નથી, એમ થયું) કેમકે, અસત્ પદાર્થનો ક્યાંય નિષેધ કરવો

શક્ય નથી. જ્યાં કદાચ અસત્‌નો નિષેધ છે એવું લાગે ત્યાં વાસ્તવમાં અસત્ પદાર્થનો નિષેધ નથી હોતો પણ જે-તે બે સત્ પદાર્થો ના સંયોગાદિ સંબંધનો નિષેધ હોય છે...

જેમકે ખરવિષાણ=ગધેડાનું શિંગડુ નથી આ સ્થળે ગર્દભ શૃંગ જેવા અસત્‌નો નિષેધ લાગે છે પણ ખરેખર તો એ અસત્‌નો નિષેધ નથી કિન્તુ ગર્દભ રુપ સત્ અને ગાય વગેરેના મસ્તક પર ઉગતું શૃંગ રુપ સત્, એમ બે સત્ વચ્ચે...સંયોગ કે સમવાય સંબંધ નથી એમ એ સંબંધ નિષેધનું કથન છે.

અસત્ નો નિષેધ થતો નથી થાય છે માત્ર બે સત્ વચ્ચેના સંબંધનો નિષેધ...

**संयोगः समवायश्च सामान्यं च विशिष्टता,**
**निषिध्यते पदार्थानां ते एव न तु सर्वथा ।।१३५।।-२८**

**અર્થ :** વિદ્યમાન પદાર્થોનો ક્યારે'ય સર્વથા નિષેધ શક્ય જ નથી...વિદ્યમાન પદાર્થોની બાબતમાં જ્યારે નિષેધાત્મક વાણીનો ઉપયોગ થાય છે ત્યારે વસ્તુનો કોઇ સાથે ના જોડાણનો (**સંયોગનો**) વસ્તુ વસ્તુ વચ્ચેની એક રુપતા

(**સમવાયનો**), કે વસ્તુના સામાન્ય ધર્મનો, કે વસ્તુના વૈશિષ્ટ્યનો નિષેધ હોય છે. વિદ્યમાન પદાર્થોનો સર્વથા નિષેધ હોતો નથી...

દા.ત. ◆ **"રાજા ઉદ્યાનમાં નથી"** ત્યારે રાજાનો કે ઉદ્યાનનો સંપૂર્ણ નિષેધ નથી...રાજા પણ છે ઉદ્યાન પણ છે પણ...રાજા અને ઉદ્યાનનો સંયોગ નથી.

◆ **"દૂધમાં મીઠાશ નથી"** કે **"સીરામાં ગળપણ નથી"** આ નિષેધમાં મીઠાશ કે ગળપણ રુપ ગુણનો દૂધ કે શીરા રુપ દ્રવ્યમાં સમવાય (એકાત્મતા) નથી. નહી કે મીઠાશનું દુનીયામાં અસ્તિત્વ નથી.

◆ **"આ ઘટ છે પટ નથી"** માં **"પટ નથી"** એટલે સર્વથા પટ નથી એમ નહી પણ આ ઘટમાં પટના પટત્વરુપ સામાન્ય ધર્મનો નિષેધ છે.

**'દંડી પુરુષ નથી'** એટલે તે સ્થાનમાં પુરુષ નથી એમ નહીં, પણ પુરુષ પાસે દંડ વૈશિષ્ટ્ય નથી.

**शुद्धं व्युत्पत्तिमदज्जीव, पदं सार्थं घटादिवत्,**
**तदर्थश्च शरीरं नो, पर्यायपदभेदतः ॥१३६॥-२९**

**અર્થ :** જીવ પદ એ શુદ્ધપદ છે અને...વ્યુત્પત્તિવાળુ પદ છે, માટે (શુધ્ધવ્યુત્પત્તિમદ્) ઘટપદની જેમ તેનો પણ સ્વતંત્ર અર્થ છે. વળી જીવ પદનો તે અર્થ શરીર નથી કેમકે કોષાદિમાં જીવના પર્યાયમાં શરીરના નામ નથી ને શરીરના પર્યાયમાં જીવ કે આત્માના નામ નથી.

ઘટ પદની વ્યુત્પત્તિ-''**घटते-चेष्टते जलाहरणादिषु**'' જલાહરણાદિ કાર્યમાં, જે ઉપયોગી થાય તે ઘટ છે. તેમ ''**जीवति जीविष्यति इति जीव**'' જે જીવ્યો છે જીવે છે અને જીવશે તે જીવ-આવી વ્યુત્પત્તિ જીવપદની છે...

આમ જીવ પદ ''ડિત્થ'' ''ડ વિત્થ'' વગેરે પદ ની જેમ યાદૃચ્છિક નહી પણ. વ્યુત્પત્તિમદ્ છે. ને વળી ''શશશૃંગ'' ની જેમ અશુદ્ધ (વ્યસ્ત) પદં નથી પણ શુદ્ધ પદ છે માટે...ઘટ પદનો જેમ પદાર્થ ઘટ છે, એજ રીતે જીવપદનો પદાર્થ આત્મા છે...શરીરાદિના પર્યાયોમાં જીવનો સમાવેશ થતો ન હોવાથી

શરીર એનો અર્થ બની ન શકે.

**ज्ञानक्षणावलीरुपो, नित्यो नात्मेति सौगताः,**
**क्रमाक्रमाभ्यां नित्यत्वे युज्यतेऽर्थक्रिया नहि ॥१३७॥-३१**

**અર્થ :** (બૌદ્ધદર્શન-સૌગતો) આત્મા છે...પણ...એ તો એક એક ક્ષણીય જ્ઞાનની ધારા રુપ છે, માટે નિત્ય નથી. (આ ક્ષણાનું જ્ઞાન ઉત્પન્ન થયું નાશ થયું...પછી દ્વિતીય ક્ષણે જ્ઞાન ઉત્પન્ન થયું નાશ પામ્યું....આવી ક્ષણક્ષણની જ્ઞાનધારા રુપ આત્મા છે. અને આવો ક્ષણિક અનિત્ય આત્મા જ માનવો પડે છે...કેમકે ક્રમથી કે અક્રમથી નિત્ય વસ્તુ કોઇપણ કાર્ય કરી શકતી નથી...

અમે નિત્યવાદીને પૂછીએ છીએ કે (તમારો) નિત્ય એવો આત્મા ક્રમસર કાર્ય કરે છે ? જો ક્રમસર કાર્ય કરે તો પ્રથમ ક્ષણીય કાર્ય કરવાનો સ્વભાવ પ્રથમક્ષણે, દ્વિતીયક્ષણીય કાર્ય કરવાનો સ્વભાવ દ્વિતીય ક્ષણે...આમ પ્રતિક્ષણે વિભિન્ન સ્વભાવ થતાં એનો સ્થિર એક સ્વભાવ ન રહ્યો...ને સ્વયંભૂ આત્મા ક્ષણેક્ષણે ભિન્ન એવો ક્ષણિક થયો...ને હવે જો...નિત્ય એવો

આત્મા ક્રમથી નહી પણ યુગપત્ (એકી સાથે) કાર્ય કરે છે એમ માનો તો તો પ્રથમ ક્ષણે જ સર્વ કાર્યનો સંભવ થવાની આપત્તિ આવે...માટે આત્મા ક્ષણિક છે અનિત્ય છે નિત્ય નથી.

**मिथ्यात्ववृद्धिकृन् नूनं, तदेतदपि दर्शनम्,**
**क्षणिके कृतहानि र्यत्तथात्मन्यकृतागमः ॥१३८॥-३३**

**અર્થ :** આ સૌગતદર્શન પણ ચોક્કસ મિથ્યાત્વ વૃદ્ધિ કરનારું છે...માટે એ પણ અસત્ દર્શન છે...વળી નિત્યત્વ અંશવાળા આત્માને પણ...એકાન્ત ક્ષણિક માનો તો...કૃતહાનિ અને અકૃતાગમ નામના બે દોષની આપત્તિ આવે...

પ્રથમક્ષણે...શુભાશુભ કરનાર આત્મા દ્વિતીય ક્ષણેજ નાશ પામી જતો હોવાથી, કરેલા શુભાશુભ કર્મની પણ હાનિ થશે આ કૃતહાનિ દોષ છે...

અને દ્વિતીયક્ષણે...ઉત્પન્ન નવીન આત્માએ કોઇ શુભાશુભ કર્મ કર્યા નથી છતાં સુખ અને દુઃખની ફળ પ્રાપ્તિ થવાની એને આપત્તિ આવતા અકૃતનો આગમ થશે અકૃતાગમ દોષ...

પ્રથમ ક્ષણીય આત્માના કૃતધર્માદિના ફળની હાનિ અને દ્વિતીય ક્ષણીય આત્માના અકૃત ધર્માદિના ફળની પ્રાપ્તિ થી કૃતહાનિ અકૃતાગમ દોષ આવશે...

**एकता प्रत्यभिज्ञानं क्षणिकत्वं च बाधते,**
**योहमन्वभवं सोऽहं स्मरामीत्यवधारणात् ।।१३९।।-३८**

**અર્થ :** વળી આત્મા એવું અવધારણ કરે છે કે જે હું કાલે અનુભવનાર હતો તેજ હું આજે સ્મરણ કરનાર છું...આમ આ પ્રત્યભિજ્ઞાનમાં આત્માની એકતાનો નિશ્ચય થાય છે...ને આ પ્રત્યભિજ્ઞાન અને એમા વસ્તુનો અનુભવ કરનાર સ્મરણ કરનાર આત્માની એકતા, એ આત્માના અનિત્યત્વ અને ક્ષણિ-કત્વનો બાધ કરનારી એનો છેદ ઉડાડનારી બને છે. જો આત્મા વિનાશી હોય તો..અનુભવનારને સ્મરણ કરનાર બે એક છે તેનું અવધારણ ન થઇ શકે ને પ્રત્યભિજ્ઞાન (स एवाऽयं) પણ ન થઇ શકે.

**तस्मादिद मपि त्याज्य मनित्यत्वस्य दर्शनम्,**
**नित्यसत्यचिदानन्दपदसंसर्ग मिच्छता ।।१४०।।-४४**

**અર્થ :** તેથી કરી નિત્ય સત્ય અને ચિદાનન્દ રુપ પદ (મોક્ષ)નો સંસર્ગ ઇચ્છનારે...અનિત્યત્વનું આ દર્શન પણ છોડી દેવા જેવું છે...અર્થાત્ એકાન્ત અનિત્ય આત્મા માન-નાર બૌદ્ધ દર્શનનો દ્રષ્ટિકોણ છોડી જ દેવા જેવો છે.

**न कर्ता नापि भोक्तात्मा कापिलानां तु दर्शने,**
**जन्यधर्माश्रयो नाऽयं प्रकृतिपरिणामिनी ॥१४१॥-४५**

**અર્થ :** કપિલના દર્શનમાં=સાંખ્ય દર્શનમાં...આ આત્મા એ કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી...કેમકે...કર્તૃત્વ અને ભોક્તૃત્વ એ જન્ય ધર્મો છે...ને આત્મા જન્ય ધર્મનો આશ્રય નથી...જે પણ...જન્ય ધર્મના આધારે પરિણામ ધારણ કરનાર પદાર્થ છે...તે આત્મા નથી પણ...પ્રકૃતિ રુપ તત્ત્વ છે...

આ દર્શન...આત્માને કમળ પત્રની જેમ નિર્લેપ અને વિશુદ્ધ માને છે ને જડ એવી પ્રકૃતિને...જ વિવિધ સુખ દુઃખ રુપ પરિણામ ધારણ કરનારી માને છે...

પ્રકૃતિનું પ્રતિબિંબ નિર્મળ આત્મામાં પડે છે ને આત્માને

પોતે સુખી છે દુઃખી છે એવું ભાસે છે...

**विचार्यमाणं नो चारु, तदेतदपिदर्शनम्,**
**कृतिचैतन्ययो र्व्यक्तं सामानाधिकरण्यतः ॥१४२॥-५६**

**અર્થ :** ચૈતન્ય અને કૃતિ=પ્રયત્નનું પ્રગટ સામાનાધિક રહ્યું છે...એટલે કે જ્યાં ચૈતન્ય છે ત્યાં જ કૃતિ જોવા મળે છે તેથી કરીને ચૈતન્ય આત્મામાં ને કર્તૃત્વ ભોકતૃત્વ રુપ કૃતિ ધર્મ પ્રકૃતિ જન્ય બુદ્ધિ વગેરે માં છે. પરંતુ ચેતન રુપ આત્માનાં નથી, આવી માન્યતાવાળું આ સાંખ્યદર્શન વિચાર કરતા બરોબર સુંદર દર્શન નથી લાગતું.

**कृतिभोगौ च बुद्धे श्चेद् बन्धो मोक्ष श्च नात्मनः**
**तत श्चात्मान मुद्दिश्य कूटमेतद्यदुच्यते ॥१४३॥-५९**

**અર્થ :** કર્તૃત્વ અને ભોક્તૃત્વ બધુ જ બુદ્ધિનું હોય તો કર્તૃત્વ ભોક્તૃત્વના આધારે જ બંધ અને એના નાશથી મોક્ષ એ બન્ને આત્માનો નહીં બુદ્ધિનો થશે...ને તમે...આત્માનો બંધ મોક્ષ માનશો નહીં...તો તો કપિલ મુનિએ આત્માને ઉદ્દેશીને જે મોક્ષની વાત કરી છે...તે ખોટી ઠરશે...તમારા

આદ્ય પુરુષની જ વાત તમારા સિદ્ધાંતથી મિથ્યા ઠરવાની આપત્તિ આવશે.

**पंचविंशतितत्त्वज्ञो, यत्र यत्राश्रमे रतः,**
**जटी मुण्डी शिखी चापि, मुच्यते नाऽत्रसंशयः ॥१४४॥-६०**

**અર્થ :** પુરુષ પ્રકૃતિ વગેરે પચ્ચીસ તત્ત્વનો જાણકાર હોય તે જે તે ગૃહસ્થાશ્રમાદિ કોઇપણ આશ્રમમાં રહ્યો હોય પછી તે જટાધારી હોય મુંડિત હોય કે શિખા ધારી હોય પણ તે આ સંસારથી મુક્ત થાય છે.

જો પુરુષનો બંધ નથી બુદ્ધિ વગેરેજ બંધાય છે. તો ઉપ-રોક્ત કપિલ મુનિના વિધાન પ્રમાણે પુરુષનો મોક્ષ પણ નહીં થાય...જે બંધાય તેનો જ મોક્ષ થાય, તે નિયમ છે. માટે...પુરુષનો મોક્ષ સિદ્ધ કરવા માટે પણ પુરુષનો બંધ, કર્તૃત્વ, ભોક્તૃત્વ માનવા જ પડશે...

**एतस्य चोपचारत्वे, मोक्षशास्त्रं वृथाऽखिलम् ।**
**अन्यस्य हि विमोक्षार्थे न कोप्यन्यः प्रवर्तते ॥१४५॥-६१**

**અર્થ :** સાંખ્ય મત જો અહિં એમ દલીલ કરે, કે પુરુષના બંધ મોક્ષની વાત જે જણાવવામાં આવી છે તે ઉપચારથી છે, વાસ્તવિક નથી વાસ્તવિકતો બુદ્ધિ નો જ બંધ મોક્ષ થાય છે. જે આપણે પુરુષનો માનીએ છીએ. (આજ ઉપચાર કહેવાય) તો...તો... આખુય મોક્ષ શાસ્ત્ર જ ખોટું ઠરી જાય ફોગટ/નિરર્થક ઠરી જાય, કેમકે રમેશના મોક્ષ માટે જેમ ઉમેશ તપ-ત્યાગાદિનો પ્રયત્ન નથી કરતો તેમ...પોતાથી ભિન્ન બુદ્ધિના મોક્ષ માટે...આત્મા પ્રયત્ન ન કરે. અન્યના મોક્ષ માટે અન્યનો પુરુષાર્થ નિષ્ફળ છે.

**कापिलानां मते तस्मादस्मिन्नैवोचिता रतिः,**
**यत्रानुभवसंसिद्धः कर्ता भोक्ता च लुप्यते ॥१४६॥-६२**

**અર્થ :** જે દર્શનમાં અનુભવ સિદ્ધ એવો કર્તા અને ભોક્તા રુપ આત્મા જ વિલુપ્ત થઇ જાય છે એવા આ કપિલના મતમાં સાંખ્યના મતમાં...રતિ/રુચિ કરવી બિલ્કુલ વાજબી નથી.

**नास्ति निर्वाण मित्याहु-रात्मनः केप्यबन्धतः ।**
**प्राक् पश्चाद् युगपद् वापि कर्मबंधाऽव्यवस्थितेः ॥१४७॥-६३**

**અર્થ :** આત્માના અસ્તિત્વ, નિત્યત્વ, કર્તૃત્વ અને ભોક્તૃત્વ એ ચાર પદની વિચારણા બાદ આત્માનો મોક્ષ થાય છે કે નથી થતો...એ સંબંધમાં કેટલાક અમોક્ષવાદીઓ કહે છે...પહેલા પછી કે એક સાથે કોઇપણ રીતે આત્માની કર્મ બંધની વ્યવસ્થા જ નથી ઘટતી તેથી કર્મનો બંધ જ જે આત્માને નથી તેનું નિર્વાણ = મોક્ષ ક્યાંથી સંભવે તેઓ કર્મબંધની અવ્યવસ્થાના સંદર્ભમાં એવો તર્ક કરે છે. ૧. સહુ પ્રથમ આત્માની ઉત્પત્તિ થઇને પછી એને કર્મ બંધ થયો. તેમ કહેવું એટલે યોગ્ય નથી...કે...પ્રથમ તો...કોઇ કારણ વિના આત્માની ઉત્પત્તિ જ ન ઘટે...ને વળી માનો કે આત્મા ઉત્પન્ન થયો તો...તેવો વિશુદ્ધ આત્મા હેતુ વિના નિષ્પ્રયોજન કર્મ સાથે શું કામ જોડાય ? માટે પ્રથમ આત્માને પછી કર્મબંધ એ વ્યવસ્થા ઘટી શકતી નથી.

૨. પ્રથમ કર્મ ને પછી આત્મા ઉત્પન્ન થઇને એની સાથે જોડાયો તે કહેવું એટલે અસંગત છે. કે કર્તા-આત્મા વિના જ કર્મ પહેલા કેવી રીતે ઉત્પન્ન થાય ? આમ આત્માની પહેલા

કર્મની વ્યવસ્થા ઘટતી નથી ૩ આત્માને કર્મ બન્ને એક સાથે ઉત્પન્ન થયા એવું કથન પણ અઘટિત છે...કેમકે આમા કર્તા કોણ અને કાર્ય કોણ ? બંધ કોનો ? તેનો જવાબ નથી મળતો બન્ને સાથે ઉત્પન્ન થનારા પદાર્થો વચ્ચે કાર્ય કારણ ભાવ જ ન ઘટે. આમ આત્મા, કર્મ બંધ યુગપત્, પણ ઘટી શકતા નથી માટે....કર્મબંધની વ્યવસ્થા વિના કર્મનો બંધ નથી તો જે બંધાય નહિં તેવા આત્માનો મોક્ષ પણ ક્યાંથી સંભવે... ?

**अनादिसन्तते र्नाशः स्याद् बीजांकुरयो रिव ।**
**कुक्कुट्यंडकयोः स्वर्ण,-मलयोरिव वानयोः ॥१४८॥-६७**

**અર્થ :** (ઉત્તરપક્ષ) આત્મા અને કર્મના બંધની વ્યવસ્થા અનાદિકાલીન છે...જે અનાદિ સંબંધ વાળું હોય તે...ક્યારે...અંત નથી પામતું...એવું જો તમે માનતા હો તો એ પણ યોગ્ય નથી કેમકે...પ્રવાહથી ચાલ્યા આવે છે. એવા બીજ અને અંકુર-કુકડી અને ઇંડા. સુવર્ણ અને મલ વગેરે ના...કાર્યકારણ ભાવનો દ્વારા એક દિવસ અંત આવે છે...એજ રીતે આત્માને કર્મનો પણ...પ્રવાહથી અનાદિકાલીન સંબંધ

પણ ઉપાયો દ્વારા નાશ પામશે...

જેમ બીજમાંથી અંકુર ને એ અંકુર પછી પુનઃ બીજ તેમાંથી અંકુર આમ પૂર્વ પૂર્વ બીજ કારણ, ઉત્તર ઉત્તર અંકુર કાર્ય આમ અનાદિકર્મ યુક્ત જીવ થી વિવિધ દેહ રુપ કાર્ય તેનાથી નવા કર્મ કાર્ય...તેમાંથી વળી દેહ આમ એમાં પણ અનાદિ પ્રવાહ થી કાર્ય કારણ ભાવ માનવો પડે છે. ને તેનો નાશ પણ થાય છે...તેથી કર્મ ના સંબંધ ના નાશ થી જીવનો મોક્ષ પણ માનવો પડશે.

**भव्येषु च व्यवस्थेयं संबंधो जीवकर्मणोः,**
**अनाद्यनन्तोऽभव्यानां स्यादात्माकाशयोगवत् ।।१४९।।-६८**

**અર્થ :** અનાદિ સાન્ત ભંગવાળી અનાદિસંતાન કર્મના નાશની આ વ્યવસ્થા-ભવ્યજીવો માટે છે. જ્યારે અભવ્યોને તો...જીવ અને કર્મનો આ સંબંધ અનાદિ અનંત છે. જેવી રીતે આત્મા અને આકાશનો સંબંધ અનાદિ છે ને ક્યારે પણ નાશ નથી પામવાનો તેમ...અભવ્યના અને કર્મનો સંબંધ પણ તેવો અનાદિ અનંત જ છે.

द्रव्यभावे समानेऽपि जीवाजीवत्वभेदवत् ।
जीवभावे समानेऽपि भव्याभव्यत्वयो र्भिदा ॥१५०॥-६९

**અર્થ :** જીવ અને અજીવ બંને દ્રવ્ય તરીકે સરખા છે. છતા ચેતન અને જડ જીવત્વ અને અજીવત્વ થી બન્નેનો ભેદ છે. તેજ રીતે જીવ દ્રવ્ય તરીકે ભવ્ય અને અભવ્ય સરખાહોવા છતાં...ભવ્યત્વ અને અભવ્યત્વ રુપ ધર્મને લઇને...તે બન્ને નો પણ ભેદ ઘટી શકે છે. (તેમાં ભવ્યજીવનો મોક્ષ થાય છે. અભવ્યનો તો નથી જ થતો.)

स्वाभाविकं च भव्यत्वं कलशप्रागभाववत् ।
नाशकारणसाम्राज्याद्, विनश्यन्न विरुद्ध्यते ॥१५१॥-७०

**અર્થ :** માટીમાં જેમ કળશનો ઘટનો પ્રાગભાવ સ્વાભાવિક રહેલો છે...ને...દણ્ડ કુલાલ કુંભાર વગેરે. પ્રાગભાવનો નાશ કરવાની કારણ સામગ્રીના પ્રભાવથી. તે સ્વાભાવિક એવા કલશ પ્રાગભાવનો નાશ થાય છે. બસ એજ રીતે...જીવમાં અનાદિથી સ્વાભાવિક રહેલું ભવ્યત્વ (મુક્તિગમન યોગ્યત્વ) એનો પણ...મુક્તિ ગમન રુપ નાશ કારણ સામગ્રીથી નાશ

થઇ શકે છે તેમાં...કોઇ વિરોધ નથી...

જીવત્વ સ્વભાવ છે...તો મુક્તિ બાદ પણ એ સ્વભાવનો નાશ ન થાય...તેમ ભવ્યત્વ પણ સ્વભાવ છે તો તેનો નાશ કેમ થાય ?

તમારી વાત સાચી છે...પણ જીવત્વ એ મુક્તિનું ઉપાદન કારણ સ્વભાવ છે ભવ્યત્વ એ સહકારી કારણ છે કાર્યોત્પત્તિ થતા ઉપાદાન કારણ રુપ સ્વભાવનો નાશ ન થાય પણ સહ-કારી કારણ રુપ સ્વભાવનો નાશ થઇ શકે જેમ ઘડા માટે માટી ઉપાદાન કારણ છે દંડ સહકારી કારણ છે ઘડો સર્જાતા દંડ ખસી શકે નષ્ટ પણ થઇ શકે પણ. માટી ઘડામાંથી ખસી પણ નથી શકતી કે નષ્ટ પણ થઇ નથી શકતી.

**भव्योच्छेदो न चैवं स्याद् गुर्वानन्त्यान्नभोंशवत् ।**
**प्रतिमादलवत् क्वाऽपि फलाभावेऽपि योग्यता ।।१५२।।-७१**

**અર્થ :** ભવ્ય જીવો મોક્ષે જાય છે...એમ માનશો તો અનંતા કાળ પછી એક એક કરી સર્વ ભવ્યો મોક્ષે જતા રહશે. અને આ સંસારમાં...માત્ર અભવ્યો જ રહેશે...

કદાચ એમ કહો કે બધા જ ભવ્યો કાંઇ મોક્ષે નથી જવાના. તો પ્રશ્ન એ નડશે કે...તેનામાં રહેલા ભવ્યત્વનો કોઇ અર્થ નહી રહે ને ભવ્યત્વ નિષ્ફળ જશે...અથવા એનામાં ને અભ-વ્યમાં કશો જ ફરક નહી રહે. આમ ભવ્યોચ્છેદ ને ફલાભા-વના મુદ્દાનું સમાધાનએ છે કે...આકાશના પ્રદેશો ને ભાવિ-કાળના સમયો આઠમા અનંતે છે...એમ ભવ્યજીવો પણ આઠમા અનંતે છે.

આકાશના અનંત પ્રદેશો કે ભાવિકાળના સમયોનો જેમ અંત નથી આવતો તેમ ભવ્ય જીવોનો નો પણ અંત નથી આવતો. અનંતકાળે પણ જ્ઞાની ને પૂછવામાં આવે કે અત્યાર સુધી કેટલા ભવ્ય જીવો મોક્ષે ગયા તો જવાબ એક જ આવશે કે...જે ભવ્યો છે તેથી અનંતમો ભાગ જ સિદ્ધિપદ પામ્યો છે...માટે...આકાશ પ્રદેશની જેમ ભવ્ય જીવનો ઉચ્છેદ ભવ્યો મોક્ષે જશે તો પણ થશે નહિં...

બીજુ એ કે...કેટલાક એવા ભવ્ય જીવો છે...જેઓ માત્ર જાતિથી ભવ્ય છે. તેઓમાં ભવ્યત્વ હોવા છતા નિગોદમાંથી

જ તેઓનો છુટકારો નથી થવાનો...તો મનુષ્ય બની વ્રતાચ-રણ કરી મોક્ષે જવાની વાત ક્યાં ? પણ...તેથી એમ ન કહી શકાય કે એમનું ભવ્યત્વ મોક્ષ પ્રાપક ન હોવાથી નિષ્ફળ છે...અથવા એમના માં...અને અભવ્યમાં કશો ફરક નથી.

કેમકે...સ્વયંભૂરમણ સમુદ્રના તળીયે બેઠેલ પાષાણમાં પ્રતિમા બનવાની યોગ્યતા છે. પણ એ ક્યારેય પ્રતિમા બની શકતો નથી પણ તેથી યોગ્યતાનો નાશ નથી. ધારો કે સામગ્રી મળે તો પ્રતિમા જરુર બને તેમ જાતિ ભવ્યો પણ સામગ્રી મળે તો અવશ્ય મોક્ષે જાય તેઓ સામગ્રી ન મળવાથી મોક્ષ નથી જતા જ્યારે અભવ્યો તો સામગ્રી મળે તો'ય મોક્ષે નથી જતો આજ તે બે વચ્ચેનો ફરક છે.

**नैतद् वयं वदामो यद् भव्यः सर्वोऽपि सिध्यति ।**
**यस्तु सिध्यति सोऽवश्यं भव्य एवेति नो मतम् ॥१५३॥-७२**

**અર્થ :** અમારુ એવું કહેવું નથી કે જે જે ભવ્ય હોય તે સિદ્ધ થાય છે...પરંતુ જે સિદ્ધ થાય છે તે અવશ્ય ભવ્ય હોય જ છે આવો અમારો મત છે...

ननु मोक्षेऽपि जन्यत्वाद् विनाशिनी भवस्थितिः,
नैवं प्रध्वंसवत् तस्याऽनिधनत्व व्यवस्थितेः ।।१५४।।-७३

**અર્થ :** મોક્ષમાં સ્થિતિ જન્ય છે...(સાદિ છે) તેથી જે જન્ય તેનો નાશ એ નિયમ થી મોક્ષમાં રહેવાની સ્થિતિનો પણ નાશ થશે...પુનઃ સંસાર આગમનની આપત્તિ આવશે...

આમ કહેવું એટલે યોગ્ય નથી...કે...જે જન્ય હોય સાદિ હોય તેનો વિનાશ થાય જ એવો નિયમ નથી જેમ વસ્તુનો ધ્વંસ એ જન્ય છે. પણ ક્યારે ધ્વંસનો પાછો વિનાશ નથી થવાનો એ નિત્ય છે એજ રીતે જીવનું મોક્ષાવસ્થાન જન્ય છે...પણ ધ્વંસની જેમ એનું પણ અનિધનત્વ-અવિનાશી પણું છે...માટે...મુક્ત પાછા સંસારી નહી થાય.

सुखस्य तारतम्येन प्रकर्षस्यापि संभवात् ।
अनंतसुखसंवित्ति र्मोक्षः सिध्यति निर्भयः ।।१५५।।-७६

**અર્થ :** વિશ્વમાં રહેલા સુખી જીવોમાં સુખનું તારતમ્ય દેખાય છે...એક સુખી છે બીજો એનાથી વધુ સુખી ત્રીજો એથી વધુ સુખી આમ સુખમાં પણ ક્રમશઃ પ્રકર્ષભાવ સંભવે

છે...આથી પરાકાષ્ઠા નો પ્રકર્ષ એટલે કે અનંત સુખનું જ્યાં સંવેદન આવશે ત્યાં નિર્ભય પણે મોક્ષ તત્ત્વની સિદ્ધિ થશે...અર્થાત્ જ્યાં અનંત સુખનું સંવેદન છે. તે જ મોક્ષ છે...એમ કહી શકાય છે.

**न मोक्षोपाय इत्याहु-रपरे नास्तिकोपमाः ।**
**कार्यमस्ति न हेतु श्चेत्येषा तेषां कदर्थना ॥१५६॥-७८**

**અર્થ :** કેટલાક નાસ્તિક સમાન (માંડલીકમત વાદીઓ) એમ કહે છે કે...મોક્ષ છે...તે સાચું, પણ મોક્ષનો ઉપાય જ નથી. તેઓ કહે છે મોક્ષ એવું કાર્ય છે. જેનો કોઇ હેતુ નથી એમનેમ અચાનક નિયતિથી કોઇક જીવનો મોક્ષ થઇ જાય છે. આમ કાર્ય છે છતા હેતુ નથી આવી વિચિત્ર પરિકલ્પના એઓની મોહજન્ય કદર્થના જ માત્ર છે.

મોક્ષ રુપ કાર્ય હોવા છતા. એનો કોઇ હેતુ આ મત સ્વીકારતો નથી ને અકસ્માત્ જ મોક્ષ થઇ જાય છે એમ માને છે...એમ અકસ્માત્ મોક્ષ થતો હોય તો સર્વત્ર સર્વનો થઇ જાત...માટે આ મત બરોબર નથી. કેમકે હાલ કોઇનો મોક્ષ

ન દેખાતો હોય તો પણ મોક્ષના ઉપાય રુપ રત્નત્રયી તો છે જ...

**मोक्षोपायोस्तु किन्त्वस्य निश्चयो नेति चेन्मतम् ।**
**तन्न रत्नत्रयस्यैव तथा भावविनिश्चयात् ॥१५७॥-८२**

**અર્થ :** કોઇ તત્ત્વજ્ઞાનને કોઇ કાશી કરવતને કોઇ મંત્ર જાપને મોક્ષનો ઉપાય માને છે...આમ દરેક દર્શન જુદા જુદા મોક્ષના ઉપાય બતાવે છે તેથી અમારો મત એમ છે કે મોક્ષોપાય હોવા છતાં કયો મોક્ષનો ઉપાય છે તે નિશ્ચિત નથી...માટે મોક્ષ છે મોક્ષનો ઉપાય અનિશ્ચિત છે...

આવા મત માનનાર ને કહેવું છે કે તમારી વાત બરોબર નથી કેમકે આપ્ત અને જ્ઞાનીજનોએ સમ્યગ્ દર્શન સમ્યગ્ જ્ઞાન સમ્યગ ચારિત્ર રુપ રત્નત્રયીને જ મોક્ષનો ઉપાય માન્યો છે. તેમાં જ મોક્ષોપાય તરીકે નો ભાવ નિશ્ચિત થયેલ છે.

**भवकारणरागादि प्रतिपक्षमदः खलु ।**
**तद्विपक्षस्य मोक्षस्य कारणं घटतेतराम् ॥१५८॥-८३**

**અર્થ :** સંસારનું કારણ રાગ દ્વેષ મોહ વગેરે છે. અને સ.દર્શન સ. જ્ઞાન અને સ. ચારિત્ર એ રાગદ્વેષ મોહાદિના વિરોધી છે...માટે સંસાર વિરોધી એવા મોક્ષનું...સંસારના કારણની વિરોધી રત્નત્રયી કારણ બની શકે...તે વાત સુયોગ્ય જ છે.

**ज्ञानदर्शनचारित्राण्युपाया स्तद् भवक्षये ।**
**एतन्निषेधकं वाक्यं, त्याज्यं मिथ्यात्ववृद्धिकृत् ॥१५९॥-८८**

**અર્થ :** તે સંસાર નો નાશ કરનારા ઉપાયો જ્ઞાન દર્શન અને ચારિત્ર છે. માટે જ્ઞાનદર્શન અને ચારિત્રનો નિષેધ કરનારું વાક્ય...કે વિચાર છોડી દેવો... કેમકે તેવો વાક્ય કે વિચાર આત્માના મિથ્યાત્વભાવની વૃદ્ધિ કરનારા છે.

**मिथ्यात्वस्य पदान्येतान्युत्सृज्योत्तमधीधनाः ।**
**भावयेत् प्रातिलोम्येन सम्यक्त्वस्य पदानि षट् ॥१६०॥-८९**

**અર્થ :** આત્મા નથી ૧, આત્મા અનિત્ય છે ૨, આત્મા કર્મનો કર્તા નથી ૩, આત્મા કર્મનો ભોક્તા નથી ૩, મોક્ષ નથી ૫ ને મોક્ષના ઉપાય નથી ૬, આવા મિથ્યાત્વના ૬

પદો ને ઉત્તમ બુદ્ધિમાન્ વ્યક્તિઓ છોડી દેવા જોઇએ અને એ પદોને છોડીને એનાથી વિરુદ્ધ એવા આત્મા છે ૧, આત્મા નિત્ય છે ૨, આત્મા કર્મનો કર્તા છે. ૩ આત્મા કર્મનો ભોક્તા છે ૪, મોક્ષ છે ૫ મોક્ષના ઉપાયો પણ છે ૬ આવા સમ્યક-ત્વના ષટ્ પદો ને ભાવવા જોઇએ વિચારવા જોઇએ.

# અસદ્ગ્રહત્યાગ અધિકાર-૧૪

**मिथ्यात्वदावानलनीरवाह, मसद्ग्रहत्याग मुदाहरन्ति ।**
**अतो रतिस्तत्र बुधै र्विधेया,विशुध्धभावैःश्रुतसारविद्भिः ॥१॥१६०**

**અર્થ :** મિથ્યાત્વરુપી દાવાનલને ઠારવામાં...મેઘ સમાન છે કદાગ્રહનો ત્યાગ...આથી વિશુદ્ધ ભાવવાળા અને શ્રુતસારને જાણનારા બુદ્ધિમાન્ વ્યક્તિઓએ અસદ્ગ્રહ (કદાગ્રહ)ના ત્યાગમાં રુચિ કેળવવી જોઇએ.

**असद्ग्रहग्रावमये हि चित्ते, न क्वापि सद्भावरसप्रवेशः।**
**इहांकुरंश्चित्तविशुद्धबोधः, सिद्धान्तवाचां बत कोऽपराधः॥७॥-१६१**

**અર્થ :** અસદગ્રહથી પથ્થર મય બની ગયેલ ચિત્તમાં...સદ-ભાવરુપ જલનો પ્રવેશ ક્યાંય પણ થતો નથી અને એવા આ ચિત્તમાં વિશુદ્ધ બોધ રુપ અંકુર પણ પેદા થતો નથી. તો આગમની વાણીનો એમાં શું અપરાધ છે ? અપરાધ તો અસદ્ગ્રહમય પથરાળ ચિત્તરુપી ભૂમિનો જ છે...

**व्रतानि चीर्णानि तपोऽपि तप्तं, कृता प्रयत्नेन च पिण्डशुद्धिः,**
**अभूत् फलं यत्तु न निह्नवानां, असद्ग्रहस्यैव हि सोऽपराधः ॥१६१॥-८**

**અર્થ :** પ્રભુ વચનને સ્વકદાગ્રહથી ખોટા ઠેરવનારા નિહ્નવોએ...મહાવ્રતો આચર્યા તપ પણ તપ્યો ને પ્રયત્ન પૂર્વક પિંડવિશુદ્ધિ-નિર્દોષ ગોચરીચર્યા પણ કરી પણ તે છતા આ ઉત્કૃષ્ટ સંયમ પાલનાનો કોઇ અર્થ સર્યો નહીં, કોઇપણ ફળ પ્રાપ્ત થયું નહી, તેનું કારણ એકમાત્ર એમના દિલમાં રહેલો પ્રભુવચન વિરૂદ્ધ કદાગ્રહ જ છે...એ કદાગ્રહનો જ આ અપરાધ છે...

**नियोजयत्येव मतिं न युक्तौ, युक्तिं मतौ यः प्रसभं नियुंक्ते,**
**असद्ग्रहादेव न कस्य हास्योऽ, जले घटारोपण मादधानः ॥१६२॥-१२**

**અર્થ :** કદાગ્રહથી જ માણસ યુક્તિ વિશે મતિને નથી જોડતો ઉલ્ટું. બળાત્કારે...પોતાની જે અવળી બુદ્ધિ ચાલી છે તેમાંજ યુક્તિ અને તર્ક ને જોડે છે...ને એથી...મૃગજળમાં...કે પાણી વિના ના કુવામાં...ઘડા નાંખનારની જેમ કોનો હાસ્ય પાત્ર નથી બનતો...?

અર્થાત્ મારી મચડીને પોતાની બુદ્ધિથીકલ્પિત, શાસ્ત્રના અર્થ કરવા જતા આખરે કદાગ્રહી હાસ્યાસ્પદ જ ઠરે છે...

**दम्भाय चातुर्य मघाय शास्त्रं, प्रतारणाय प्रतिभापटुत्वम्,**
**गर्वाय धीरत्व महोगुणाना,मसद्ग्रहस्थे विपरीतसृष्टिः॥१६३॥-१८**

**અર્થ :** અસદ્ગ્રહી-કદાગ્રહી માણસના ગુણોની પણ કેવી વિપરીત સૃષ્ટિ છે ? એની ચતુરાઇ દંભ માટે થાય છે, તો શાસ્ત્ર જ્ઞાન પાપ માટે થાય છે, પ્રતિભાની પટુતા એ લોકોને ઠગવા માટે થાય છે તો એની ધીરતા પણ અભિમાન પોષક બને છે. એના ગુણોપણ વિપરીત સર્જન જ કરનારા બને છે.

**इदं विदं स्तत्त्व मुदारबुद्धिः, रसद्ग्रहं य स्तृणवज्जहाति,**
**जहाति नैनं कुलजेव योषिद्, गुणानुरक्ता दयितं यशः श्रीः ॥१६४॥२२**

**અર્થ :** આમ તત્વને જાણતો ઉદાર બુદ્ધિવાળો જે વ્યક્તિ તણખલાની જેમ અસદગ્રહનો ત્યાગ કરી દે છે...એવા વ્યક્તિને એના ગુણથી અનુરક્ત થયેલી યશ લક્ષ્મી છોડતી નથી જેમ કુળવાન્ સ્ત્રી પતિને છોડતી નથી તેમ.

# યોગાધિકાર-૧૫

કર્મયોગ અને જ્ઞાનયોગ રુપ બે યોગનું તલસ્પર્શી વિવેચન આ અધિકારમાં વર્ણવાયું છે જે જીવને મુક્તિ યોગનો અધિકારી બનાવે છે.

**असद्ग्रहव्ययाद् वान्त मिथ्यात्वविषविप्रुषः ।**
**सम्यक्त्वशालिनोऽध्यात्मशुद्धे र्योगः प्रसिद्धयति ॥१६५॥-१**

**અર્થ :** કદાગ્રહના નાશથી મિથ્યાત્વના વિષકણોનું વમન કરનાર સમ્યકત્વવંત વ્યક્તિની અધ્યાત્મશુદ્ધિ દ્વારા જીવને યોગ દશા પ્રાપ્ત થાય છે.

**कर्मज्ञानविभेदेन, स द्विधा तत्र चादिमः,**
**आवश्यकादिविहित क्रियारुपः प्रकीर्तितः ॥१६६॥-२**

**અર્થ :** કર્મયોગ અને જ્ઞાનયોગ એમ બે ભેદે યોગ છે...તેમાં પણ...તીર્થંકર દેવ વિહિત એવી આવશ્યક વગેરે ક્રિયા સ્વરુપ પ્રથમ કર્મયોગ પ્રરુપાયો છે.

અન્ય રુપે...સ્થાન-ઉર્ણ અર્થ આલંબન ને નિરાલંબન રુપે

પણ જે યોગ બતાવાયો છે તેમાં...સ્થાન અને ઉર્ણ એ બે કર્મ યોગ છે બાકીના ૩ જ્ઞાનયોગ છે...આમ એ પણ કર્મ અને જ્ઞાનયોગમાં સમાવિષ્ટ થાય છે.

**शारीरस्पंदकर्मात्मा यदयं पुण्यलक्षणम्,**
**कर्माऽऽतनोति सद्‌रागात् कर्मयोगस्ततःस्मृतः ॥१६७॥-३**

**અર્થ :** દેવગુરુ આદિના પ્રશસ્તરાગથી પુણ્ય ઉપાર્જન કરે તેવું શારીરિક સ્પંદન રુપ કોઇપણ કર્મ એ કર્મયોગ કહેવાય છે અર્થાત્ આશયમાં દેવગુરુ આદિનો અનુરાગ હોય અને વર્તનમાં પુણ્યોપાર્જન કરે તેવી શુભક્રિયા હોય તો તે કર્મ-યોગ કહેવાય છે.

**आवश्यकादिरागेण वात्सल्याद् भगवद्‌गिरां,**
**प्राप्नोति स्वर्गसौख्यानि न याति परमं पदम् ॥१६८॥-४**

**અર્થ :** આવશ્યક વગેરે ક્રિયાના રાગથી તથા ભગવાનની વાણી પ્રત્યેના વાત્સલ્ય ભાવથી જીવ સ્વર્ગના સુખ પામે છે પરંતુ પરમપદ (મોક્ષ) નથી પામતો...

ज्ञानयोग स्तपः शुद्ध मात्मरत्येकलक्षणम् ।
इन्द्रियार्थोन्मनीभावात् स मोक्षसुखसाधकः ॥१६९॥-५

**અર્થ** : પાંચે ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે ઉન્મની ભાવ=મન ઉઠી જવાથી. આત્મ રમણતા રુપ શુધ્ધ તપ એ જ જ્ઞાનયોગ છે...જે મોક્ષ સુખનો સાધક બને છે...

नह्यप्रमत्तसाधूनां क्रिया प्यावश्यकादिका ।
नियता ध्यानशुद्धत्वाद् यदन्यैरप्यदः स्मृतम् ॥१७०॥-७

**અર્થ** : અપ્રમત્તભાવમાં રક્ત(જ્ઞાનયોગી) સાધુઓને...સ્વયં ધ્યાનથી શુદ્ધ હોવાથી આવશ્યક વગેરે ક્રિયાઓ નિયત હોતી નથી...આ વાત અન્ય દર્શનીઓએ પણ પોતાના ગ્રંથમાં સ્થિત પ્રજ્ઞના સ્વરુપ વર્ણનમાં કરેલ છે...

अत एवाऽद्दढस्वान्तः कुर्याच्छास्त्रोदितां क्रियाम् ।
सकलां विषयप्रत्याहरणाय महामतिः ॥१७१॥-१७

**અર્થ** : જ્ઞાનયોગી દ્રઢ ચિત્તવાળો હોવાથી ધ્યાનથી શુધ્ધ રહે છે...પણ જે દ્રઢ ચિત્તવાળો નથી એવા મહામતિ વ્યક્તિએ

વિષયોથી પ્રત્યાહાર પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રમાં વિહિત સકલ ક્રિયાઓ કરવી જોઇએ.

**या निश्चयैकलीनानां क्रिया नाऽतिप्रयोजनाः ।**
**व्यवहारदशास्थानां ता एवाऽतिगुणावहाः ॥१७२॥-१९**

**અર્થ :** જેઓ નિશ્ચય ધર્મથી જ ભાવિત બની ગયા છે...એવા અપ્રમત્ત સાધુઓ ને આવશ્યકાદિ ક્રિયાનું અતિપ્રયોજન નથી પરંતુ વ્યવહારદશામાં રહેલા માટે તેજ ક્રિયાઓ અતિ ગુણને કરનારી બને છે...

**कर्मणोऽपि हि शुद्धस्य श्रद्धामेधादियोगतः ।**
**अक्षतं मुक्ति हेतुत्वं, ज्ञानयोगानतिक्रमात् ॥१७३॥-२०**

**અર્થ :** જ્ઞાનયોગ જ મોક્ષ સાધક બને છે એમ એકાંતવાદ ન પકડતા. શુધ્ધ એવો કાયોત્સર્ગ વગેરે ક્રિયાયોગ પણ શ્રધ્ધા મેધા ધૃતિ ધારણા અનુપેક્ષા વગેરેનાયોગથી મુક્તિનો હેતુ અખંડ પણે બને જ છે...કેમકે તેવા શુધ્ધ ક્રિયાયોગમાં જ્ઞાન-યોગ પણ સમાયેલો જ હોય છે...જ્ઞાનયોગનું ઉલ્લંઘન નથી થઇ જતું...

ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता ।
गुणप्रधानभावेन, दशाभेदः किलैनयोः ॥१७४॥-२४

**અર્થ :** સાચી રીતે જુઓ તો જ્યાં જ્ઞાન હોય ત્યાં ક્રિયા ન જ હોય કે ક્રિયા હોય તો જ્ઞાન ન જ હોય એવું નથી બનતું...પરંતુ...ક્રિયા જેમાં પ્રધાન હોય અને જ્ઞાન જેમાં ગૌણ હોય તે કર્મયોગ ને જ્ઞાન જેમાં પ્રધાન હોય અને ક્રિયા જેમાં ગૌણ હોય એ જ્ઞાનયોગ આમ...જ્ઞાનયોગ અને ક્રિયાયોગ વચ્ચેની દશામાં ભેદ પડે છે.

(એક બીજા વિનાના જ્ઞાન અને ક્રિયા એ જ્ઞાનભાસને ક્રિયાભાસ રુપ બની જાય છે.)

अत एव हि सुश्राद्धाचरणस्पर्शनोत्तरम् ।
दुष्पालश्रमणाचारग्रहणं विहितं जिनैः ॥१७५॥-२६

**અર્થ :** કર્મયોગ પછી જ જ્ઞાનયોગ...માં...આગળ વધી શકાય છે આથી જ...શ્રાવક જીવનની દેશવિરતિ આચર્યા બાદ જ દુષ્પાલનીય એવા સાધુ જીવનના આચારનું ગ્રહણ જિનેશ્વરોએ પ્રતિપાદિત કર્યું છે...

विशेषमप्यजानानो यः कुग्रहविवर्जितः
सर्वज्ञं सेवते सोऽपि सामान्ययोग मास्थितः ॥१७६॥-६३

**અર્થ :** વળી વિશેષ કશું જ ન જાણતો હોવા છતાં પણ કદાગ્રહથી રહિત જ વ્યક્તિ (સરળભાવે) સર્વજ્ઞ વીતરાગ પ્રભુને સેવે છે તે પણ સામાન્ય યોગવાળો...યોગી છે...

सर्वज्ञ प्रतिपत्त्यंशात् तुल्यता सर्वयोगिनाम् ।
दूरासन्नादिभेदस्तु तद्भृत्यत्वं निहन्ति न ॥१७७॥-६६

**અર્થ :** સર્વજ્ઞના સ્વીકારના અંશથી અનેક / ભિન્ન ભિન્ન સર્વયોગીઓ પણ સમાનતા પામે છે...ભલે કેટલાક દર્શન શુદ્ધિથી નિકટ હોય અને કેટલાક દૂર હોય પણ સર્વ-જ્ઞનું સેવક પણું તો તે બધામાં રહેલું છે. જેમ રાજા નો નોકર પ્રધાન પણ છે દ્વારપાળ પણ છે. ભલે બુદ્ધિની વિશેષતાથી પ્રધાન નિકટ હોય અને દ્વારપાલ દૂર હોય તે છતા બંને રાજસેવક છે તેમ...

जिज्ञासाऽपि सतां न्याय्या, यत्परेऽपि वदन्त्यदः ।
जिज्ञासुरपि योगस्य, शब्दब्रह्माऽतिवर्तते ॥१७८॥-७६

**અર્થ :** સત્ એવા પરમાત્મ તત્ત્વની જિજ્ઞાસા પણ પરમ ઉચિત છે...કેમકે અન્યદર્શની પણ એમ કહે છે...કોરા શબ્દ શાસ્ત્રી કરતા/શબ્દશાસ્ત્રના ચતુર પંડિતો કરતા પણ...યોગની (પરમાત્મ તત્વની) જિજ્ઞાસા કરનારો ચડી જાય છે...કોરો શબ્દશાસ્ત્રી કશું કરતો નથી જ્યારે યોગની જિજ્ઞાસાવાળો પણ હાર્દિક રીતે યોગમાર્ગે આગળ વધે છે.

**कर्मयोगविशुद्धं सज्ज्ञाने युञ्जीत मानसम् ।**
**अज्ञश्चाश्रद्धानश्च संशयात्मा विनश्यति ।।१७९।।-७९**

**અર્થ :** કર્મયોગથી વિશુધ્ધ બનેલા મહાત્માએ જ્ઞાનયોગમાં ચિત્તને જોડવું જોઇએ...કેમકે...કર્મયોગીને જ્ઞાનયોગી એજ અંતે પરમશાંતિ મેળવી છે. જે જ્ઞાની પણ નથી ને ધર્મતત્ત્વનો શ્રદ્ધાળુ પણ નથી. એવા અશ્રદ્ધાળુને અજ્ઞાનીઓ જ્યાં ત્યાં શંકાના કળણમાં ખૂંપી જાય છે. ને એવા સંશયાત્મા અંતે વિનાશ પામે છે અર્થાત્ એની સુખ શાંતિનો નાશ થાય છે...

**कर्मयोगं समभ्यस्य ज्ञानयोगं समाहितः ।**
**ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ।।१८०।।-८३**

**અર્થ :** કર્મયોગ (ક્રિયાયોગ)ને સારી રીતે અભ્યસ્ત કરી જ્ઞાનયોગ દ્વારા સારી રીતે સમાધિસ્થ થયેલ, ને (પરમાત્માના) ધ્યાન યોગમાં ચઢીને જીવ મુક્તિ યોગને / મુક્તિનાં સંબંધને પામે છે...



# ધ્યાનાધિકાર-૧૬

स्थिरमध्यवसानं यत् तद् ध्यानं चित्तमस्थिरम् ।
भावना, चाप्यनुप्रेक्षा चिन्ता वा तत्त्रिधा मतम् ॥१८१॥-१

**અર્થ :** ચિત્તનું સ્થિર, એકાગ્ર પરિણામ...(ધારાબદ્ધ પરિ-ણામ) એ ધ્યાન છે...જ્યારે...અસ્થિર ચિત્ત / અસ્થિર અધ્યવ-સાનના ૩ પ્રકાર છે...ભાવના-અનુપ્રેક્ષા ને ચિંતા, તેમા ભાવના એટલે...ધ્યાનના અભ્યાસની ક્રિયા ધ્યાનાનુકુલ પ્રવૃત્તિ (ચિત્તની), અનુપ્રેક્ષા એટલે સ્મરણ રુપ ધ્યાન થી ભ્રષ્ટ ચિત્તની...ચિંતન પ્રવૃત્તિ, અને ભાવના અને અનુપ્રેક્ષા સિવા-યના ચિત્તના અસ્થિર વિચારો એટલે ચિંતા...

आर्तं रौद्रं च धर्मं च शुक्लं चेति चतुर्विधम् ।
तत् स्याद् भेदा विह द्वौ द्वौ कारणं भवमोक्षयोः ॥१८२॥-३

**અર્થ :** આર્ત ધ્યાન-રોદ્રધ્યાન ધર્મધ્યાન શુકલધ્યાન એમ ધ્યાન ચાર પ્રકારનું છે. તે ધ્યાનના પ્રથમ બે ભેદો એ સંસારના કારણભૂત છે અને પાછળના બે ભેદો મોક્ષના કારણભૂત છે.

क्रन्दनं रुदनं प्रौच्चैः शोचनं परिदेवनम् ।
ताडनं लुञ्चनं चेति लिंगान्यस्य विदु र्बुधाः ॥१८३॥-७

**અર્થ :** આક્રંદકરવું, ઉંચેથી રડવું...શોક કરવો, વિલાપ કરવો માથું / છાતી વગેરે પછાડવા-વાળ વગેરે ખેંચવા એ બધાને આર્તધ્યાનના ચિહ્ન તરીકે જ્ઞાનીઓએ જાણ્યા છે.

मोघं निंदन्निजं कृत्यं, प्रशंसन् परसम्पदः ।
विस्मितः प्रार्थय न्नैताः प्रसक्तश्चैतदर्जने ॥१८४॥-८

**અર્થ :** પોતાના વેપાર કલા વગેરે કર્તવ્યમાં કાંઇ ઉપજ ન થતા પોતાના કાર્યોની વ્યર્થ નિંદા કરતો અને અન્યોની સાંસારિક સમ્પત્તિની પ્રશંસા કરતો, ઐશ્વર્ય જોઇને વિસ્મિત થતો પરસમ્પત્તિને પ્રાર્થતો અને એને મેળવવામાં ખુંચેલો એ આર્તધ્યાનના બધાં કાર્યલિંગો છે.

प्रमत्त श्चेन्द्रियार्थेषु गृद्धो धर्मपराङ्मुखः ।
जिनोक्त मपुरस्कुर्वन्-, नार्तध्याने प्रवर्तते ॥१८५॥-९

**અર્થ :** પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પ્રમાદી, ભોગમાં

આસક્ત ધર્મથી પરાંઙમુખ તેમ જ જિન વચનોને માન ન આપનારો આત્મા આર્તધ્યાનમાં પ્રવર્તે છે.

**उत्सन्न बहुदोषत्वं नानामारणदोषता, ।**
**हिंसादिषु प्रवृत्तिश्च कृत्वाघं स्मयमानता ॥१८६॥-१५**

**અર્થ :** હિંસામૃષા ચોરી અબ્રહ્મ પરિગ્રહ વગેરે પાપ વિષે...ઉત્સન્ન દોષત્વ=સતત સેવનરુપ દોષ-બહુ દોષત્વ=પુષ્કળ દોષ સેવન એટલે કે વારંવાર દોષ સેવન-નાના દોષત્વ=વિવિધ રીતે દોષ સેવન. આમરણ દોષતા=બીજો મરી જાય કે સ્વયં પોતે મરી જાય ત્યાં સુધી દોષ સેવન રુપ પ્રવૃત્તિ તેમજ પાપ-કરીને ખૂબ રાજી થવું / ખુશ થવું...એ રોદ્રધ્યાનીના લક્ષણ છે.

**निर्दयत्वाऽननुशयौ बहुमानः परापदि,**
**लिंगान्यत्रेत्यदो धीरै स्त्याज्यं नरकदुःखदम् ॥१८७॥-१६**

**અર્થ :** બિલ્કુલ દયારહિત પણું...પાપ કર્યા પછી પણ જરાપણ અફસોસ ન થવો, તેમજ બીજાની પીડામાં ખૂબ હર્ષ પામવો એ

બધું અહિં રૌદ્રધ્યાનમાં ચિહ્ન સ્વરુપ છે. આથી ધીર વ્યક્તિઓએ નરકના દુઃખ દેનારા તે રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો જોઇએ.

**ज्ञात्वा धर्म्यं ततो ध्यायेच्चतस्त्र स्तत्र भावनाः ।**
**ज्ञानदर्शनचारित्रवैराग्याख्याः प्रकीर्तिताः ॥१८८॥-१९**

**અર્થ :** ધર્મધ્યાન ને બરોબર જાણી ને પછી ધર્મધ્યાન ધ્યાવવું તે ધર્મધ્યાનને વિષે જ્ઞાન-દર્શન ચારિત્ર અને વૈરાગ્ય એમ ચાર પ્રકારની ભાવના બતાવેલી છે.

**निश्चलत्वमसंमोहो, निर्जरा पूर्वकर्मणाम् ।**
**संगाशंसाभयोच्छेदः फलान्यासां यथाक्रमम् ॥१८९॥-२०**

**અર્થ :** જ્ઞાન ભાવનાનું ફળ નિશ્ચલત્વ છે. કેમકે શ્રુતજ્ઞા-નના અભ્યાસથી-જીવ અશુભ વિચારોથી નિવૃત્ત થાય છે શુભ વિચારમાં પ્રવૃત્ત થાય છે...સૂત્રાર્થ વિશુદ્ધિ પામે છે, ભવ નિર્વેદ પામે છે, પુદ્ગલની ક્ષણ ભંગુરતા અને આત્માની અમરતા નો બરોબર પરિચય પામે છે જેને કારણે ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ પરીષહ-ઉપસર્ગાદિમાં એ નિશ્ચલ રહે છે. ચલાયમાન થતો નથી.

દર્શન ભાવનાનું ફળ અસંમોહ છે. કેમકે શંકાકાંક્ષા વિચિકિત્સાદિ ભાવો દૂર થાય છે. શ્રદ્ધાની મજબૂતાઇ ને સચ્ચાઇ દ્વારા મિથ્યાદેવદેવીની ઉપાસનામાં તે ખેંચાતો નથી ને સ્થિરતા અમૂઢતા રુપ અસંમોહ ગુણને પ્રાપ્ત કરે છે.

જ્યારે ચારિત્ર ભાવના દ્વારા પૂર્વકર્મ નિર્જરા રુપ ફળની જીવને પ્રાપ્તિ થાય છે કેમકે તપ સંયમના સેવનથી પૂર્વકર્મો ખરી જાય છે અશુભકર્મો બંધાતા અટકી જાય છે. તો કુશલાનુબંધી શુભકાર્યો અનાયાસે બંધાય છે.

તો...વૈરાગ્યભાવના દ્વારા જીવને સંગ આશંસા અને ભયનો ઉચ્છેદ ફળ રુપે પ્રાપ્ત થાય છે...કેમકે વૈરાગ્ય ભાવનામાં દેહની નશ્વરતા ને સંસારની અસારતાનું ભાન થતા નિઃસંગ બને છે. આશંસા=ઇચ્છા આશા વાસનાથી રહિત બને છે તેમજ સર્વ પ્રકારના ભયથી રહિત બને છે.

**सदृशप्रत्ययावृत्त्या वैतृष्ण्याद् बहिरर्थतः ।**
**एतश्च युज्यते सर्वं भावनाभावितात्मनि ॥१९०॥-२५**

**અર્થ :** આ જ્ઞાન દર્શન ચારિત્ર અને વૈરાગ્ય રુપ ચાર

ભાવનાથી ભાવિત આત્મામાંજ...જગતના પદાર્થો અને કાયા વગેરેમાં "ઇદં અપિ અનિત્યં" "ઇદં અપિ અનિત્યં" વગેરે વગેરે એકસરખા તાત્વિક બોધના અભ્યાસથી અને એ બાહ્ય પદાર્થોથી થયેલ વૈરાગ્ય દ્વારા મનનું વશપણું મનની સ્થિરતા વગેરે ધર્મધ્યાનોપયોગી સર્વ ભૂમિકા ઘટી શકે છે.

અર્થાત્ વારંવાર તત્ત્વદ્રષ્ટિના અભ્યાસ દ્વારા અને બાહ્ય પદાર્થો ના વૈરાગ્ય દ્વારા સ્થિર થયેલ ચિતમાં જ ધ્યાનની લાયકાત છે અને તેવી લાયકાત ઉપરોક્ત ચાર ભાવનાથી ભાવિત આત્માને વિષેજ ઘટી શકે છે.

**सर्वासु मुनयो देशकालावस्थासु केवलम् ।**

**प्राप्ता स्तन्नियमो नाऽऽसां, नियता योगसुस्थता ।।१९१।।३०**

**અર્થ :** સર્વ પ્રકારના સ્થાનોમાં સર્વકાળમાં અને સર્વ પ્રકા-રની અવસ્થા વિષે ભૂતકાળમાં ઘણા મહાત્માઓએ કેવલજ્ઞા-નની પ્રાપ્તિ કરી છે આથી ધ્યાનની બાબતમાં દેશકાલ કે અવસ્થા બાબતમાં કોઇ નિયતતા નથી કોઇ બંધન નથી જે કોઇ દેશ જે કોઇ કાળ અને જે કોઇ અવસ્થામાં ધ્યાન=મન-

વચન કાયા ના યોગની સ્થિરતા થાય તેજ તેના માટે નિયત છે.

**वाचना चैव पृच्छा च परावृत्त्यनुचिंतने ।**
**क्रिया चालम्बनानीह सद्धर्मावश्यकानि च ॥१९२॥-३१**

**અર્થ :** વાચન પૃચ્છના પરાવર્તના અનુપ્રેક્ષા આદિ ચાર શ્રુતધર્મગત ધર્મધ્યાનના આલંબન છે. તો પડિલેહણાદિ ક્રિયા ને સામાયિકાદિ આવશ્યકો એ ક્રિયાધર્મ=ચારિત્ર ધર્મગત ધર્મ-ધ્યાનના આલંબનો છે.

**आज्ञापायविपाकानां संस्थानस्य च चिंतनात् ।**
**धर्मध्यानोपयुक्तानां ध्यातव्यं स्याच्चतुर्विधम् ॥१९३॥३५**

**અર્થ :** દેવાધિદેવ પરમાત્માની આજ્ઞાનું ચિંતન કરવું. રાગ-દ્વેષ કામક્રોધાદિના અપાયો / નુકશાનોનું ચિંતન કરવું બંધા-યેલા કે બંધાતા કર્મો ના વિપાક=પરિણામનું ચિંતન કરવું તેમજ...ચૌદરાજ લોકના સંસ્થાન=આકાર વિશેષો ઉપર ચિંતન કરવું. આમ ધર્મધ્યાનમાં રક્ત વ્યક્તિ ને ધ્યાન કરવા લાયક આ ચાર બાબતો છે.

मनस श्चेन्द्रियाणां च जयाद्यो निर्विकारधीः

धर्मध्यानस्य स ध्याता, शान्तो दान्तः प्रकीर्तितः ॥१९४॥६२

**અર્થ :** મન તથા પાંચે ઇન્દ્રિયો પર વિજયં પ્રાપ્ત કરી ને જેણે પોતાની બુદ્ધિ નિર્વિકારી બનાવી છે અને જે શાંત અને-દાંત બન્યો છે એવો વ્યક્તિ જ ધર્મધ્યાનનો સાચો ધ્યાતા છે.

अनित्यत्वाद्यनुप्रेक्षा ध्यानस्योपरमेऽपि हि ।

भावयेन्नित्यमभ्रान्तः प्राणा ध्यानस्य ताः खलु ॥१९५॥७०

**અર્થ :** ધ્યાનાદિથી જ્યારે જીવ નિવૃત્ત થાય ત્યારે પણ અભ્રાંત એવા તેણે અનિત્યત્વ વગેરે ૧૨ ભાવનાનું હંમેશા ચિંતવન કરતા રહેવું જોઇએ કેમકે આ ભાવનાઓએ શુભ-ધ્યાનની પ્રાણ સમી છે. જેનાથી પુનઃ ધ્યાનની ધારામાં જીવ વહી શકે છે.

तीव्रादिभेदभाजः स्यु र्लेश्या स्तिस्त्र इहोत्तराः ।

लिंगान्यत्रागमश्रद्धाविनयसद्गुणस्तुतिः ॥१९६॥-७१

**અર્થ :** તેજો પદ્મ અને શુકલ આ ત્રણે'ય લેશ્યા તીવ્ર તીવ્રતર અને તીવ્રતમ ભેદે ધર્મધ્યાનીને સંભવે છે. તો..જિનેશ્વર

પ્રભુએ ફરમાવેલ આગમોક્ત પદાર્થોમાં અપૂર્વ શ્રદ્ધા-દેવ-ગુરુ આદિનો યથોચિત અભ્યુત્થાનાદિ વિનય અને તેઓના સદ્ગુણોની સ્તુતિ એ ધર્મધ્યાની મહાત્માના ચિહનો છે...એના કાર્યલિંગો છે.

**लिंगं निर्मलयोगस्य शुक्लध्यानवतोऽवधः ।**
**असम्मोहो विवेकश्च व्युत्सर्गश्चाभिधीयते ॥१९७॥-८३**

**અર્થ :** નિર્મળ યોગવાળા શુક્લ ધ્યાની મહાત્માના ચાર લિંગો નીચે પ્રમાણે છે-૧, અવધ ૨, અસંમોહ ૩ વિવેક ૪ વ્યુત્સર્ગ.

**अवधादुपसर्गेभ्य:कम्पते न बिभेति वा ।**
**असम्मोहा न्न सूक्ष्मार्थे मायास्वपि च मुह्यति॥१९८॥-८४**
**विवेकात् सर्वसंयोगा द्भिन्न मात्मानं मीक्षते ।**
**देहोपकरणासंङ्गो व्युत्सर्गा ज्जायते मुनिः ॥१९९॥-८५**

**અર્થ :** શુક્લ ધ્યાનના પ્રથમ લિંગ અવધથી કોઇપણ પ્રકારના પરીષહો કે ઉપસર્ગોથી તે મુનિ કંપતો પણ નથી અને ભય પણ પામતો નથી.

દ્વિતીય લિંગ અસમ્મોહથી તે સૂક્ષ્મ પદાર્થોના ચિંતનમાં મુંઝાતો નથી કે દેવાદિકૃત માયામાં પણ મુંઝાતો નથી તૃતીયલિંગ "વિવેક"થી દેહ ઉપધિ આદિ સર્વ પ્રકારના સંયોગથી પોતાના આત્માને તે ભિન્ન દેખે છે તો ચતુર્થ લિંગ "વ્યુત્સર્ગ"થી દેહ અને ઉપકરણાદિથી અસંગ થઇ જાય છે...એનો સંગ એને રહેતો નથી.

**एतद्ध्यानक्रमं शुद्धं मत्वा भगवदाज्ञया ।**
**य:कुर्यादेतदभ्यासं सम्पूर्णाध्यात्मविद् भवेत्॥२००॥-८६**

**અર્થ :** ભગવાનની આજ્ઞા પ્રમાણે શુદ્ધ એવા આ ધ્યાનના ક્રમને જાણીને જે તે ધ્યાનનો અભ્યાસ કરે છે એ આત્મા પૂર્ણ અધ્યાત્મના સ્વરુપનો જ્ઞાતા=કેવલી બને છે.

# ધ્યાનસ્તુતિ, અધિકાર-૧૭

आत्मनो हि परमात्मनि योऽभूद्, भेदबुद्धिकृत एव विवादः,
ध्यानसन्धिकृदमुं व्यपनीय, द्रागभेदमनयो र्वितनोति॥२०१॥-११

**અર્થ** : આત્મા અને પરમાત્મા વચ્ચે કોઇ ભેદ છે કે નહિં એવો વિવાદ સતત ચાલ્યો આવે છે. પરંતુ સંધિકાર એવા આ ધ્યાને આ વિવાદ દૂર કરી તત્ક્ષણ બે વચ્ચેનો અભેદ સાધી આપે છે.

અર્થાત્ ધ્યાન દ્વારા આત્મા અને પરમાત્મા વચ્ચેનો અભેદ અનુભવાય છે આના જેવી ધ્યાન માટે કંઇ ઉત્તમ સ્તુતિ છે...

# આત્મનિશ્ચયાધિકાર-૧૮

**आत्मज्ञानफलं ध्यान, मात्मज्ञानं च मुक्तिदम्,**
**आत्मज्ञानाय तन्नित्यं यत्नःकार्यो महात्मना ॥२०२॥१॥**

**અર્થ :** શુભધ્યાનનું ફલ આત્માનું જ્ઞાન છે...અને આત્મજ્ઞાન મુક્તિ આપનારું છે. આથી આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવા મહાત્માઓએ સદાય પ્રયત્ન કરવો જોઇએ.

**नवानामपि तत्त्वानां ज्ञान मात्मप्रसिद्धये,**
**येनाऽजीवादयो भावाः स्वभेदप्रतियोगिनः ॥२०३॥३॥**

**અર્થ :** જીવ એ...અજીવ નથી, પુણ્ય નથી પાપનથી, બંધ નિર્જરા આસ્રવસંવર અને મોક્ષ નથી પણ તે બધાથી ભિન્ન છે...આમ અજીવાદિથી ભિન્ન આત્મ તત્ત્વ છે...એ પ્રસિદ્ધ કરવા માટે જ નવે નવ તત્ત્વોનું જ્ઞાન કરવાનું છે...અને તેથી જ અજીવાદિભાવો એ...આત્મામાં રહેલ સ્વભેદના પ્રતિયોગિ બને છે...અર્થાત્ દરેક અજીવાદિથી ભિન્ન આત્મા છે...ને જ્યાં અજીવાદિની ભિન્નતા છે..ત્યા અજીવાત્વાદિ નથી

રહેતું...(સ્વ=અજીવાદિ એનો ભેદ=ભિન્નતા (આત્મામાં) ભેદના પ્રતિયોગ=વિરોધિ અજીવત્વાદિ)

ટુંકમાં...એક જીવનું જ્ઞાન કરવા માટે પણ...અજીવાદિ ને જાણવા આવશ્યક છે...અજીવાદિના સ્વરૂપનો પરિચય કરીને જ એ સ્વરૂપથી ભિન્ન જેનું સ્વરૂપ છે તેવો આત્મા સમજી શકાય છે...

**तदेकत्वपृथक्त्वाभ्या मात्मज्ञानं हितावहम्,**
**वृथैवाभिनिविष्टान मन्यथा धीर्विडम्बना ॥२०४॥५॥**

**અર્થ :** આત્મજ્ઞાન-એકત્વ એટલે કે અભેદથી અને પૃથક્ત્વ એટલે ભેદથી કરવું હિતાવહ છે...નહિ તો અભેદનો જ અભિનિવેશ-કદાગ્રહ રાખનારૃ કે ભેદનો જ કદાગ્રહ રાખનારની વિપરીત બુદ્ધિ એ માત્ર વિડમ્બના છે.

અહિં નિશ્ચયનય અને વ્યવહારનયનાં એમ બે દ્રષ્ટિ કોણો છે.

નિશ્ચયનય કહે છે. આત્મા જ્ઞાનાદિથી અભિન્ન છે.

વ્યવહાર નય કહે છે આત્મા અને જ્ઞાન ભિન્ન છે.

નિશ્ચય કહે છે એક આત્મા બીજા આત્માથી અભિન્ન છે (સ્વરુપથી) તો વ્યવહાર કહે છે...દરેક આત્મા એક બીજાથી ભિન્ન છે. નિશ્ચય કહે છે. આત્મા દેહાદિથી ભિન્ન છે તો વ્યવહાર એવું વિધાન કરે છે આત્મા દેહાદિથી અભિન્ન છે...સામા સામા આવા વિધાનો...અલગ અલગ દ્રષ્ટિકોણ અને અપેક્ષા સાપેક્ષ છે...આ અપેક્ષા સમજયા વિના એકાંત વાદી બુદ્ધિ એ માત્ર વિડમ્બના છે...

આ અધિકારમાં આત્મ તત્ત્વનો મૌલિક નિશ્ચય કરવાનો હોવાથી...નિશ્ચયનયના દ્રષ્ટિકોણની પ્રાધાન્યતા વાળો છે એ ધ્યાનમાં રાખી...આગળના શ્લોકો વિચારવા.

**एक एव हि तत्रात्मा स्वभावसमवस्थित:,**

**ज्ञानदर्शनचारित्रलक्षण: प्रतिपादित: ।।२०५।।६।।**

**અર્થ :** તે નવનત્ત્વોને વિષે...જ્ઞાનદર્શન અને ચારિત્રના સ્વરૂપવાળો લક્ષણવાળો સ્વભાવમાં...સ્થિર એવો આત્મા એક જ છે...

આમ સ્વરૂપ અને સ્વભાવ સ્થિરતાથી દુનિયાના બધા

આત્મા એક જ છે...એવો નિશ્ચયનયનો દ્રષ્ટિકોણ છે.

**प्रभानैर्मल्यशक्तीनां यथा रत्नान्न भिन्नता,**
**ज्ञानदर्शनचारित्रलक्षणानां तथात्मनः ॥२०६॥७॥**

**અર્થ :** જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ આત્મ ગુણો એ આત્માથી ભિન્ન નથી...જેવી રીતે રત્નની કાંતિ રત્નની નિર્મળતા અને રત્નની ઉપદ્રવ દૂર કરવાની શક્તિ એ રત્નથી જુદી નથી તેમ...

**घटस्य रुप मित्यत्र यथा भेदो विकल्पजः**
**आत्मनश्च गुणानां च तथा भेदो न तात्त्विकः ॥२०७॥९**

**અર્થ :** (નિશ્ચયનયની દ્રષ્ટિ) "ઘડાનુ રુપ" આમ છટ્ઠી વિભક્તિ દ્વારા ફલિત કરાતું. ઘડા અને રૂપ વચ્ચેનો ભેદ એ વ્યવહારના વિકલ્પ છે...તાત્ત્વિક નથી કેમકે ઘડાવિનાનું રૂપ અને રૂપ વિનાનો ઘડો બન્ને અભિન્ન હોવાથી પ્રાપ્ત થતા નથી એજ રીતે આત્મા અને આત્મા ના જ્ઞાનદર્શન ચારિત્રાદિ ગુણો પણ...આત્માથી જે જુદા છે એમ ષષ્ઠી વિભક્તિ દ્વારા સૂચિત કરાય છે....તે ભેદ પણ તાત્ત્વિક નથી અતાત્ત્વિક છે.

**शुद्धं यदात्मनो रुपं निश्चयेनानुभूयते,**
**व्यवहारो भिदा द्वाराऽनुभावयति यत् परम्॥२०८॥१०**

**અર્થ :** નિશ્ચયનય દ્વારા આત્માનું શુદ્ધ જે સ્વરૂપ અનુભવાય છે...વ્યવહાર નય એજ સ્વરૂપને ભેદ કથનથી અન્ય ને અનુભવાવે છે...

આત્મ જ્ઞાનમય છે એવા નિશ્ચયના અનુભવને સમજાવવા વ્યવહાર, જ્ઞાન વાળો આત્મા છે અથવા આત્માનો ગુણ જ્ઞાન છે એમ ભેદ કથનથી સમજાવે છે.

**वस्तुतस्तु गुणानां तद् रुपं न स्वात्मनः पृथक्,**
**आत्मा स्यादन्यथाऽनात्मा ज्ञानाद्यपि जडं भवेत् ॥२०९॥११**

**અર્થ :** વાસ્તવિક રીતે વિચારીએ તો...ગુણોનું તે સ્વરૂપ તે સ્વાત્માથી ભિન્ન નથી આત્મા અને જ્ઞાનાદિ ગુણો બન્ને એક જ છે...જો બન્ને ને જુદા માનીએ તો...આત્મા જ્ઞાનરહિત બનતા-અનાત્મા=જડ બની જશે ને જ્ઞાનાદિ ગુણો પણ...આત્માથી જુદા પડતા ચૈતન્યહીન જડ બની

જશે...માટે...નિશ્ચયનયના મૂળ દ્રષ્ટિકોણથી ગુણ અને આત્મા બન્ને ભિન્ન નથી.

**मन्यते व्यवहारस्तु भूतग्रामादिभेदतः**
**जन्मादेश्च व्यवस्थातो मिथो नानात्व मात्मनाम् ॥२१०॥१३**

**અર્થ :** ભૂતગ્રામ=એકેન્દ્રિય બેઇન્દ્રિયાદિ ૧૪ પ્રકારના ભેદથી આદિ પદથી...૪ ગતિ, ૫ ઇન્દ્રિય, ૬ કાય વગેરે ભેદો દ્વારા તેમજ જન્માવસ્થા બાલ યુવા વૃદ્ધ મૃત્યુ વગેરે અવસ્થાઓના ભેદથી વ્યવહારનય આત્માઓની પરસ્પર અનેકવિધતા માને છે...અર્થાત્ કોઇ એકેન્દ્રિય છે કોઇ બેઇન્દ્રિય છે એ રીતે પણ આત્માઓ ભિન્ન ભિન્ન છે તો એક જ આત્મા બાલક રૂપ યુવાન રૂપ વૃદ્ધ રૂપ એમ પણ ભિન્ન રૂપે છે એમ વ્યવહારનયની મૂલવણી છે.

**न चैतन् निश्चये युक्तं भूतग्रामो यतोऽखिलः**
**नामकर्मप्रकृतिजः स्वभावो नात्मनः पुनः ॥२११॥१४**

**અર્થ :** ભૂતગ્રામથી કરાતો આત્માનો ભેદ નિશ્ચયનય માન્ય કરતો નથી એતો કહે છે કે...નામકર્મની વિવિધ પ્રકૃતિઓથી

જન્મેલ સૂક્ષ્મ, એકેન્દ્રિય, પર્યાપ્ત વગેરે ભૂતગ્રામ રૂપ પર્યાયો છે તે કર્મ જનિત વસ્તુ છે...નહિં કે આત્માનો મૂળ સ્વભાવ-કર્મજનિત પર્યાયોથી આત્માનો ભેદ કરવો એ યુક્તિ સંગત નથી...

**जन्मादिकोऽपि नियतः परिणामो हि कर्मणाम्,**
**न तु कर्मकृतो भेदः स्यादात्मन्यविकारिणि ॥२१२॥१५**

**અર્થ :** જન્મ મરણ વગેરે અવસ્થાઓ પણ આયુષ્ય વગેરે કર્મનો જ પરિણામ છે...અવિકાર-નિર્વિકાર એવા આત્માને વિષે કર્મકૃત આ ભેદો દ્વારા ભેદ શી રીતે મનાય ? કર્મકૃત ભેદ આત્માને વિષે નથી ઘટતો...

**उपाधिभेदजं भेदं, वेत्त्यज्ञः स्फटिके यथा,**
**तथा कर्मकृतं भेद-मात्मन्येवाभिमन्यते ॥२१३॥१७**

**અર્થ :** સફેદ પારદર્શક નિર્મલ સ્ફટિક માં...તેને અડીને રહેલા લાલ લીલા પીળા ભૂરા વસ્ત્રો થી લાલાશ લીલાશ પીળાશ ભૂરાશ સ્ફટિકમાં પ્રતિબિમ્બિત થાય છે...અને અજ્ઞાની માણસ એક જ સ્ફટિક ને...લાલ સ્ફટિક લીલો સ્ફટિક પીળોને

ભૂરો સ્ફટિક એમ કહીને જુદો જુદો માને છે આમ ઉપાધિ ભેદથી જન્મેલ ભેદ ને સ્ફટિકમાં અજ્ઞાની આરોપિત કરે છે. એજ રીતે કર્મકૃત ભેદોને પણ આત્મામાં આરોપિત કરી અજ્ઞાની, આત્માના પણ દેવાત્મા બાલ યુવાન વૃદ્ધ વગેરે વિવિધ ભેદો કરે છે...અને કર્મકૃત ભેદો આત્માના જ ભેદો છે તેમ માની લે છે.

**एकक्षेत्रस्थितोऽप्येति नाऽऽत्मा कर्मगुणान्वयम्,**
**तथाभव्यस्वभावत्वाच्छुद्धो धर्मास्तिकायवत् ॥२१४॥१९**

**અર્થ :** એકજ ક્ષેત્ર=આકાશપ્રદેશમાં...કર્મ પરમાણુઓની સાથે જ વસવા છતાં, આત્મા...કર્મ જન્ય ગુણ...રૂપાદિ ગત્યાદિ વગેરેનો સંબંધ પામતો નથી...એટલે...કે રૂપી કે...વિવિધ ગતિ વગેરે પરિણામ પામતો નથી...કારણ કે...ધર્માસ્તિકાયની જેમ આત્માનો પણ સ્વસ્વરૂપ છોડી અન્ય સ્વરૂપમાં પરિણમવાનો સ્વભાવ નથી માટે જેમ ધર્માસ્તિકાય પુદ્ગલના સંગ છતા નિર્લેપ રહે છે પુદ્ગલના કોઇ ગુણ અપનાવતો નથી તેમ શુદ્ધાત્મા પણ પુદ્ગલ કે કર્મના કોઇ ગુણ સ્વીકારતો નથી.

**यथा तैमिरिकश्चन्द्रमप्येकं मन्यते द्विधा,**
**अनिश्चयकृतोन्माद स्तथात्मानमनेकधा ॥२१५॥२०**

**અર્થ :** જેમ તૈમિરિક=નેત્રરોગી આકાશમાં રહેલા એક ચન્દ્રને પણ...અનેકરૂપે-બે રૂપે જુએ છે તેમ...કર્મજન્ય વિવિધ સ્વરૂપોના કારણે નિર્ણય ન થવાથી...અનિશ્ચયથી જન્મેલ ગાંડપણ વાળો વ્યવહારનયવાદી પણ...એક આત્માને અનેક રૂપે જુએ છે. (મનુષ્ય દેવ નરક રાજારંક વગેરે...)

**सदसद्वादपिशुनात् संगोप्य व्यवहारतः,**
**दर्शयत्येकतारत्नं सतां शुध्धनयः सुहृत् ॥२१६॥२२**

**અર્થ :** આત્મા કથંચિત્ સત્ છે કથંચિત્ અસત્ છે...એવા પ્રકારના ભેદયુક્ત કથન કરવામાં...માહિર-ચાડી ચુગલી ખોર સમાન વ્યવહાર નયથી સંરક્ષણ કરી / બચાવી નિશ્ચયનય / શુધ્ધનય રૂપી મિત્ર દરેક આત્મામાં એકતા રૂપ રત્ન સજ્જનોને દેખાડે છે.

ચાડીયો ચુગલી ખોર આ સારો આ ખોટો ઉંચ નીચ વગેરે ભેદો બતાવી લડાવી નાંખે છે...જ્યારે સાચો

સન્મિત્ર...બધાય સરખા છે...એમ કહીને સમાધાન વૃત્તિ આપે છે...વ્યવહાર નય ને નિશ્ચયનયને આ શ્લોકમાં ચુગલીખોર અને સન્મિત્રનું માર્મિક રૂપક આપવામાં આવ્યું છે.

**कर्मणस्ते हि पर्याया नात्मनः शुद्धसाक्षिणः,**
**कर्मक्रियास्वभावं यदात्मा त्वजस्वभाववान् ॥२१७॥२५**

**અર્થ :** મનુષ્ય દેવ રાજારંક વગેરે બધા તે તે પર્યાયો એ કર્મ ના પર્યાયો છે...નહી કે પલટાતા પર્યાયો ના શુધ્ધ સાક્ષી એવા આત્માના.... કારણકે...જુદા જુદા પર્યાયો ઉત્પન્ન કરવાની ક્રિયાનો સ્વભાવ કર્મનો છે...જ્યારે...આત્મા તો અજ સ્વભાવવાળો છે. એટલે કે ક્રિયાને પોતામાં જન્મ ન આપવાના સ્વભાવવાળો છે.

આથી...બન્ને તદ્દન વિરોધી સ્વભાવના હોવાથી કર્મના તે પર્યાયો આત્માના બની શકે નહી કે તેનાથી પડતા વિવિધ ભેદો આત્મામાં ઘટી શકે નહી.

**यथा स्वप्नावबुद्धोर्थो विबुद्धेन न दृश्यते,**
**व्यवहार मतः सर्गो ज्ञानिना न तथेक्ष्यते ॥२१८॥२८**

**અર્થ :** જેમ સ્વપ્નમાં જણાયેલો પદાર્થો જાગ્યા પછી આપણી આજુબાજુ આપણે નથી જોતા / આપણને નથી દેખાતા...એજ રીતે વ્યવહાર મતના (નિદ્રા વસ્થા સમાન) દ્રષ્ટિકોણ થી જે સંસાર આત્માનો દેખાય છે તે નિશ્ચય દૃષ્ટિ યુક્ત જ્ઞાનીને (જાગૃત અવસ્થાવાળા સમાન) નથી દેખાતો.

વ્યવહારને કર્મ યુક્ત આત્મા ભાસે છે. તો જ્ઞાની / નિશ્ચયને કર્મ યુક્ત શુધ્ધસ્વરુપે જ આત્મા ભાસે છે...બે નયના દ્રષ્ટિ બિંદુની આજ વાસ્તવિકતા છે...

**इति शुद्धनयायत्त-मेकत्वं प्राप्त-मात्मनि,**
**अंशादिकल्पनाप्यस्य नेष्टा यत्पूर्णवादिनः ॥२१९॥३१**

**અર્થ :** આમ નિશ્ચયનય (શુદ્ધ) આત્મામાં જ્ઞાનાદિ ગુણ ને પણ અભિન્ન માને છે. તો બીજો આત્મા અને આ આત્મા એવા આત્મા આત્મા વચ્ચેનો ભેદ પણ એને સામાન્ય છે...તેથી શુધ્ધ નયાધીન આત્મામાં એકત્વ જ પ્રાપ્ત થાય છે જ્ઞાનથી કે અન્ય આત્માથી, અભિન્ન એક જ આત્મા છે એવી એની સ્પષ્ટ માન્યતા છે...

ને બધી વસ્તુને પરિપૂર્ણ સ્વરૂપે માનતો આ પૂર્ણવાદીનય આત્માના અસંખ્ય પ્રદેશ છે...એ પૂર્ણ આત્માના અંશોની કલ્પના પણ એને પ્રિય નથી એતો...પ્રદેશાદિ વગેરેની કલ્પના કર્યા વિનાના એક અને પૂર્ણ આત્માને જ માને છે.

**एक आत्मेति सूत्रस्याप्ययमेवाशयो मतः,**
**प्रत्यग् ज्योतिष मात्मान माहुः शुध्धनयाःखलु ॥२२०॥३२**

**અર્થ :** "એગે આયા" "આત્મા એક છે" ઠાણાંગ સૂત્રના પ્રથમ સૂત્રનો પણ...આશય...પણ...નિશ્ચય નયનો જ આશય છે.

વળી નિશ્ચયનયવિશેષ શુધ્ધ સંગ્રહનય વગેરે નયો તો...બન્ધમોક્ષાદિ રહિત શુધ્ધ જ્યોતિ સ્વરૂપ આત્મા ને જ માને છે. શુધ્ધ સ્વરૂપ સિવાયનું અન્ય સ્વરૂપ આત્માનું સંભવી શકતુંજ નથી એવો શુધ્ધ નયોનો મત છે.

**प्रपञ्चसञ्चयक्लिष्टा-न्मायारुपाद् बिभेमि ते,**
**प्रसीद भगवन्नात्मन् शुध्धरुपं प्रकाशय ॥२२१॥३३**

**અર્થ :** હે ભગવન્ આત્મન્ આપ મારી ઉપર કૃપા કરો અને આપના શુધ્ધ સ્વરૂપને પ્રકાશિત કરો...કેમકે સંસારના પ્રપંચોના સંચયથી ક્લેશ યુક્ત આપના માયાવી વિવિધ સ્વરૂપથી મને ખૂબ ભય લાગે છે.

વ્યવહારનય મત પ્રમાણે દેહ ધન કર્મ વગેરેથી આત્મા જે અભિન્ન મનાય છે...તેનું ક્રમશઃ ખંડન કરીને દેહાદિથી આત્માનું પૃથક્ત્વ નિશ્ચયનય હવેના શ્લોકોમાં રજુ કરીને આત્મ નિશ્ચય સ્પષ્ટ કરે છે.

**न रुपं न रसो गन्धो न स्पर्शो न चाकृतिः,**
**यस्य धर्मो न शब्दो वा तस्य का नाम मूर्तता ॥२२२॥३७**

**અર્થ :** જેના ગુણ ધર્મમાં રૂપ નથી રસ નથી ગન્ધ નથી સ્પર્શ નથી શબ્દ કે આકૃતિ નથી તે આત્માની મૂર્તતા કેવી રીતે હોય શકે...? કથંચિત્ મૂર્તતા પણ...તમે આત્મામાં ખોટી આરોપિત કરો છો. એવું નિશ્ચયનય કહે છે...અને મૂર્તતા માન્યા વિના વેદના વગેરેનો પણ ખુલાસો કરે છે કે–

वेदनाऽपि न मूर्तत्वनिमित्ता स्फुटमात्मनः,
पुद्गलानां तदापत्तेः किन्त्वशुद्ध स्वशक्तिजा ॥२२३॥४२

**અર્થ :** જીવને વેદનાનો અનુભવ થાય છે...માટે એમાં મૂર્તત્વ માનવું જરૂરી છે...મૂર્તત્વ માનો આવી વ્યવહારનયની દલીલ સામે નિશ્ચય નય કહે છે કે–આત્માને મૂર્તત્વ ને કારણે વેદનાદિનો અનુભવ થાય છે એવું કહેવું યુક્તિ સંગત નહી બને, કેમકે જ્યાં મૂર્તત્વ ત્યાં વેદના આવી વાત કરતા, પરમાણુ પુદ્ગલમાં મૂર્તત્વ હોવાના કારણે ત્યાં પણ વેદનાદિની આપત્તિ આવશે...તે પણ આઘાતાદિની વેદના અનુભવશે. માટે સુખદુઃખના અનુભવ માત્રથી આત્મામાં મૂર્તતા સ્થાપવી એ યોગ્ય નથી. કદાચ તમે કહેશો કે આત્માને જે વેદનાદિનો અનુભવ થાય છે તે મૂર્તતાથી નથી થતો તો શાથી થાય છે ?

તો એનું સમાધાન એ છે કે કર્માદિના સંયોગથી આત્માનો વિશુદ્ધ ઉપયોગ અશુદ્ધ થયો છે. તે અશુદ્ધ ઉપયોગ શક્તિથી વેદનાદિનો જીવને અનુભવ થાય છે.

नाऽऽत्मा तस्मादमूर्तत्वं चैतन्यं चाऽनिवर्तते,
अहो देहेन नैकत्वं, तस्य मूर्तेन कर्हिचित् ॥२२४॥४६

**અર્થ :** તેથી કરીને આત્મા ચૈતન્યને ઓળંગી જઇ શકતો નથી અમૂર્તતા ને ઓળંગી જઇ શકતો નથી, તેમજ મૂર્ત બની શકતો નથી માટે મૂર્ત એવા દેહ સાથે કોઇ કાળે પણ તેનું એકત્વ સંભવી શકતું નથી.

पुद्‌गलानां गुणो मूर्ति रात्मा ज्ञानगुणो पुनः,
पुद्‌गलेभ्य स्ततो भिन्न मात्मद्रव्यं जगु र्जिनाः ॥२२५॥४८

**અર્થ :** મૂર્તત્વ એ પુદ્‌ગલ દ્રવ્યનો ગુણ છે અને આત્મા તો જ્ઞાન / ચૈતન્ય ગુણ વાળો છે. આથી (મન વાણી કર્મ ધન વગેરે) પુદ્‌ગલ દ્રવ્યોથી આત્મ દ્રવ્ય ભિન્ન છે એમ જિનેશ્વરો કહે છે...

आत्मन स्तदजीवेभ्यो विभिन्नत्वं व्यवस्थितम्,
व्यक्तिभेदनयादेशा दजीवत्व मपीष्यते ॥२२६॥५३

**અર્થ :** આમ પુદ્‌ગલ વગેરે તમામ અજીવોથી આત્માનું

ભિન્નપણું નિશ્ચયનયથી પાકું થાય છે...જોકે વ્યક્તિ ભેદનય=વ્યક્તિ વ્યક્તિ એ ભેદ કરનાર નય અર્થાત્ વ્યવહારનય.

આ વ્યવહારનય ના દ્રષ્ટિ કોણથી તો...સંસારી જીવ સિદ્ધજીવ એમ જીવના ભેદ પણ છે તેમ એ વ્યક્તિ ભેદ નયાદેશથી અપેક્ષાએ જીવમાં અજીવત્વ પણ ઘટાવી શકાય છે. ને મનાય છે. તે આ રીતે...

**अजीवा जन्मिनः शुद्धभावप्राणव्यपेक्षया,**
**सिद्धाश्च निर्मलज्ञानाद् द्रव्यप्राणव्यपेक्षया ॥२२७॥५४**

**અર્થ :** શુધ્ધ ભાવ પ્રાણ એટલે અનંતજ્ઞાન દર્શન ચારિત્ર વગેરે ગુણો અને દ્રવ્ય પ્રાણ એટલે ઇન્દ્રિયો વગેરે ૧૦ પ્રાણો આમ શુધ્ધભાવ પ્રાણ ને લઇને જીવને જો જીવ ગણવામાં આવતો હોય તો સિધ્ધો જ જીવ તરીકે ઘટી શકે તેમાંજ શુધ્ધ ભાવ પ્રાણો છે...બાકી બધા જ જન્મધારી જીવો...સંસારી જીવો શુધ્ધ ભાવ પ્રાણ રહિત હોઇને અજીવ બની જશે...ને...દ્રવ્ય પ્રાણને લઇને જો જીવને જીવ માનતા હોય તો તે ઇન્દ્રિયાદિ

દ્રવ્ય પ્રાણોનો સિદ્ધમાં અભાવ હોવાથી નિર્મલ જ્ઞાનવાળા સિદ્ધો દ્રવ્યપ્રાણની અપેક્ષાએ અજીવ બની જશે...દ્રવ્ય પ્રાણની અપેક્ષાઓ તો માત્ર સંસારી જીવો જ જીવ ગણાશે...

આમ વ્યવહાર નયે તો જીવમાં જુદી જુદી અપેક્ષાએ અજીવત્વ આવી જશે...

એજ રીતે વ્યવહારનયની અપેક્ષાએ....પુણ્ય પાપની શુભ અશુભતા છે...તે અંગે પણ નિશ્ચયનયની માન્યતાઓ જુદી છે જેને સ્વીકાર્યા વિના પણ...સંસારનો અંત થવો દુર્લભ છે....

**पुण्यं कर्म शुभं प्रोक्त मशुभं पाप मुच्यते,**
**तत्कथं तु शुभं जन्तून यत् पातयति जन्मनि ॥२२८॥५७॥**

**અર્થ :** વ્યવહારનય કહે છે કે પુણ્ય કર્મ એ શુભ છે અને પાપકર્મ અશુભ છે...ત્યાં નિશ્ચયનય કહે છે...પાપકર્મ તો અશુભ છે પણ પુણ્યને તમે શુભ કેમ કહી શકો કેમકે જે પુણ્ય જીવને જન્મના ચક્કરમાં પાડે છે સંસારમાં જકડી રાખે છે તેને ખરેખર શુભ કેમ મનાય ?

फलाभ्यां सुखदु:खाभ्यां न भेदः पुण्यपापयोः,
दु:खा न्न भिद्यते हन्त यतः पुण्यफलं सुखम् ॥२२९॥६२

**અર્થ :** પુણ્યનું ફળ સુખ છે અને પાપનું ફળ દુ:ખ છે...આમ સુખ દુ:ખ રૂપ ફળ ભેદની અપેક્ષાએ પુણ્ય પાપનો ભેદ છે...ને એક ફળ સારૂ છે એક ખરાબ છે એ રીતે એમા શુભ શુભતા પણ આવશે આવી વ્યવહાર નયની દલીલ સામે નિશ્ચયતો કહે છે કે...તમે જે પુણ્યના ફળને સુખ કહ્યું છે તે તાત્ત્વિક રીતે દુ:ખ જ છે...એનાથી એ જુદુ નથી પડતું...નામ ભલે સુખ રાખો પણ તત્ત્વતઃ જો દુ:ખ હોય તો પુણ્ય અને પાપ બન્ને સરખા જ થયા.

परिणामाच्च तापाच्च संस्काराच्च बुधै र्मतम्,
गुणवृत्तिविरोधाच्च दु:खं पुण्यभवं सुखम् ॥२३०॥६४

**અર્થ :** પુણ્યથી જન્ય સુખ ચાર કારણો સર દુ:ખ રૂપ છે ૧. પરિણામ થી, ૨. તાપથી, ૩. સંસ્કારથી, ૪. ગુણ વૃત્તિના વિરોધથી...પરિણામથી એટલે કે...પુણ્યફળ સુખ અંતે દુ:ખમાં જ પરિણમે છે વળી તાપથી એટલે કે વારંવાર એ અપૂર્ણ

સુખ/પોદ્ગલિક સુખ મેળવવા જીવ વ્યાકુળતા અનુભવે છે ને ભોગવ્યા બાદ રોગાદિના તાપ પણ અનુભવે છે.

સંસ્કારથી એટલે પુણ્યના ફળમાં સુખનો જીવમાં સંસ્કાર ઘુસી જાય છે ત્યારે પુણ્યમાં સુખનો ભ્રમ રહ્યા કરે છે ને જીવ ભ્રમિત બની વાસ્તવિક દુઃખ રૂપ પુણ્યમાં ફસાય છે. અને...

ગુણવૃત્તિ વિરોધથી (એ ૪થું કારણ છે) એટલે વાસ્તવિક રીતે સત્ત્વ રજમ્ તમસ્ ત્રણ ગુણથી જનિત ત્રણ વૃત્તિ સુખ વૃત્તિ, દુઃખ વૃત્તિ ને મોહવૃત્તિ વચ્ચે પરસ્પર વિરોધ છે. પણ તે છતાં પુણ્ય-જનિત સુખાનુ ભવમાં એ ત્રણેય વૃત્તિનો અવિરોધ વર્તાય છે એ ત્રણેયની હાજરી છે. આમ તે પુણ્ય જનિત સુખમાં સુખત્વ દુઃખત્વ મોહત્વ પણ રહે છે. માટે પુણ્યજનિત સુખ દુઃખ પણ છે નિર્ભેળ સુખ નથી. (સત્ત્વ રજસ્ તમસ્ ત્રણેય ગુણ સમ અવસ્થામાં વરતે ત્યારે ત્રણેય વૃત્તિમાં વિરોધ છે.)

જ્યારે પુણ્ય જનિત સુખના અનુભવમાં...સત્ત્વ ગુણ પ્રધાન બને છે માટે સુખાનુભવ થાય છે પણ સાથે રજસ્ અને

તમસ્ બન્ને ગુણો ગૌણ બને છે ને એ સત્વ ગુણને સહાય થાય છે આમ ત્રણેય ગુણ વિષયભાવ ધારણ કરે છે તેથી પુણ્યજનિત સુખાનુભવમાં સુખ વૃત્તિ દુઃખ વૃત્તિ ને મોહવૃત્તિ એમ ત્રણેય રહે છે.

**इत्थ-मेकत्व-मापन्नं फलतः पुण्यपापयोः,**
**मन्यते यो न मूढात्मा नान्त स्तस्य भवोदधेः ॥२३१॥७३**

**અર્થ :** આમ પુણ્યનું ફળ સુખ, એ પણ આ બધા કારણોસર દુઃખ રૂપ જ છે...માટે પુણ્ય અને પાપનું ફળ તત્વતઃ દુઃખ રૂપ જ થયું એક બની ગયું...છતાં જેઓ એ બન્ને ના ફળમાં અભિન્નતા નથી સ્વીકારતા તે મૂઢાત્માઓના સંસાર સાગરનો છેડો આવી શકતો નથી કેમકે પુણ્યનું ફળ સુખ છે, એમ માની પુણ્યમાં જ તેઓ ફસાયા કરે છે.

**तच्चिदानंदभावस्य भोक्तात्मा शुध्धनिश्चयात्,**
**अशुद्धनिश्चयात् कर्म्मकृतयोः सुखदुःखयोः ॥२३२॥७९**

**અર્થ :** તેથી કરીને શુધ્ધ નિશ્ચયનયથી આત્મા પોતાનું સ્વરૂપ સચ્ચિદાનંદ ભાવ છે. એનો ભોક્તા છે. જ્યારે અશુદ્ધ

નિશ્ચય નય પ્રમાણે આત્માને લાગેલી ઉપાધિ રૂપ (પુણ્યપાપ) કર્મ, અને ને કર્મ જનિત સુખ દુઃખનો પણ આત્મા ભોક્તા બને છે. આમ શુદ્ધ નિશ્ચય-આત્માનું સ્વરૂપ જ્ઞાનાદિ તેનો ભોક્તા આત્માને માને છે જ્યારે અશુદ્ધ નિશ્ચય કર્મોપાધિ જનિત આત્માના સુખાદિ પર્યાયોનો ભોક્તા પણ આત્મા છે. એમ માને છે.

**कर्मणोऽपि च भोगस्य स्त्रगादे र्व्यवहारतः**
**नैगमादिव्यवस्थापि भावनीयाऽनया दिशा ॥२३३॥८०॥**

**અર્થ :** શુદ્ધ નિશ્ચય અને અશુદ્ધ નિશ્ચય નયની જેમ વ્યવહારનય ના પણ. બે વિભાગ છે નિરૂપચરિત અસદ્ભૂત વ્યવહાર ને ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર.

નિશ્ચયનય...તો...કર્મ કે ફુલ માળા વગેરેનો ભોક્તા આત્મા હોય જ ન શકે એમ માનનારો છે કેમકે કર્માદિ આત્માથી તદ્દન ભિન્ન છે.

જ્યારે વ્યવહારનય ભેદપરક હોવાથી આત્માનું કર્મ આત્માની ફુલમાળા આમ વિધાન કરી શકે છે...અને એમ

આત્મા કર્મનો ભોક્તા છે કહે છે. કેમકે એ કહે છે કે સુખ દુઃખનો આત્માને જે ભોગ થાય છે એ આત્મા સાથે એક મેક થયેલ કર્મના કારણે થાય છે ભલે આત્માની એ અસદ્ભુત વસ્તુ હોય...માટે...એ આત્મા કર્મને પણ ભોગવે છે એમ આ નય માને છે.

જ્યારે ઉપચરિત અસદ્ભુત વ્યવહારતો આવેલી ફુલની માળા નો પણ આત્મા ભોગ કરે છે એમ માને છે એ કહે છે એ ફુલની માળા કોઇ જડે નહી જીવે જ ભોગવી છે ને ભલે જીવનું મૂળ સ્વરૂપ ન હોય ને એજ રીતે...

નૈગમ વગેરે નયોની ભોગ વગેરે બાબતોમાં આ દિક્ સૂચન પ્રમાણે વ્યવસ્થા વિચારી લેવી.

જેમકે નૈગમ નય : આત્માના ભોકતૃત્વની બાબતે દૂરની કે નજીકની બાહ્ય કે પૌદ્ગલિક કોઇપણ ભોગ્ય વસ્તુનો આત્મા ભોક્તા છે. એમ કહે છે સંગ્રહ નય કહે છે કે સર્વ ભોગ્ય વસ્તુના સંગ્રહ રૂપ ભોગ એ ભોગનો ભોક્તા આત્મા છે.

વ્યવહાર નયનું મંતવ્ય ઉપરોક્ત જ છે તો...ઋજુસૂત્ર નય

જે પદાર્થનો જે વખતે ભોગ કરાતો હોય તે પદાર્થનો તે વખતે તે આત્મા ભોક્તા છે એમ માને છે.

શબ્દનય સામાન્યથી જે ફુલની માળા મંગાવીને પહેરે, તો તે ફુલની માળાનો ભોક્તા આત્મા છે એમ માને છે. સમભિરુઢ નય ફુલની માળામાં રહેલ જુદા જુદા ફુલનો ભોક્તા આત્મા છે એમ માને છે.

એવુંભૂતનય જે ફુલની માળનો કે જે ફુલનો ભોગ કરાતો હોય ત્યારે તેનો ભોક્તા આત્મા છે એમ કહે છે.

વિવિધનય ના દ્રષ્ટિ કોણોથી વિવિધ રીતે આત્માનું ભોક્તૃત્વ છે પણ પ્રધાન પણે નિશ્ચય નય આત્માને સ્વરૂપનો ભોક્તા માને છે ને વ્યવહારનય આત્માને સ્વરૂપ ઉપરાંત કર્મને કર્મથી પ્રાપ્ત પદાર્થો વગેરેનો પણ ભોક્તા માને છે.

**कर्ताऽपि शुद्ध भावाना, मात्मा शुद्धनयाद्विभुः,**
**प्रतीत्य वृत्तिं य च्छुद्धनयाना मेष मन्यते ।।२३४।। ८१**

**અર્થ :** ભોકતૃત્વની જેમ નયના દ્રષ્ટિકોણથી આત્માના

કર્તૃત્વ વિષે પણ વિચાર સ્યાદ્વાદ દર્શનમાં થયો છે.

આત્માના શુદ્ધ ભાવોનો કર્તા વિભુ એવો આત્મા છે એવું મંતવ્ય શુદ્ધ નયનું છે.

નિશ્ચય નય પૈકી પર્યાયાર્થિક શુદ્ધ નય, પ્રતિક્ષણ ઉત્પન્ન થતા પોતાના શુદ્ધ ભાવો ને આશ્રયીને તેનો કર્તા આત્મા છે એમ સ્વીકારે છે.

હાં...નિશ્ચય નય હોવાથી પર દ્રવ્યના સ્વરૂપનો કોઇ પર્યાયનો કર્તા આત્મા છે. એવું એ નથી માનતો કેમકે કર્તા બને તો આત્મા પરદ્રવ્યમય બની જાય તો એનો નાશ થાય...

પણ સ્વના શુદ્ધ ભાવનો કર્તા તો તે આત્મા બને છે એમ શુદ્ધ પર્યાયાર્થિક નય માને છે. તેથી જ તે કહે છે...કે

**चित्तमेव हि संसारो रागादिकलेशवासितम्,**
**तदेव तै र्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥२३५॥८३**

**અર્થ :** રાગ દ્વેષ વગેરે સંકલેશો થી ભાવિત ચિત્ત એ સંસાર છે. અને તેનાથી રહિત / મુક્ત એવું ચિત્ત એજ ભવનો

અંત=મોક્ષ છે. (ચેતના કલેશ વાસિત હોય ત્યારે એમા વ્યવહારનયના દ્રષ્ટિ કોણથી વિચાર કરાય અને તેનાથી રહિત ચેતનામાં નિશ્ચયનયનો દ્રષ્ટિ કોણ વિચારાય) જેમ જેમ ચેતના કલેશ રહિત બનતી જાય છે તેમ તેમ આત્મા શુદ્ધ ભાવોનો કર્તા બને છે.

**ये तु दिक्पटदेशीयाः शुद्धद्रव्यतयात्मनः**
**शुद्धस्वभावकर्तृत्वं जगुस्तेऽपूर्वबुद्धयः ।।२३६।।८७।।**

**અર્થ :** શુદ્ધપર્યાયાર્થિક નયથી આત્મા શુદ્ધસ્વભાવનો કર્તા છે. તે વાત આપણે જાણી પરંતુ કેટલાક દિગંબરમત વાદી ઓ તો શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી પણ આત્મા શુદ્ધ સ્વભાવનો કર્તા છે એવું કહે છે. તે એમની અપૂર્વ બુદ્ધિમતા (?) છે...કેમકે શુદ્ધ દ્રવ્યાર્થિક નય તો આત્માને શુદ્ધ સ્વભાવનો પણ કર્તા માનતો નથી.

**द्रव्यास्तिकस्य प्रकृतिः शुद्धा संग्रहगोचरा,**
**येनोक्ता सम्मतौ श्रीमत् सिद्धसेनदिवाकरैः ।।२३७।।८८**

**અર્થ :** (દિગંબરો ને પણ માન્ય) એવા શ્રીમાન્ સિદ્ધસેન

દિવાકરસૂરિજી એ સમ્મતિ તર્ક ગ્રંથમાં જણાવ્યું છે કે દ્રવ્યાસ્તિક નયની પ્રકૃતિ શુદ્ધ સંગ્રહનયનો વિષય છે. અર્થાત્ દ્રવ્યાર્થિકનય ની જે શુદ્ધ પ્રકૃતિ છે તે જ શુદ્ધ સંગ્રહનય છે...

**तन्मते च न कर्तृत्वं भावानां सर्वदान्वयात्,**
**कूटस्थः केवलं तिष्ठत्यात्मा साक्षित्व माश्रितः ।।२३८।।८९**

**અર્થ :** પદાર્થનો સ્વભાવ સાતત્ય ધરાવતો હોવાથી સતત સ્વભાવનો અન્વય હોવાથી સ્વભાવનું કર્તૃત્વ શુદ્ધ સંગ્રહ નયના મતમાં આત્માનું રહેતું નથી. કેમકે આત્મા સાક્ષિત્વને ધારણ કરતો કૂટસ્થ એટલે કે ક્યારે ન ઉત્પન્ન થનારો ક્યારેય ન નાશ પામનારો સ્થિર એક સ્વભાવવાળો રહેલો છે જો એ સતત સ્થિર એક સ્વભાવવાળો હોય તો શુદ્ધ સંગ્રહનય રૂપ શુદ્ધ દ્રવ્યાર્થિક નય ના મતે શુદ્ધ સ્વભાવની એનામાં ઉત્પત્તિ થતી કેમ ઘટી શકે...કૂટસ્થનિત્યમાં નવું કશું જ ઉત્પન્ન થતું નથી એ પોતાના સ્વભાવમાં સર્વદા સ્થિર જ હોય છે.

**स्वरुपं तु न कर्तव्यं ज्ञातव्यं केवलं स्वतः,**
**दीपेन दीप्यते ज्योति र्नत्वपूर्वं विधीयते ।।२३९।।९१**

**અર્થ :** દ્રવ્યાર્થિક શુદ્ધ સંગ્રહ નય ક્યારે'ય એવું વિધાન કરી ન શકે કે એણે આત્માનો સ્વભાવ સર્જ્યો કે પોતાના સ્વરૂપનો એ કર્તા છે. કેમકે એ નયના મતે...સ્વરૂપ ને એણે કરવાનું જ નથી માત્ર સ્વયં જાણવાનું છે.

જેવી રીતે દીપક ઝલહલ્યા કરે છે. દીપકની જ્યોતિ સ્વયં પ્રકાશ્યા કરે છે કશું નવું નથી કરતી એમ જ્ઞાનાત્મક આત્મા પણ નવું કશું કરતો નથી પોતાના સ્વરૂપે પ્રકાશ્યા કરે...છે...એનું સ્વરૂપ તો ત્રૈકાલિક સ્થિર છે.

**उत्पत्तिमात्मधर्माणां विशेषग्राहिणो जगुः**
**अव्यक्तिरावृते स्तेषां नाभावादिति का प्रमा ॥२४०॥९४**

**અર્થ :** શુદ્ધનય આત્માને આત્મધર્મ-સ્વરૂપનો કર્તા નથી માનતો...જ્યારે વ્યવહારાદિ પર્યાયાસ્તિક નયો આત્મામાં...સમ્યગ્ દર્શન વગેરે આત્મ ગુણો આત્મ ધર્મોની ઉત્પત્તિ માને છે...અને કહે છે...એ ગુણો પહેલા હતાં નહી કેમકે દેખાતા ન હતા પણ પછી ઉત્પન્ન થવાથી દેખાય છે. શુદ્ધનય કહે છે કે અરે ભાઇ એ બધા ગુણો કાંઇ ઉત્પન્ન નથી

થયા એ હતાં જ પણ. ઉપર આવરણ (કર્મનું) હોવાથી અભિવ્યક્ત ન હતા થતાં...નહિં કે એમનો અભાવ હતો ને નવા થયા.

પરંતુ શુદ્ધનયની આ દલીલ પ્રત્યક્ષનો પ્રભાવ ધરાવતા પર્યાયાસ્તિકનયના ગળે ઉતરતી નથી એતો કહે છે. ગુણો ન હતા માટે નો'તા દેખાતા ગુણો ઉત્પન્ન થયા એટલા દેખાયા આના માટે આવરણ આદિની કલ્પના શું કરવી ? એમાં શું પ્રમાણ છે. ગુણો ઉત્પન્ન નથી થતા ને આવરણ છે એવી વાતની સિદ્ધિ માટે ક્યો તર્ક તમારી પાસે છે.

**ऋजुसूत्रनयस्तत्र, कर्तृतां तस्य मन्यते**
**स्वयं परिणमत्यात्मा, यं यं भावं यदा यदा ॥२४१॥९७**

**અર્થ :** ઋજુસૂત્ર નય આ બાબતમાં એવું માને છે કે આત્મા સ્વયં જે જે ભાવમાં જ્યારે જ્યારે પરિણમે છે તે તે ભાવનો ત્યારે ત્યારે તે કર્તા બને છે...

**कर्तृत्वं परभावाना मसौ नाभ्युपगच्छति,**
**क्रियाद्वयं हि नैकस्य द्रव्यस्याभिमतं जिनैः ॥२४२॥९८**

**અર્થ :** પર્યાયાસ્તિકવાદી ઋજુસૂત્ર નય સ્વ=આત્માના જ ભાવોનું કર્તૃત્વ માન્ય કરે છે પણ પર=પૌદગલિક ભાવોનું કર્તૃત્વ માનતો નથી...

આત્મા પોતાના ભાવોનું અને પર ભાવોનું બન્નેનું કર્તૃત્વ સ્વીકારે તો એક જ આત્મામાં સ્વભાવ પ્રત્યેની ક્રિયા અને પરભાવ પ્રત્યેની ક્રિયા એમ બે ક્રિયાઓ થવાની આપત્તિ આવે એક દ્રવ્યમાં બે વસ્તુ પ્રત્યેની ક્રિયા જિનેશ્વર દેવોને માન્ય નથી.

**शरीरी म्रियतां मा वा, ध्रुवं हिंसा प्रमादिनः,**
**दयैव यतमानस्य वधेऽपि प्राणिनां क्वचित् ॥२४३॥१०४**

**અર્થ :** નિશ્ચય નયની દ્રષ્ટિ એ સ્વભાવનો કર્તા જ આત્મા હોવાથી પરની હિંસાદિ પણ એને નથી લાગતી પરંતુ હિંસા કરતાં હિંસાદિના પરિણામથી એને હિંસા જન્ય કર્મ બંધાય છે. માટે જ શરીર ધારી જીવ મરે કે ન મરે. પણ જે પ્રમાદી છે. કષાયાદિ પરિણામ રૂપ પ્રમાદમાં વર્તે છે તેને જીવ હિંસા લાગે જ છે...ને કોઇ પ્રાણીનો ક્યારેક વધ થઇ જાય છે. તો પણ જયણા ના પરિણામ વાળાને દયા ધર્મનું જ પાલન છે

હિંસા નથી.

પ્રમાદનો પરિણામ હોય તો જીવ મરે કે ન મરે તોય હિંસા, ને જયણાનો પરિણામ હોય તો કદાચ જીવ મરે તોય અહિંસા ને દયા છે.

**कर्तैवमात्मा नो पुण्यपापयोरपि कर्मणोः**
**रागद्वेषाशयानां तु कर्तेष्टानिष्टवस्तुषु ॥२४४॥११०**

**અર્થ :** એજ રીતે આત્મા પુણ્ય અને પાપ રૂપી (દ્રવ્યકર્મ) કર્મનો કર્તા નથી પરંતુ ઇષ્ટ વસ્તુમાં રાગ પરિણામ અનિષ્ટ વસ્તુમાં દ્વેષ પરિણામનો જ કર્તા અમે માનીએ છીએ. (અશુદ્ધ નિશ્ચયના મતે)

**वारि वर्षन् यथाम्भोदो धान्यवर्षी निगद्यते,**
**भावकर्म सृजन्नात्मा तथा पुद्गलकर्मकृत् ॥२४५॥११५**

**અર્થ :** રાગદ્વેષ રૂપ ભાવકર્મનો જ આત્મા કર્તા છે એવું જો તમે કહો છો તો દ્રવ્યકર્મ/પુદ્ગલ કર્મનો આત્મા કર્તા છે એ વાત કેવી રીતે ઘટી શકે.

અમારી દ્રષ્ટિએ (અશુદ્ધ નિશ્ચયનય) જલ વરસાવતું વાદળું ધાન્ય ઉત્પન્ન કરનારૂ હોવાથી જેમ ધાન્ય વર્ષી એટલે કે ધાન્યવર સાવનારૂં છે...એમ વ્યવહાર થાય છે એજ રીતે આત્મા પણ. ભાવકર્મ (રાગદ્વેષ)નો કર્તા છે. તે રાગદ્વેષ પુદ્ગલ રૂપ કર્મનું (પુણ્યપાપ) સર્જક છે. માટે આત્મા પણ પુદ્ગલ કર્મનો કર્તા છે એવો વ્યવહાર થાય છે વસ્તુતઃ તો આત્મા ભાવકર્મનો જ સર્જક છે.

આનું નામ કારણ માં કાર્યનો ઉપચાર કહેવાય કારણ ભાવકર્મ તેમાં તેના કાર્ય દ્રવ્ય કર્મનો ઉપચાર થાય છે.

**नैगमव्यवहारौ तु, ब्रूतः कर्मादिकर्तृताम्,**
**व्यापारः फलपर्यन्तः परिदृष्टो यदात्मनः ॥२४६॥११६**

**અર્થ :** આ બાબતમાં નૈગમ અને વ્યવહારનય તો કહે છે...કે...આત્મા ભાવકર્મનો કર્તા દ્રવ્યકર્મનો નથી એમ માનવા કરતા દ્રવ્ય કર્મનો પણ કર્તા છે એમ માનો...

કેમ કે સુખ ને દુઃખ વગેરે ફલો. રાગ દ્વેષ ના કારણે જ જીવને પ્રાપ્ત થાય છે હવે રાગ અને દ્વેષ કરતા તરત જ

તેનાથી સુખ અને દુઃખ રૂપ ફલની પ્રાપ્તિ નથી થતે કાલાંતરે પ્રાપ્તિ થાય છે. તેમાં વચ્ચે દ્રવ્યકર્મને માધ્યમ (વ્યાપાર) માનવું જ પડે છે. રાગદ્વેષ + દ્રવ્યકર્મ + સુખ દુઃખ રૂપી ફળ આમ જ્યારે...ફલસુધી પહોંચવા વચ્ચે વ્યાપાર (માધ્યમ) રૂપ દ્રવ્યકર્મ દેખાય જ છે..તો...આત્માને દ્રવ્યકર્મનો પણ કર્તા શું કામ ન માનવો.

આત્મા રાગ દ્વેષનો કર્તા બને છે પછી એના દ્વારા દ્રવ્યકર્મનો કર્તા બને છે ને સુખદુઃખ રૂપ ફળ મેળવે છે. આમ કડીરૂપ દ્રવ્યકર્મ સ્વીકાર્યા વગર સુખ દુઃખ ના ફળની કારણતા ભાવકર્મમાં પણ નથી ઘટી શકતી માટે દ્રવ્યકર્મને ભાવકર્મની કર્તૃતા આત્મામાં માનવી જ જોઇએ.

**नात्मनो विकृतिं दत्ते तदेषा नयकल्पना,**
**शुद्धस्य रजतस्येव शुक्तिधर्मप्रकल्पना ॥२४७॥११८**

**અર્થ :** આત્મા પુણ્યનો કર્તા છે. કે આત્મા સુખ દુઃખ કે પદાર્થનો કર્તા ભોક્તા છે...કે રાગ દ્વેષનો કર્તા છે. એવી વિવિધ વાતો વિવિધ નય કલ્પના થી કરો તો પણ નિર્વિકાર

એવા આત્માને આ નય કલ્પનાઓ કોઇ પણ વિકાર આપી શકે તેમ નથી.

જેમ ચાંદની માં છીપલું ને ચાંદી સરખી જ ચમકે છે તેથી કરીને ચાંદીમાં કોઇ છીપલાની ગમે તેટલી કલ્પના કરે તો શુદ્ધ ચાંદી છીપલું બની જતી નથી તેમ નિર્વિકાર આત્માને કોઇપણ નયકલ્પના ઓ સવિકાર બનાવી શકતી નથી આત્માતો નિર્વિકાર જ રહે છે. (નિશ્ચયનય).

**पुण्यपापविनिर्मुक्तं तत्त्वतस्त्वविकल्पकम्,**
**नित्यं ब्रह्म सदा ध्येय मेषा शुद्धनयस्थितिः ॥२४८॥१३०**

**અર્થ** : પુણ્યપાપથી રહિતઃ વિકલ્પરહિત નિત્ય (સચ્ચિદાનંદ) બ્રહ્મ રૂપે પરમાત્મા (આત્માને)ને તાત્ત્વિક રીતે હમેશા ધ્યાવવા / ચિંતવવા એજ શુદ્ધ નયની સ્થિતિ છે...

(આમ આત્મા પુણ્ય પાપથી પર છે. આત્મ શુદ્ધ સ્વરૂપી છે એ વાત પરિપૂર્ણ થાય છે.)

**निमित्तमात्रभूता स्तु हिंसाऽहिंसादयोऽखिलाः,**
**ये परप्राणिपर्याया न ते स्वफलहेतवः ॥२४९॥ १३१**

**અર્થ :** હિંસા વગેરે (બાહ્ય આશ્રવો) અને અહિંસા વગેરે (બાહ્ય સંવરો) તો અંતરના ભાવ આશ્રવ હિંસા પરિણામ ને ભાવ સંવર અહિંસાદિ પરિણામમાં નિમિત્ત ભૂત છે...પણ આત્માના સુખ દુઃખ કે મોક્ષાદિ ફલના કારણ નથી.

કેમકે હિંસા તો સામે કપાયેલા જીવમાં પડી છે. ને પાપ બંધ કે દુઃખાદિ ફલ તો સ્વ આત્મામાં પેદા થાય છે. જેમાં કારણ છે ત્યાં કાર્ય થાય કારણ અન્યમાં રહેલું છે. તે સ્વમાં રહેલ ફલનું કારણ કેમ બની શકે ? (નિશ્ચય નયની દ્રષ્ટિનોતર્ક છે.)

માટે વ્યવહાર નયથી બાહ્ય હિંસા ને અહિંસા આશ્રવ અને સંવર છે.

જ્યારે નિશ્ચય નયથી આંતરિક શુભાશુભ પરિણામ જ ભાવ આશ્રવને ભાવસંવર છે.

વ્યવહારનયથી જેની દ્રષ્ટિ મૂઢ બની ગઇ છે તે બંધ અને મોક્ષ રૂપી ફળના હેતુ તરીકે બાહ્ય હિંસા ને બાહ્ય અહિંસાને જ માને...છે કેમકે વ્યવહારીયો જીવ બાહ્ય ક્રિયામાં જ રાચનારો

હોવાથી અંદરના શુભાશુભ પરિણામ રૂપ ભાવહિંસા ભાવ અહિંસાને જોઇ જ નથી શકતો...

**तस्मादनियतं रूपं बाह्यहेतुषु सर्वथा,**
**नियतौ भाववैचित्र्या दात्मैवाश्रवसंवरौ ॥२५०॥१३९**

**અર્થ :** જેટલા આશ્રવ છે એટલા સંવર છે જેટલા સંવર છે એટલા આશ્રવ છે આવા આગમોક્ત વચનથી બાહ્ય હેતુ રૂપ હિંસા અને અહિંસામાં આશ્રવત્વ અને સંવરત્વ નિયત નથી એટલે કે બાહ્ય હિંસાએ આશ્રવ જ અને બાહ્ય અહિંસા એ સંવર જ એવો નિયમ નથી. જ્યારે આત્માના શુભાશુભ ભાવ એતો નિયમથી સંવર અને આશ્રવ છે...જ મોક્ષ અને સંસારના નિયમથી હેતુ બને છે.

આમ ભાવનું વિચિત્રપણું હોવાથી આત્મા જ આશ્રવ છે અને આત્માજ સંવર છે બાહ્ય ક્રિયા આશ્રવ સંવર નથી...

**प्रशस्तरागयुक्तेषु चारित्रादिगुणेष्वपि,**
**शुभाश्रवत्वमारोप्य फलभेदं वदन्ति ते ॥२५१॥१४४**

**અર્થ :** વ્યવહારનયવાળા જે ચારિત્ર ગુણનું ફળ મોક્ષ જ છે. એવા ચારિત્ર ગુણમાં પણ પ્રશસ્ત રાગ-(સંયમ પ્રત્યેના રાગ) થી યુક્ત એવા ચારિત્ર ગુણથી સ્વર્ગાદિ અથવા પુણ્યાનુંબંધિ પુણ્યનું ફળ મળે છે. ને વીતરાગ ચારિત્રથી મોક્ષનું ફળ મળે છે...એમ જણાવી સરાગ ચારિત્રમાં શુભાશ્રવત્વનું આરોપણ કરી દે છે...ને ચારિત્ર ગુણના ફળમાં પણ એક મોક્ષ ને બદલે...પુણ્યબંધ (સ્વર્ગાદિ) અને મોક્ષ એમ ફલ ભેદો પણ કહે છે...એ એમની સૂક્ષ્મતા નથી...સ્થૂલતા છે...

જ્યારે નિશ્ચય નય સમ્યકત્વ ચારિત્ર વગેરે શુભ ભાવાત્મક ગુણોમાં શુદ્ધ સંવરત્વનો સ્વીકાર કરી માત્ર મોક્ષનું જ એક હેતુત્વ સ્વીકારે છે. હવે...નિશ્ચયનય આત્માની યોગ ઉપયોગ ધારાનો આશ્રયીનો આશ્રવ સંવરનો સ્પષ્ટ કરે છે. તે..સારભૂત...વ્યાખ્યા...

**येनांशेनात्मनो योग स्तेनांशेनाऽऽश्रवो मतः,**
**येनांशेनोपयोगस्तु तेनांशेनाऽस्यसंवरः ।।२५२।। १४८**

**અર્થ :** આત્માનો જેટલો અંશે મન વચન કાયાનો વ્યાપાર રૂપ / ચાંચલ્ય રૂપ યોગ પ્રવર્તે છે એટલો એ આત્મા માટે આશ્રવ રૂપ છે.

ને જેટલા અંશે આત્મા પોતાના ઉપયોગમાં એટલે કે વિશુદ્ધ ચૈતન્ય ભાવમાં...(રાગ દ્વેષ રહિત ચૈતન્ય ભાવમાં) રમમાણ રહે એટલા અંશે એ સંવર છે.

આત્મામાં યોગ ધારા ઉપયોગ ધારા બન્ને પ્રવર્તતી હોય છે...તેથી આશ્રવ સંવર બન્ને એક સાથે વર્તી શકે છે...

આ સ્પષ્ટીકરણથી નિશ્ચય નય કહે છે હવે બાહ્ય હિંસા બાહ્ય અહિંસા માં આશ્રવ સંવરનું દર્શન ન કરવું...તેમજ શુદ્ધ ઉપયોગ સાથે સંબંધ ધરાવતા ચારિત્ર ગુણમાં...સરાગત્વ રૂપ યોગધારાના મિશ્રણનો આરોપ કરી એકાંતે શુભાશ્રવત્વ નહી સ્થાપવું...એ ઉચિત છે..

**शुध्धैव ज्ञानधारा स्यात् सम्यक्त्वप्राप्त्यनंतरम्,**
**हेतुभेदाद्विचित्रा तु योगधारा प्रवर्तते ॥२५३॥१५०**

**અર્થ** : જ્યારે જીવને સમ્યગ્દર્શનની એટલે સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. ત્યારબાદ જીવની જ્ઞાનધારા શુદ્ધ જ પ્રવર્તે છે. કેમકે શુદ્ધ ચૈતન્યની ઉપયોગ ધારા સમ્યકત્વમાં સ્વીકારે છે...જ્યારે...અવિરત ભાવ દેશ વિરત ભાવ વગેરેને આશ્રયી મન વચનકાયાની યોગધારા વિચિત્ર એટલે કે અશુદ્ધ શુદ્ધ શુદ્ધતર શુદ્ધતમ રૂપ પ્રવર્તે છે જે યોગધારા આગળના ગુણ સ્થાનકો માં શુદ્ધ થતી જાય છે. આમ...સમ્યગ્દર્શન પછી ઉપયોગ ધારા શુદ્ધ જ હોય છ જ્યારે...વિવિધ હેતુઓથી યોગધારા અશુદ્ધ શુદ્ધ શુદ્ધતર શુદ્ધતમ એમ વિચિત્ર પરિણતિ ધારણ કરે છે.

**यदा तु सर्वतः शुद्धि र्जायते धारयो र्द्वयोः**
**शैलेशीसंज्ञितः स्थैर्यात् तदा स्यात् सर्वसंवरः ॥२५४॥१५२**

**અર્થ** : જ્યારે...યોગધારા અને ઉપયોગધારા બન્ને ધારા સર્વ રીતે શુદ્ધ થઇ જાય છે. (૧૪મા ગુણસ્થાનકે) ત્યારે યોગસ્થૈર્યને ઉપયોગ સ્થૈર્ય દ્વારા શૈલેશીનામનો સર્વ સંવર ભાવ ત્યાં ઉત્પન્ન થાય છે.

**ततोऽर्वाग् यच्च यावच्च स्थिरत्वं तावदात्मनः**
**संवरो योगचांचल्यं यावत्तावत् किलाश्रवः ॥२५५॥१५३**

**અર્થ :** શૈલેશીની પૂર્વ અવસ્થાઓમાં...આત્માનું જેટલું જેટલું સ્થૈર્ય છે તેટલો સંવર છે અને જેટલું જેટલું યોગ જનિત ચાંચલ્ય છે. તેટલો તેટલો આશ્રવ છે...

મિથ્યાત્વ અવસ્થા એ તે યોગ અને ઉપયોગ બન્ને અશુદ્ધ હોવાથી સંપૂર્ણ પણે સંવરનો અભાવ છે સમ્યગ્દર્શનમાં ઉપયોગમાં કંઇક અંશે શુદ્ધતા પ્રગટ હોવાથી સંવરનો પ્રાદુર્ભાવ થાય છે. તેમાં અવિરતિ વગેરેના ત્યાગથી અને સમતા અને ધ્યાનાદિ ધારાઓથી જેટલી જેટલી યોગધારા શુદ્ધ થતી જાય છે. એમ ઉપયોગ ધારા પણ શુદ્ધ થાય છે ને તેટલો આશ્રવ છુટતો જાય છે ને સંવર વધતો જાય છે.

સયોગી કેવલી અવસ્થાએ...કષાયરહિત યોગ ધારા હોવાથી માત્ર ઐર્યાપથિક જ આશ્રવ રહે છે જ્યારે ઉપયોગ તો પરમ શુદ્ધ વર્તે છે. અને ૧૪માં ગુણ સ્થાનકે શૈલેશીની અવસ્થામાં ઉપયોગ તો શુદ્ધ હોય છે પરંતુ યોગ નિરોધ થઇ યોગનું પરમ સ્થૈર્ય પ્રગટતા સર્વ સંવર થાય છે...આમ પૂર્વાવસ્થામાં

યોગ ચાંચલ્ય થી આશ્રવ ને છેલ્લે યોગ સ્થૈર્ય થી સર્વ સંવર જીવને પ્રાપ્ત થાય છે જ્યારે સમ્યગ્દર્શનથી ઉપયોગ ધારામા તો શુદ્ધતા પ્રગટ થઇ ગઇ છે. યોગ ધારાથી શુદ્ધતા સાથે ઉપયોગમાં શુદ્ધિ અને સ્થૈર્ય બન્ને આવતા જાય છે.

**निर्जरा कर्मणां शारो नात्माऽसो कर्मपर्यय:**
**येन निर्जीर्यते कर्म स भाव स्त्वात्मलक्षणम् ।।२५६।।१५५**

**અર્થ :** હવે નિશ્ચય વ્યવહારથી નિર્જરાના સ્વરૂપની પણ ચોખવટ કરતા ગ્રંથકાર કરે છે કે આત્મા પરથી કર્મનું ખરવું તે નિર્જરા છે તે વ્યવહાર નયની વાત છે પણ કર્મનું ખરવું તે તો કર્મનો પર્યાય છે આત્મા સાથે એનું શું લેવું દેવું ? માટે નિશ્ચયનય કહે છે જે ભાવો દ્વારા આત્મા પરથી કર્મ ખરી પડ્યા તે ભાવ જ ખરેખર નિર્જરા છે.

આમ નિર્જરાનું નિશ્ચય અને વ્યવહારના દૃષ્ટિ બિંદુથી વિશ્લેષણ થયું.

**ज्ञानेन निपुणेनैक्यं प्राप्तं चन्दनगंधवत्,**
**निर्जरा मात्मनो दत्ते तपो नान्यादृशं क्वचित् ।।२५७।।१५९**

**અર્થ :** ચંદનની સાથે જેમ સુગંધ એક્ય પામે છે તેમ સૂક્ષ્મ જ્ઞાન સાથે એક્ય પામેલું (બાહ્ય) તપ જ આત્માને નિર્જરા આપી શકે છે. તે સિવાયનું બીજુ તપ ક્યારેય નિર્જરા નથી આપી શકતું.

**तपस्वी जिनभक्त्या च शासनोद्भासनेच्छया,**
**पुण्यं बध्नाति बहुलं मुच्यते तु गतस्पृहः ।।२५८।।१६०**

**અર્થ :** શાસન પ્રભાવનાની ઇચ્છાથી જિનભક્તિ દ્વારા તપસ્વી વિપુલ પુણ્ય બાંધે છે. પરંતુ તે મુક્ત (એટલે કે કર્મની માત્ર નિર્જરા) તો ત્યારે જ થાય છે જ્યારે સંપૂર્ણ સ્પૃહાઓ છોડીને શુદ્ધ તપ કરે...

**तस्माज् ज्ञानमयः शुद्ध स्तपस्वी भाव निर्जरा,**
**शुद्धनिश्चयतस्त्वेषा सदा शुद्धस्य कापि न ।।२५९।।१६५**

**અર્થ :** અશુદ્ધ નિશ્ચય નયથી તેથી કરીને જ્ઞાનમાં સદાય રમમાણ, જ્ઞાનમય અને અણાહાર ભાવમાં વર્તતો શુદ્ધ તપસ્વી જ ભાવ નિર્જરા રૂપ છે. દ્રવ્ય નિર્જરા તો કર્મની છે. આત્મામાં રહેલું ભાવ નિર્જરાનું તત્ત્વ ઉપરોક્ત છે. એમ એનું કહેવું છે.

જ્યારે શુદ્ધ નિશ્ચય નય તો કહે છે કર્મનું ખરવું એ કર્મનો પર્યાય છે તે પણ નિર્જરા સદા શુદ્ધ આત્માને ઘટતી નથી તો...સદા શુદ્ધ એવા આત્મામાં નવા કોઇ ભાવ પણ ઉત્પન્ન થતા નથી. માટે તેમાં ભાવ નિર્જરા પણ ઘટતી નથી, શુદ્ધ નિશ્ચયનય-સદાય શુદ્ધ એવા આત્મામાં, કોઇપણ પ્રકારની નિર્જરા નથી માનતો...

**बन्धः कर्मात्मसंश्लेषो, द्रव्यतः स चतुर्विधः,**
**तद्धेत्वध्यवसायात्मा, भावतस्तु प्रकीर्तितः ॥२६०॥१६६**

**અર્થ :** નિશ્ચય વ્યવહારના દ્રષ્ટિ બિંદુથી બન્ધ સમજાવતા ગ્રંથકાર કહે છે. કર્મ અને આત્મના સંશ્લેષ / સંયોગ / એકી ભાવ સ્વરૂપ જે બંધ છે તે દ્રવ્ય બંધ છે. તેના પ્રકૃતિ સ્થિતિ રસ અને અનુભાવ એમ ચાર પ્રકાર છે. જ્યારે...તેવા દ્રવ્ય બંધનું કારણ બનતો તેવા પ્રકારના અધ્યવસાય યુત (ભાવ યુક્ત) આત્મા તે ભાવ બંધ છે...

**बध्नाति स्वं यथा कोशकारकीटः स्वतंतुभिः,**
**आत्मनः स्वगतै र्भावै र्बन्धने सोपमा स्मृता॥२६१॥१६८**

**અર્થ :** જેમ રેશમનોકીડો...પોતાના મોઢામાંથી કાઢેલા રેશમ તાર (લાળ)થી પોતાની જ જાતને બાંધે છે...તેમ આત્મા પણ પોતાનામાંથી ઉત્પન્ન થતાં ભાવો (વિભાવ) દ્વારા પોતાને બાંધે છે.

**तथा भव्यतया जन्तु र्नोदित श्च प्रवर्तते,**
**बध्नन् पुण्यं च पापं च परिणामानुसारतः ।।२६२।।१७१**

**અર્થ :** કોઇ ઇશ્વરાદિ પ્રેરિત બનીને નહી પરંતુ...પોતાના તથા ભવ્યત્વથી પ્રેરિત બનીને જીવ શુભાશુભ પરિણામ દ્વારા પુણ્ય અને પાપને બાંધતો પ્રવર્તે છે.

**शुध्धनिश्चयत स्त्वात्मा न बद्धो बन्धशंकया,**
**भयकम्पादिकं किन्तु रज्जावहिमतेरिव ।।२६३।।१७२**

**અર્થ :** શુદ્ધ નિશ્ચય નયથી તો આત્મા ક્યારે'ય કર્મથી બંધાતો જ નથી...પણ જેમ દોરડીમાં સર્પની બુદ્ધિ થતા ડર ધ્રુજારી વગેરે દેખાય છે તેમ બન્ધની શંકા થી / હું બંધાઇ ગયો છું એવી ખોટી બુદ્ધિ થી જીવ ભયભીત થાય છે ધ્રુજે છે.

**रोगस्थित्यनुसारेण प्रवृत्ती रोगिणो यथा,**
**भवस्थित्यनुसारेण तथा बन्धेऽपि वर्ण्यते ।।२६४।।१७३**

**અર્થ :** રોગની સ્થિતિ અનુસાર અર્થાત્ રોગની તીવ્રતા મંદતા પ્રમાણે રોગી પ્રવૃત્તિ કરે છે...એજ રીતે જીવની ભવસ્થિતિ લાંબી કે ટુંકી હોય તે પ્રમાણે જીવને શુભાશુભ પરિણામો કરવા દ્વારા શુભાશુભ કર્મનો એટલે કે પુણ્યને પાપનો બંધ થાય છે.

**द्रव्यमोक्षः क्षयः कर्म द्रव्याणां नात्मलक्षणम्,**
**भावमोक्षस्तु तद्धेतु रात्मा रत्नत्रयान्वयी ॥२६५॥१७८**

**અર્થ :** નવમાતત્ત્વ મોક્ષ ને પણ નિશ્ચય વ્યવહાર દ્રષ્ટિથી મૂલવતાં ગ્રંથકાર કહે છે...કે...આત્મા ઉપરથી સકલ કર્મ દ્રવ્યનો જે ક્ષય છે તે દ્રવ્યમોક્ષ છે...એ આત્માનું સ્વરૂપ નથી...દ્રવ્ય મોક્ષ તો કર્મનો પર્યાય થયો...

જ્યારે ભાવમોક્ષ તો ખરેખર તે છે...કે દ્રવ્ય મોક્ષ ને કરાવનાર મુખ્ય કારણ રૂપ રત્નત્રયી જ્ઞાન દર્શન ચારિત્ર તે જ્ઞાન દર્શન ચારિત્ર સ્વરૂપ શુદ્ધ આત્મા જ ભાવમોક્ષ છે...

**भावलिंगं हि मोक्षांगं, द्रव्यलिंग मकारणम्,**
**द्रव्यं नात्यन्तिकं यस्मान्नाप्येकान्तिक मिष्यते ॥२६६॥१८३**

**અર્થ :** રત્નત્રયી રૂપ ભાવલિંગ જ મોક્ષનું કારણ છે દ્રવ્યલિંગ (જૈન જૈનેતર દિગંબરને ગૃહસ્થ વેષો) મોક્ષ માટે કારણ નથી કેમકે...દ્રવ્ય લિંગ હોય તો મોક્ષ થાય જ એવું આત્યંતિક પણ નથી ને દ્રવ્યલિંગ ન હોય તો મોક્ષ ન જ થાય એવું એકાંતિક પણ નથી.

**भावलिंगात् ततो मोक्षो, भिन्नलिंगेष्वपि ध्रुवः,**
**कदाग्रहं विमुच्यैतद्, भावनीयं मनस्विना ।।२६७।।१८८**

**અર્થ :** તેથી કરીને જૈન મુનિવેષ હોય કે દિગંબર પણું હોય કે જૈનેતેર વેષ હોય કે ગૃહસ્થવેષ હોય કોઇથી પણ મોક્ષ થવાનો નિયમ નથી.

રત્નત્રયી રૂપ ભાવલિંગથી જ મોક્ષ થાય છે. એ નિયમ હોવાથી-ભિન્ન (૨) તમામે તમામ વેષમાં પણ મોક્ષ થઇ શકે છે...એવું કદાગ્રહનો ત્યાગ કરીને બુદ્ધિમાનો એ વિચારવું જોઇએ.

**अशुद्धनयतो ह्यात्मा बद्धो मुक्त इति स्थितिः,**
**न शुद्धनयतस्त्वेष बध्यते नापि मुच्यते ।।२६८।।१८९**

**અર્થ :** શુદ્ધ નય અને અશુદ્ધ નયોના દ્રષ્ટિ બિંદુ થી જ્યારે તત્ત્વ વિચારણા થઇ ત્યારે સાર એ આવ્યો કે અશુદ્ધનયથી આત્મા બદ્ધને મુક્ત છે...અને શુદ્ધનયથી તો આત્મા કોઇથી બંધાતો નથી ને કશાથી મુકાતો નથી શાશ્વત નિર્બંધ નિર્મુક્ત છે.

**अन्वयव्यतिरेकाभ्या मात्मतत्त्वविनिश्चयम्,**
**नवभ्योऽपि हि तत्त्वेभ्य: कुर्यादेवं विचक्षण: ।।२६९।।१९०**

**અર્થ :** વિચક્ષણ વ્યક્તિએ શુદ્ધ નિશ્ચય નયની દ્રષ્ટિથી અજીવાદિ નવતત્ત્વોથી આત્મનો વ્યતિરેક=ભેદ વિચારીને આત્મ તત્ત્વનો વિનિશ્ચય કરવો...તો વ્યવહારનયાદિ દ્વારા આત્માનો નવતત્ત્વો સાથે અન્વય=જોડાણ કે અભેદ કેવી રીતે ઘટે છે તે વિચારીને આત્મ નિશ્ચય કરવો.

(જેથી કર્મ બંધ મોક્ષાદિ પણ ઘટે ને આત્માના શુદ્ધસ્વરૂપનો બોધ પણ થાય.)

**गुह्याद् गुह्यतरं तत्त्व मेतत् सूक्ष्मनयाश्रितम्,**
**न देयं स्वल्पबुद्धीनां ते ह्येतस्य विडम्बका: ।।२७०।।१९२**

**અર્થ :** શુદ્ધનિશ્ચયનયની દ્રષ્ટિ એ સૂક્ષ્મ નય છે. એ સૂક્ષ્મનયથી થનારો આત્મતત્ત્વનો વિચાર એ તો ગુહ્યમાં ગુહ્ય-ગુપ્તમાં માં ગુપ્ત તત્ત્વ છે.

જેઓની બુદ્ધિ સ્વલ્પ છે. અથવા ગુણમય પાત્રતા નથી તે તો આવા સૂક્ષ્મ ગુપ્ત તત્વની પણ વિટંબણા કરે છે.

**जनानामल्पबुद्धीनां नैतत् तत्त्वं हितावहम्,**
**निर्बलानां क्षुधार्तानां, भोजनं चक्रिणो यथा ॥२७१॥१९३**

**અર્થ :** અલ્પબુદ્ધિના મનુષ્યો માટે નિશ્ચયનયના દ્રષ્ટિનું તત્ત્વ હિતકારી નથી...જેમ નિર્બળને ક્ષુધાર્ત જનને ચક્રવર્તીનું ભારે ભોજન ગુણકારી નથી બનતું ઉલ્ટું ઝાડા ઉલ્ટી કે વિકૃતિ કરનારું બને છે.

તેમ વ્યવહાર નયથી સંબંધિત શુભ ક્રિયાથી શુભભાવ ને વૈરાગ્યાદિની વિશિષ્ટ આત્માવસ્થા વગર શુદ્ધ નિશ્ચયની વાત એમને સુખશીલતા મોહ વગેરે વિકૃતિ આપી ને જીવનું અહિત કરે છે.

**व्यवहाराऽविनिष्णातो, यो ज्ञीप्सति विनिश्चयम्,**
**कासारतरणाशक्तः सागरं सततिर्षति ॥२७२॥१९५**

**અર્થ :** વ્યવહારની પ્રવીણતા કેળવ્યા વગર જે નિશ્ચય દ્રષ્ટિ ને જ જાણવા ઇચ્છે છે. તે વ્યક્તિ તળાવ તરવામાં અશક્ત છે ને સાગર ને બે હાથ તરવાને ઇચ્છે છે...દુઃસાહસ કરે છે.

**व्यवहारं विनिश्चित्य ततः शुद्धनयाश्रितः,**
**आत्मज्ञानरतो भूत्वा परमं साम्यमाश्रयेत् ॥२७३॥१९६**

**અર્થ :** પોતાના શરૂઆતના ગુણસ્થાનકો માં..વ્યવહારનયની પરમ ઉપકારતા છે, આવશ્યકાદિ ધર્મ ક્રિયા...વગેરેની..., આ રીતે વ્યવહાર નયથી સારી રીતે પરિપકવ થઇ પછી ઉપરની ભૂમિકાએ શુધ્ધનયનો આશ્રય લઇ જીવ આત્મજ્ઞાનરત બની. પરમ સમતા (મોક્ષ)ને પામે છે...

(વ્યવહાર નયથી જીવ ઘડાય છે, ને ભારની ભૂમિકામાં આગળ વધે છે. પછી એ ઉચ્ચ ભૂમિકાથી નિશ્ચયમાં એનો પ્રવેશ છે. ને સહજ રીતે વ્યવહારની ભૂમિકા આપોઆપ છુટી જાય છે.)

**पूर्ण:पुण्यनयप्रमाणरचनापुष्पै: सदास्थारसै,**
**स्तत्त्वज्ञानफल: सदा विजयते स्याद्वादकल्पद्रुम:**
**एतस्मात् पतितै: प्रवादकुसुमै: षड्दर्शनारामभू**
**र्भूय: सौरभमुद्वमत्यभिमतै रध्यात्मवार्तालवै: ॥२७४॥२**

**અર્થ** : આત્મ નિશ્ચય બાદ જિન શાસનની સ્તુતિના અધિકારમાં... સ્યાદ્‌વાદ રૂપ કલ્પતરુની સ્તવના કરી રહ્યા છે...ઉપાધ્યાયજી મ.સા. કે...

જેમાં...સદ્‌શ્રદ્ધા=સમ્યગ્‌દર્શનનો રસ ઝરી રહ્યો છે તેમજ પવિત્ર નય અને પ્રમાણની રચનાના પુષ્પો થી લચેલું અને તત્ત્વજ્ઞાન રૂપ ફળવાળું આ સ્યાદ્‌વાદ રૂપી પૂર્ણ કલ્પવૃક્ષ (જૈનમતમાં) સદા વિજય પામે છે...

કે જે સ્યાદ્‌વાદ રૂપી કલ્પ વૃક્ષની ઉપરથી પડેલા સહુને પ્રિય બને તેવા અધ્યાત્મની વાતોના અંશવાળા, (વિવિધ) પ્રવાદ પુષ્પો દ્વારા છયે દર્શન રૂપી બગીચાની ભૂમિ...કેવી !

સુગંધ રેલાવી રહી છે.

बौद्धानामृजुसूत्रतो मत मभूद् वेदान्तिनां संग्रहात्,
साङ्ख्यानां तत एव नैगमनयाद् योगश्च वैशेषिकः,
शब्दब्रह्मविदोऽपि शब्दनयतः सर्वै र्नयै र्गुम्फिताः,
जैनी दृष्टिरितीह सारतरता प्रत्यक्षमुद्वीक्ष्यते ॥२७५॥६

**અર્થ :** વર્તમાન પર્યાયનેજ માનનારા ઋજુસૂત્ર નયના દ્રષ્ટિકોણમાંથી બૌદ્ધોનો મત નીકળ્યો છે...તો...વસ્તુના સામાન્ય અંશને જ પકડનાર એવા સંગ્રહનયથી સર્વત્ર બ્રહ્મ જોનાર વેદાન્તી મત અને કૂટસ્થ નિર્બંધ આત્માને કહેનારો સાંખ્ય મત નીકળ્યો છે...સામાન્ય અને વિશેષ બન્ને અંશ ને ગ્રહણ કરનાર એકાંતવાદી નૈગમ નયમાંથી યોગ દર્શન ને વૈશેષિક દર્શન નીકળ્યા છે. તો શબ્દ નયમાંથી સર્વ શબ્દ બ્રહ્મ વિદો વગેરે નીકળ્યા છે.

આમ એક એક એકાંતવાદી નયમાંથી એક એક દર્શનોનો મત નીકળ્યો છે. તો સર્વનયોનો દ્રષ્ટિકોણનો પડધો પડે એવી અનેકાંતવાદ યુક્ત જૈન દ્રષ્ટિની શ્રેષ્ઠતા આ બધામાં

પ્રત્યક્ષ જ દેખાય છે.

**वार्ताः सन्ति सहस्त्रशः प्रतिमतं ज्ञानांशबद्धक्रमा**
**श्चेत स्तासु न नः प्रयाति नितमां लीनं जिनेन्द्रागमे,**
**नोत्सर्पन्ति लताः कति प्रतिदिशं पुष्पैः पवित्रा मधौ,**
**ताभ्यो नैति रतिं रसालकलिका रक्त स्तु पुंस्कोकिलः ॥२७६॥९**

**અર્થ :** જ્ઞાનના જુદા જુદા અંશમાં બંધાયેલી હજારો વાતો દરેક દર્શનોમાં અને મતમાં છે છતાં'ય અમારૂં મન તે તરફ જરાય ખેંચાતું નથી ઉલ્ટું એ તો જિનેશ્વર પ્રભુના આગમોમાં જ લીન રહે છે...

ચારે દિશામાં પુષ્પો દ્વારા ખીલેલી કેટલીય લતાઓ વસંતૠતુમાં શું નથી મળતી ? પરંતુ કોયલ તો...આંબાની મંજરીઓમાં જ રક્ત રહે છે.

તે લતાઓ તરફ જરાપણ આકર્ષણ નથી પામતી.

**शब्दो वा मति रर्थ एव किमु वा जातिः क्रिया वा गुणः,**
**शब्दार्थ किमिति स्थिता प्रतिमतं संदेहशंकुव्यथा,**

जैनेन्द्रे तु मते न सा प्रतिपदं जात्यन्तरार्थ स्थितेः,
सामान्यं च विशेष मेव च यथा तात्पर्य मन्विच्छति ॥२७७॥१०

**અર્થ :** એકાંતવાદી પ્રત્યેકમતો માં...પદાર્થ શું શબ્દ રૂપ છે ? અથવા મતિ/બુદ્ધિ રૂપ છે ? એ વસુ/દ્રવ્ય રૂપ છે ? જાતિ રૂપ છે ? ક્રિયા રૂપ છે ? ગુણ રૂપ છે ? કે પદાર્થ શબ્દ અને અને અર્થ રૂપ છે. આવા પ્રકારની સંદેહની પીડા રહેલી છે. કેમકે પદાર્થ ઘણાનો સરવાળો હોવાથી એનું કોઇ એક સ્વરૂપ નિર્ણિત નથી થતું.

જ્યારે સ્યાદવાદી જૈનેન્દ્ર મતમાં આવા સંદેહની વ્યથા નથી...કેમકે...એ પદાર્થ ને કેવળ શબ્દત્વ જાતિમાન્ શબ્દ પણ નથી માનતો, કેવળ અર્થત્વ જાતિમાન્ અર્થ પણ નથી માનતો...પણ ભિન્ન જાત્યન્તર વાળો માને છે. તેથી પદાર્થ શું શબ્દ રૂપ છે ? કે અર્થ રૂપ છે ? એવા સવાલમાં જૈનમત કહે છે કે એ કથંચિત્ શબ્દરૂપ છે અને કથંચિત્ અર્થ પણ છે...માટે જ ઘટ પદથી ઘટ પદાર્થમાં જીવની પ્રવૃત્તિ થાય છે. ને ઘટ પદાર્થ વાચ્ય બને છે...તો પાણી લાવવાની ક્રિયામાં કામ આવતો

એવો પણ ઘટ પદાર્થ છે...

આ વાત સમજાવવા માટે...જૈન મત કહે છે કે...જેમ પંકજ શબ્દ બોલતા વક્તાનું તાત્પર્ય કીડારૂપ અર્થ ને કહેવાનું હોય છે ત્યારે પંકે જાતઃ પંકજઃ આવા સામાન્ય અર્થ ને તાત્પર્ય અનુસરે છે. તો વક્તાની ઇચ્છા પંકજ શબ્દ દ્વારા ''કમળ'' એવો વિશેષ અર્થ કહેવાની છે...તો તાત્પર્ય વિશેષ અર્થ ને અનુસરે છે. જેમ તાત્પર્ય સામાન્ય વિશેષ ઉભય સાથે સંગતિકરે છે તેમ પદાર્થ પણ શબ્દ અને અર્થ ઉભય સાથે કથંચિત્ અંશે સંગત થાય છે.

**यत्रानर्पित मादधाति गुणतां मुख्यं तु वस्त्वर्पितं,**
**तात्पर्यानवलंबनेन तु भवेद् बोधः स्फुटं लौकिकः ॥**
**सम्पूर्णं त्ववभासते कृतधियां कृत्स्नाद् विवक्षाक्रमात्,**
**तां लोकोत्तरभंगपद्धतिमयीं स्याद्वादमुद्रां स्तुमः ॥२७८॥११**

**અર્થ :** ઘટને ઘટ તરીકે એકાંત નયવાદીઓ ને સામાન્ય જન પણ જુએ છે જાણે છે વ્યવહાર કરે છે...ને સ્યાદ્વાદી પણ જુએ છે જાણે છે ને વ્યવહાર કરે છે...પરંતુ...એકાંતવાદી

સામાન્ય જનનો એ ઘટ બોધ લૌકિક છે...જ્યારે સ્યાદ્વાદી નો ઘટબોધ લોકોત્તર છે...કારણ કે ઘટત્વ રૂપ એક ધર્મથી ઘટનો બોધ કરનાર એ એકાંતવાદી સામાન્ય જનને...અનેક ધર્મવાળા ઘટમાં અનર્પિતભાવથી / અનર્પિતદૃષ્ટિથી ગૌણ રૂપે...પુદગલત્વ મૃતપિંડત્વ વગેરે અનેક ધર્મ રહે છે...ને અર્પિત ભાવથી અર્પિત દ્રષ્ટિથી ઘટત્વ રૂપ ધર્મ મુખ્યતાથી ભાસે છે...આવા તાત્પર્યનું જ્ઞાન નથી માટે એના આધાર વગરના ઘટત્વ રૂપ ધર્મદ્વારા થતો ઘટનો...એકાંત દૃષ્ટિનો બોધ અધુરો લૌકિક બોધ છે...

જ્યારે, બુદ્ધિમાન્ સ્યાદ્વાદી સર્વનયવાદીને...એ બોધ સર્વનય દૃષ્ટિના સ્વીકારથી સંપૂર્ણ ભાસે છે...એ અર્પિત દૃષ્ટિથી ઘટત્વ ધર્મની મુખ્યતાએ ઘટબોધ કરે છે ત્યારે પણ તે અનેક ધર્માત્મક ઘટમાં અનર્પિત દૃષ્ટિથી પુદ્ગલત્વ મૃત્પિંડત્વ વગેરે અનેક ધર્મોનો અનેક નયની વિવક્ષાએ સ્વીકાર કરે છે. તેથી એના એ બોધમાં સંપૂર્ણ અન્ય વિવક્ષાઓનો બોધ પણ સમાયેલો છે. અને તેથી જ આવી લોકોત્તર ભંગ વાળી

સ્યાદ્વાદ મુદ્રાની સ્યાદ્વાદના દૃષ્ટિકોણની અમે સ્તવના કરીએ છીએ.

**त्यक्तोन्माद विभज्य वादरचना माकर्ण्य कर्णामृतं,**
**सिद्धान्तार्थरहस्यवित् क्व लभता मन्यत्र शास्त्रे रतिम्,**
**यस्यां सर्वनया विशन्ति न पुन र्व्यस्तेषु तेष्वेव या,**
**मालायां मणयो लुठन्ति न पुन र्व्यस्तेषु मालाऽऽपि सा ॥२७९॥१४**

**અર્થ :** જેમાંથી બધા ઉન્માદ ચાલી ગયાં છે...તેવી કાનને અમૃત જેવી લાગતી અનેકાંતવાદની, રચનાને સાંભળીને...શાસ્ત્રોના રહસ્યાર્થને પામેલો વ્યક્તિ અન્ય એકાંત નયવાદી શાસ્ત્રોમાં આનંદ ક્યાંથી પામે ?

જૈન સિદ્ધાંત-જૈનશાસ્ત્રોની રચનામાં સર્વ નયોનો પ્રવેશ છે. પણ છુટા એકાંત નયોમાં તે શાસ્ત્ર સિદ્ધાન્તોનો પ્રવેશ નથી.

માલામાં માણિઓ લટકે છે પણ છુટા છુટા મણિયોમાં ક્યારે'ય માલાનો અહેસાસ થતો નથી.

# આત્માનુભવાધિકાર-૨૦

सुविदितयोगै रिष्टं क्षिप्तं मूढं तथैव विक्षिप्तम्,
एकाग्रं च निरुद्धं चेतः पंचप्रकारमिति ॥२८०॥३

**અર્થ :** જેમને યોગ સારી રીતે સ્પષ્ટ છે એવા યોગીઓ ચિત્તના પાંચ પ્રકાર માને છે. ૧. ક્ષિપ્ત, ૨ મૂઢ, ૩ વિક્ષિપ્ત, ૪ એકાગ્ર, ૫ નિરુદ્ધ..

विषयेषु कल्पितेषु च पुरः स्थितेषु च निवेशितं रजसा,
सुखदुःखयुग् बहिर्मुख माम्नातं क्षिप्तमिह चित्तम् ॥२८१॥४

**અર્થ :** સુખદ તરીકે કલ્પેલા અને સામે રહેલા વિષયોમાં રજોગુણની પ્રધાનતાએ પ્રવેશેલું...બહિર્મુખ અને સુખ દુઃખની સંમિશ્ર લાગણીવાળું ચિત્ત-ક્ષિપ્ત કહેવાય છે.

क्रोधादिभि र्नियमितं विरुद्धकृत्येषु यत्तमोभूम्ना,
कृत्याकृत्यविभागाऽसंगत मेतन्मनो मूढम् ॥२८२॥-५

**અર્થ :** તમો ગુણની પ્રધાનતાથી ક્રોધ અભિમાન ઇર્ષ્યાદિવશ

વિરુદ્ધ કૃત્યોમાં...પ્રવર્તતું અને કર્તવ્યને અકર્તવ્યનો વિભાગ કરવામાં અસમર્થ એવું ચિત્ત...મૂઢ ચિત્ત છે.

**सत्त्वोद्रेकात् परिहृतदुःखनिदानेषु सुखनिदानेषु,**
**शब्दादिषु प्रवृत्तं सदैव चित्तं तु विक्षिप्तम् ।।२८३।।६**

**અર્થ :** સાત્ત્વિક ભાવના પ્રકર્ષ ને લઇ દુઃખના કારણ ભૂત (સંકલેશાદિ)થી દૂર થયેલું ને સુખના કારણભૂત (પ્રસન્નતાદિ જનક) શબ્દાદિઓમાં સદાય લાગેલું ચિત્ત વિક્ષિપ્તચિત્ત કહે-વાય છે.

**अद्वेषादिगुणवतां नित्यं खेदादिदोषपरिहारात्,**
**सद्दशप्रत्ययसङ्गत मेकाग्रं चित्तमाम्नातम् ।।२८४।।७**

**અર્થ :** અદ્વેષ પરિણામ ને તત્વ જિજ્ઞાસા આદિ ગુણવાન્, આત્માને ખેદ વગેરે દોષ દૂર કરવા દ્વારા...એકજ શુભ વિષ-યની લગનીવાળું / સરખા પરિણામની ધારાવાળું ચિત્ત એકાગ્ર ચિત્ત કહેવાય છે.

उपरतविकल्पवृत्तिक मवग्रहादिक्रमच्युतं शुद्धम्,
आत्मारामुनीनां भवति निरुद्धं सदा चेतः ॥२८५॥८

**અર્થ :** વિષયોના વિકલ્પો, સુખ દુઃખના વિકલ્પો, આર્ત-રૌદ્રના અનુબંધી વિકલ્પોથી અટકી ગયેલું...(નિર્વિકલ્પ) અવ-ગ્રહાદિ ક્રમ = (અવગ્રહઇહા અપાય ધારણાથી) ચ્યુત થયેલું...શુદ્ધ = મધ્યસ્થ રાગ દ્વેષ થી પર બનેલું. આત્મા રામી મુનિઓનું ચિત્ત નિરુદ્ધચિત્ત કહેવાય.

ज्ञानविचाराभिमुखं यथा यथा भवति किमपि सानन्दम्,
अर्थैः प्रलोभ्य बाह्यै रनुगृह्णीयात् सदा चेतः ॥२८६॥१३

**અર્થ :** જેમ જેમ જ્ઞાનવિચારો તરફ અભિમુખ થઇ ચિત્ત તેમાં...કંઇક આનંદયુક્ત બને પ્રસન્ન બને ત્યારે અસદાલંબન છોડાવી બાહ્ય સદાલંબન થી એ ચિત્તને આકૃષ્ટ કરી. એનો નિગ્રહ કરવો.

अभिरुपजिनप्रतिमां विशिष्टपदवाक्यवर्णरचनां च,
पुरुषविशेषादिकमप्यत एवाऽऽलम्बनं ब्रुवते ॥२८७॥१४

**અર્થ :** બાહ્ય શુભ આલંબન ઉપર મનને લોભાવી મનને તેમા એકાકાર કરી મનનો નિગ્રહ થાય છે માટે જ...૧. મનોહર જિન પ્રતિમા-૨, વિશિષ્ટ પદ વાક્ય અને વર્ણ રચના (ભક્તિ કે તત્ત્વદ્રષ્ટિ ખોલનાર પ્રભુ વચનો) અને ૩-ગણધર વગેરે ભગવંતોને આલંબન કહ્યા છે...એમના પર મન ઠેરવી ને અંતે મનનો નિરોધ (નિર્વિકલ્પ અવસ્થા) કેળવી શકાય છે.

**सालम्बनं क्षणमपि क्षणमपि कुर्यान् मनो निरालंबम्,**
**इत्यनुभवपरिपाका दाकालं स्यान्निरालम्बम् ॥२८८॥१६**

**અર્થ :** અનુભવે પરિપકવ બનાવવા ક્ષણવાર એને શુભ આલંબનમાં જોડવું...ને પછી ક્ષણવાર માટે નિરાલમ્બન બનાવવું આમ અનુભવ (નિરાલંબનનો અનુભવ) પરિપાક પામતા કાયમ માટે એ નિરાલંબ બની જાય કાયમી ધોરણે વિકલ્પ રહિત શાંત મન બની જાય છે.

**शोकमदमदनमत्सरकलहकदाग्रहविषादवैराणि,**
**क्षीयन्ते शान्तहृदा मनुभव एवाऽत्र साक्षी नः ॥२८९॥१८**

**અર્થ** : આલંબનથી નિરાલંબન યોગમાં જઇને શાન્તચિત્ત બની ગયેલા યોગીઓના...શોક અભિમાન-કામવાસના ઇર્ષ્યા...કલહ કદાગ્રહ, ખેદ અને વૈરના ભાવો ક્ષય પામી જાય છે...હૃદયમાં ઉઠતા જ નથી...આ વિષયમાં...અમારે તો અનુભવ જ સાક્ષી છે...અર્થાત્ અનુભવ કરો ને આવાતની સત્યતાની પ્રતીતિ થાય.

**बाह्यात्मनोऽधिकारः शान्तहृदामन्तरात्मनां न स्यात्,**
**परमात्माऽनुध्येयः सन्निहितो ध्यानतो भवति ॥२९०॥२०**

**અર્થ** : શાન્ત હૃદયી અન્તરાત્માઓનો...બાહ્યાત્મા ઉપર એટલે કે બાહ્ય દેહાદિરૂપ-બહિર્મુખ આત્મા ઉપર અધિકાર હોતો નથી એને માટે તો સદાય પરમાત્મા ધ્યાતવ્ય હોય છે.

ધ્યાન દ્વારા એ પરમાત્મ (તત્ત્વ) એની સદાય સમીપમાં રહે છે.

**कायादि र्बहिरात्मा तदधिष्ठातान्तरात्मतामेति,**
**गतनिःशेषोपाधिः परमात्मा कीर्तित स्तज्ज्ञैः ॥२९१॥२१**

**અર્થ :** કાયા આદિ ઇંદ્રિયાદિ...બહિરાત્મા છે...કેમકે જીવ અજ્ઞાનદશામાં / મોહ દશામાં બહારના એવા / પરએવા કાયાદિ પદાર્થોને આત્મબુદ્ધિથી ગ્રહણ કરે છે.

કાયાનો અધિષ્ઠાતા એ અંતરાત્મા છે...જે કાયા વગેરે નો સાક્ષી છે...

અને કાય ઇંદ્રિય મન વગેરે સઘળી ઉપાધિથી મુક્ત એ...પર-માત્મા છે...

**विषयकषायावेशः तत्त्वाऽश्रध्धा गुणेषु च द्वेषः,**
**आत्माऽज्ञानं च यदा बाह्यात्मा स्यात् तदा व्यक्तः ॥२९२॥२२**

**અર્થ :** બહિરાત્માના લક્ષણો-જેમાં વિષય અનેકષાયનો આવેશ જણાય...જ્યાં...તત્ત્વ પ્રત્યે (૯ તત્ત્વો પ્રત્યે) ની અશ્રદ્ધા દેખાય જ્યાં ગુણો પ્રત્યે દ્વેષ દેખાય ને આત્મા વિષેનું અજ્ઞાન જ્યારે પ્રગટ થતું હોય ત્યારે બહિરાત્મા તરીકે એ...જીવ વ્યક્ત થાય છે.

तत्वश्रद्धा, ज्ञानं, महाव्रतान्यप्रमादपरता च,
मोहजयश्च यदा स्यात् तदान्तरात्मा भवेद् व्यक्तः ॥२९३॥२३

**અર્થ :** (અન્તરાત્માનું લક્ષણ) જેને તત્ત્વની શ્રદ્ધા હોય તત્ત્વનું જ્ઞાન હોય-મહાવ્રતોની પાલના હોય...અને અપ્રમાદમાં તત્પરતા હોય ને જ્યાં મોહને જય હોય ત્યાં...અન્તરાત્મા અભિવ્યક્ત થાય છે.

ज्ञानं केवलसंज्ञं योगनिरोधः समग्रंकर्महतिः,
सिद्धिनिवासश्च यदा परमात्मा स्यात्तदा व्यक्तः ॥२९४॥२४

**અર્થ :** (પરમાત્માનું લક્ષણ) જેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હોય (સયોગી કેવલી ગુણસ્થાનક) જેઓએ મનવચન કાયાના યોગનિરોધ કર્યો હોય (શૈલેશી) (અયોગી કેવલી ગુણસ્થાનક) જેઓના સર્વ=ઘાતી/અઘાતી કર્મનો ક્ષય થયો હોય ને જેઓ સિદ્ધશિલા પર શાશ્વત વાસને પ્રાપ્ત થયા હોય તેઓ... વ્યક્ત રૂપે પરમાત્મા છે...(જીવ માત્ર અવ્યક્તરૂપે તો પરમાત્મા છે જ કર્મક્ષય કરી કે ભવ્યાત્મા કેવલજ્ઞાની થઇ યોગનિરોધ કરી મુક્તિએ જાય છે. તે પ્રગટ રૂપે પરમાત્મા છે.)

**ध्येयोऽयं सेव्योऽयं कार्या भक्तिः सुकृतधियाऽस्यैव,**
**अस्मिन् गुरुत्वबुद्ध्या सुतरः संसारसिन्धु रपि ॥२९५॥२८**

**અર્થ :** આજ પરમાત્મ સ્વરુપ ધ્યાયવા યોગ્ય છે...સેવવા યોગ્ય છે. સુકૃત બુદ્ધિથી એમની જ ભક્તિ કરવા યોગ્ય છે...આવા પરમાત્મતત્ત્વમાં...ગુરુત્વ બુદ્ધિ એટલે પ્રભુનો મહત્ત્વનો જેને સ્વીકાર છે તેને સંસાર સાગર પણ સહેલાઇથી તરી જવાય છે.

(આવા પરમાત્મામાં લીન બ્રહ્મયોગીઓ પણ...ધ્યાતવ્ય સેવ્યને ભક્તિ કરવાને પાત્ર છે.)

**अवलंब्येच्छायोगं पूर्णाचाराऽसहिष्णवश्च वयम्,**
**भक्त्या परममुनीनां तदीयपदवी मनुसरामः ॥२९६॥२९**

**અર્થ :** પૂર્ણ આચારોને પાળવા (શાસ્ત્રયોગ પ્રમાણે) અસમર્થ એવા અમે...ઇચ્છાયોગને અવલંબીને...એટલે કે એ પૂર્ણ આચાર પાળવાની ઇચ્છા ને ધરીને...પરમ મુનિઓ પ્રત્યેની ભક્તિ દ્વારા તેમના માર્ગને અનુસરીએ છીએ.

अल्पाऽपि यत्र यतना निर्दम्भा सा शुभानुबंधकरी,
अज्ञानविषव्ययकृद् विवेचनं चात्मभावानाम् ।।२९७।।३०

**અર્થ :** ઇચ્છાયોગની અંદર રહ્યા રહ્યા જે કાંઇપણ યતના છે = (આચારપાલના) તે જો દંભ વિનાની હોય તો તેનાથી પણ અવશ્ય શુભ પુણ્યનો અનુબંધ થાય છે. તો આ ઇચ્છાયોગમાં આત્મ ભાવોનો જે કાંઇ પણ વિશદ પ્રકાશ થાય છે. તે અજ્ઞાન રુપ વિષનો વ્યય કરનાર છે.

આ ઇચ્છાયોગમાં યત્કિંચિત્ પાલના થી શુભ અનુબંધ અને ચિત્તમાં આત્માના શુભ પરિણામના અવધારણથી અજ્ઞાનનો ક્ષય એમ બેય પ્રાપ્ત થાય છે.

सिद्धांतस्तदङ्गानां शास्त्राणा मस्तु परिचयः शक्त्या
परमालम्बनभूतो दर्शनपक्षोऽय मस्माकम् ।।२९८।।३१

**અર્થ :** સિદ્ધાન્ત અને એના અંગરૂપ શાસ્ત્રોનો પરિચય (જ્ઞાન)તો ભલે શક્તિ મુજબ અમારો હોય પણ...અમારી મુક્તિ તરફની પ્રગતિનું પરમ આલંબન રુપ તો આ અમારો દર્શન પક્ષ છે. એટલે કે પ્રભુને પ્રભુવચન / તત્ત્વોની શ્રદ્ધા જ છે.

विधिकथनं विधिरागो विधिमार्गस्थापनं विधीच्छूनाम्,
अविधिनिषेधश्चेति प्रवचनभक्तिः प्रसिद्धा नः ॥२९९॥३२

**અર્થ :** વિધિમાર્ગ કહેવો...વિધિ માર્ગ પર આંતરિક પ્રીતિ ભક્તિ રાખવી, વિધિના જિજ્ઞાસુને વિધિમાર્ગને સિદ્ધ કરી બતાડવો તથા અવિધિનો નિષેધ કરવો...આ જ અમારી પ્રસિદ્ધ પ્રવચન ભક્તિ છે...એજ અમારો દર્શનપક્ષ છે...(પ્રવચનાનુ-સારી જીવન જીવવા રુપ પ્રવચન ભક્તિ અમારી નથી.)

अध्यात्मभावनोज्ज्वलचेतोवृत्त्योचितं हि नः कृत्यम्,
पूर्णक्रियाभिलाष श्चेति द्वयमात्मशुद्धिकरम् ॥३००॥३३

**અર્થ :** અધ્યાત્મયોગ ને ભાવનાયોગ થી ઉજ્જવલ બનેલી ચિત્તવૃત્તિથી વિધિકથન વગેરે કૃત્યો અમારે માટે ઉચિત છે. (કેમકે ઇચ્છાયોગ ને દર્શન પક્ષમાં પાલન યથાશક્તિ હોય છે બાકી અધ્યાત્મયોગ ને ભાવનાયોગ હોય છે) આ વિધિ કથન રુપ કૃત્ય ને સામર્થ્યયોગની પૂર્ણ ક્રિયાનો અભિલાષ એ બન્ને'ય આત્મની શુદ્ધિ કરનાર છે.

ટુંકમાં...જે શક્ય છે...એનો આરંભને અશક્યની અભિ-લાષા બંને આત્મ શુદ્ધિ કરનારી છે.

**द्वयमिह शुभानुबंधः शक्यारंभश्च शुद्धपक्षश्च,**
**अहितो विपर्ययः पुन रित्यनुभवसंगतः पंथाः ॥३०१॥३४**

**અર્થ :** અહિં...શક્યનો આરંભ કરવો...અને અશક્ય એવા પણ શુધ્ધ સંપૂર્ણ અનુષ્ઠાનના પક્ષપાતી બનવું. આ બન્ને'ય શુભ અનુબંધ બંધાવનારા તત્ત્વ છે. એનાથી વિપરીત શક્યનો પણ આરંભ ન કરવો ને અશક્ય શુધ્ધના પક્ષપાતી ન રહેવું...એ બન્ને ય વાત આત્મા માટે અહિતકર છે...આમ શક્યારંભ અશક્ય પણ શુધ્ધનો પક્ષ કરવો...એનાથી વિપરીત ન ચાલવું....એ મોક્ષ જવાનો અનુભવ સંગત માર્ગ છે.

હવે અધ્યાત્મની સાર ભૂત
કેટલીક અંતિમ વાતો...થી અધિકારની પૂર્ણતા કરાય છે...

**निन्द्यो न कोपि लोकः पापिष्ठेष्वपि भवस्थिति श्चिंत्या,**
**पूज्या गुणगरिमाढ्या धार्यो रागो गुणलवेऽपि ॥३०२॥३८**

**અર્થ :** ૧. જગતમાં...કોઇપણ વ્યક્તિની નિંદા ન કરવી.

૨. પાપીમાં પણ પાપી વ્યક્તિ પ્રત્યે...તિરસ્કાર ન કરતા ભવસ્થિતિ વિચારવી.

૩. ગુણીયલ વ્યક્તિને પૂજનીય માનવા.

૪. ગુણના નાના અંશથી પણ તેટલા અંશે રાગ ધરાવવો.

**निश्चित्यागमतत्त्वं तस्मादुत्सृज्य लोकसंज्ञा च,**
**श्रद्धाविवेकसारं यतितव्यं योगिना नित्यम् ॥३०३॥३९**

**અર્થ :** આગમના તત્ત્વો નો નિશ્ચય કરીને...લોક સંજ્ઞાને (લોકમાં માનપાન વગેરેની વૃત્તિ) છોડી...શ્રદ્ધાને વિવેકના સારવાળા સંયમમાં...યોગીએ હંમેશા પ્રયત્નશીલ રહેવું...

**ग्राह्यं हितमपि बालादालापै र्दुर्जनस्य न द्वेष्यम्,**
**त्यक्तव्या च पराशा पाशा इव संगमा ज्ञेयाः ॥३०४॥४०**

**અર્થ :** ૬. બાલક પાસેથી પણ હિતકર તત્ત્વ ગ્રહણ કરવું ૭. દુર્જનોના બકવાસ થી પણ દ્વેષ ન કરવો ૮. દેહથી માંડી સર્વ પરવસ્તુની આશા છોડી દેવી. ૯. સંયોગો...બંધન જેવા જાણવા...

स्तुत्या स्मयो न कार्यः कोपोऽपि च निन्दया जनैः कृतया,
सेव्या धर्माचार्या स्तत्वं जिज्ञासनीयं च ॥३०५॥४१

**અર્થ :** ૧૦. કોઇ આપણી પ્રશંસા કરે. તો ફુલાવું નહી. ૧૧. લોકો દ્વારા નિંદા કરાય તો પણ ગુસ્સો ન કરવો ૧૨ ધર્માચાર્યની સેવા કરવી ૧૩ તત્ત્વ જાણવાની ઇચ્છા રાખવી.

शौचं, स्थैर्य, मदम्भो, वैराग्यं चात्मनिग्रहः कार्यः,
दृश्या भवगतदोषा श्चिन्त्यं देहादिवैरुप्यम् ॥३०६॥४२

**અર્થ :** ૧૪ પવિત્રતા ધારણ કરવી, ૧૫ સ્થિરતા ધારણ કરવી ૧૫ નિર્દંભ બનવું..૧૭ વૈરાગ્ય ભરપુર રહેવું...૧૮ આત્માનો નિગ્રહ કરવો. ૧૯ સંસારના દોષો વિચારવા ૨૦ દેહ વગેરેની અશુચિ અનિત્યતાદિ ચિંતવવી.

भक्ति र्भगवति धार्या सेव्यो देशः सदा विविक्तश्च,
स्थातव्यं सम्यक्त्वे विश्वास्यो न प्रमादरिपुः ॥३०७॥४३

**અર્થ :** ૨૧. શુદ્ધ સ્વરુપી વીતરાગ ભગવાન પર ભક્તિ ધારણ કરવી ૨૨. હંમેશા વિવિક્ત દેશ = સ્ત્રી, પશુ, નપુંસક,

રહિત વસતિમાં રહેવું...૨૩. જિનવચનની શ્રદ્ધામાં સ્થિર રહેવું ૨૪. ક્યારે'ય પણ...પ્રમાદરુપી શત્રુનો વિશ્વાસ ન કરવો...

**ध्येयात्मबोधनिष्ठा सर्वत्रैवागमः पुरस्कार्यः,**
**त्यक्तव्याः कुविकल्पाः स्थेयं वृद्धानुवृत्या च ॥३०८॥४४**

**અર્થ :** ૨૫. આત્માનો બોધ = આત્મ સ્વરુપને સદા ધ્યાવવું ૨૬. સર્વત્ર-જિનાગમ=જિનાજ્ઞાને આગળ રાખવી. ૨૭-વિષય કષાયને વધારે...તેવા કુવિકલ્પોને...આર્તરૌદ્રધ્યાનના કારણ ભૂત કુવિકલ્પોનો ત્યાગ કરવો...૨૮ આપ્ત પુરુષો-વૃદ્ધ પુરુષો ને સદા અનુસરીને રહેવું...

**साक्षात्कार्यं तत्त्वं चिद्रुपानन्दमेदुरै र्भाव्यम्,**
**हितकारी ज्ञानवता मनुभववेद्यः प्रकारोऽयम् ॥३०९॥४५**

**અર્થ :** ૨૯ આત્મતત્ત્વનો સાક્ષાત્ કાર કરવો. ૩૦ જ્ઞાન-રુપી આનંદમાં...અથવા જ્ઞાનાનંદથી પુષ્ટ બનવું.

આમ આ ૩૦ મુદ્દા એ જ્ઞાનીઓના હિતકારી અનુભવ ગમ્ય પ્રકારો છે.

# સજ્જનસ્તુત્યધિકાર-૨૧

**येषां कैरवकुन्दवृन्दशशभृत् कर्पूरशुभ्रा गुणाः,**
**मालिन्यं व्यपनीय चेतसि नृणां वैशद्यमातन्वते,**
**सन्तः सन्तु मयि प्रसन्नमनस स्ते केऽपि गौणीकृत-,**
**स्वार्थामुख्यपरोपकारविधयो त्युच्छृंखलैः किं खलैः ॥३१०॥१**

**અર્થ :** જે સજ્જન પુરુષોના-શ્વેતકમલ જેવા, મોગરાના પુષ્પના ઝુંમખા સમા ચન્દ્ર અને કપૂર જેવા ઉજળા ઉજળા ગુણો...મનુષ્યના ચિત્તની મલિનતાને દૂર કરી. નિર્મળતા ને વિસ્તારે છે...અને...જેઓને સ્વાર્થ ગૌણ છે...અને પરોપકાર કરણ જ મુખ્ય છે. તેવા સજ્જન પુરુષો મારી ઉપર પ્રસન્ન મનવાળા બનો.

અત્યંત ઉચ્છૃંખલ એવા લુચ્ચા દુર્જન પુરુષોથી શું ? એમનાથી કંઇ ડરવાનું નથી ભલેને તેઓ અપ્રસન્ન રહે.

**नव्योऽस्माकं प्रबन्धो प्यनणुगुणभृतां सज्जनानां प्रभावाद्,**
**विख्यातः स्यादिति मे हितकरणविधौ प्रार्थनीया न किं नः,**

निष्णाता वा स्वतस्ते रविरुचय इवाम्भोरुहाणां गुणानां,
उल्लासेऽपेक्षणीयोन खलु पररुचेः क्वाऽपि तेषां स्वभावः॥३११॥१४

**અર્થ :** નવો સવો એવો પણ અમારો આ અધ્યાત્મસારનો પ્રબંધ સજ્જનો ના પ્રભાવથી જગતમાં વિખ્યાત થાય આવા અમારા હિતના હેતુથી શું...સજ્જનો ને અમારે પ્રાર્થના ન કરવી ?

અથવા પ્રાર્થના કરો કે ન કરો પણ જેમ સૂર્ય ના કિરણોં કમળની પ્રાર્થના વિના પણ કમળને ખીલવવામાં સ્વતઃ નિષ્ણાત છે તેમ સજ્જનો પણ પરજનની પ્રાર્થના વગર પણ અન્યના ગુણો ખીલવવા સ્વતઃ નિષ્ણાત હોય છે...કેમકે અન્ય વ્યક્તિ પોતાનું હિત કરવાની રુચિ વાળો છે. કે નહી તેવી પરરુચિની અપેક્ષા ન રાખનારો જ તેમનો કોઇક વિશિષ્ટ સ્વભાવ હોય છે.

यत्कीर्तिस्फूर्तिगानावहितसुरवधूवृन्दकोलाहलेन,
प्रक्षुब्धस्वर्गसिन्धोः पतितजलभरैः क्षालितः शैत्यमेति,
अश्रान्तभ्रान्तकान्तग्रहगणकिरणै स्तापवान् स्वर्णशैलो,
भ्राजन्ते ते मुनीन्द्रा नयविजयबुधाःसज्जनव्रातधुर्याः॥३११॥-१५

**અર્થ :** જે મહાપુરુષના કીર્તિના મહિમાના ગાનમાં દત્ત-ચિત્ત બનેલી દેવાંગનાઓના સમુહના કોલાહલથી ખળભળી ઉઠેલ સુરગંગાના પડતા જલના ધોધથી...

સતત (પોતાની આજુબાજુ) ભમતા ઝળહળતા ગ્રહ સમૂહ ના કિરણોથી બળબળતો સુવર્ણ મય મેરુપર્વત ન્હાઇ રહ્યો છે...ને ઠંડો થઇ રહ્યો છે તે સજ્જનોના સમૂહમાં શિરોમણિ સમા અમારા ગુરુદેવ મુનિ શ્રેષ્ઠ શ્રી નયવિજયજી વિબુધ શોભી રહ્યા છે.

**चक्रे प्रकरण मेतत् तत्पदसेवापरो यशोविजयः,**
**अध्यात्मधृतरुचीना मिदमानन्दावहं भवतु ।।३१२।।१६**

**અર્થ :** એ ગુરુવરના ચરણોની સેવામાં તત્પર **યશોવિજયે** (વાચક પ્રવરે) આ **અધ્યાત્મસાર પ્રકરણ** રચ્યું છે...જે આ પ્રકરણ અધ્યાત્મ માર્ગમાં રુચિ ધરનારા જીવોને આનંદ, પમાડનારૂં થાઓ...

SHUBHAY
Cell